સાયલન્સ પ્લીઝ!

ભાગ ૪

પળોના પડછાયા

ડૉ. આઈ. કે. વીજળીવાળા

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1



VISIT…

LANZAROTE Caliente.com

સાયલન્સ પ્લીઝ!

ભાગ ૪

પળોના પડછાયા

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ડૉ. આઈ. કે. વીજળીવાળા



JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પ્રસ્તાવના

'સાઈલન્સ પ્લીઝ' શ્રેણીનું આ ચોથું પુસ્તક 'પળોના પડછાયા' વાચકો સમક્ષ મૂકતા અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. આગળના ત્રણેય પુસ્તકોને વાચકોએ જે અદભુત આવકાર આપ્યો છે એના માટે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું.

આ બધી ઘટનાઓ મારી જિંદગીમાં બનેલી સાવ સાચી ઘટનાઓ છે. એ જે સમયે જેમ બની હતી એમ જ આલેખવાનો પ્રયાસ કર્યો છે. હા, અમુક જગ્યાએ કોઈક નામ જરૂર બદલ્યાં છે પરંતુ એ સિવાય સમગ્ર ઘટના જેમની તેમ જ નિરૂપી છે. આ બધી ઘટનાઓ લખવાનો ઉદ્દેશ ફક્ત જીવનની વિવિધતા અને સમયના અલગ અલગ સ્વરૂપ બતાવવાનો જ છે. કોઈ જાતનો ઉપદેશ મારું ધ્યેય નથી. છતાં કોઈને આ બધું વાંચવાથી ક્યારેક કાંઈક પ્રેરણા કે આગળ વધવાનું બળ મળે તો એ આનંદની વાત બની રહેશે. સમય બદલતો જ હોય છે અને એ વાસ્તવિકતા મેં હમેશા અનુભવી છે. એ વાસ્તવિકતાથી દરેક વાચકને પરિચિત કરાવવાની ઈચ્છા માત્ર છે. વીતેલી દરેક પળ આપણી ઉપર કોઈક અસર છોડતી હોય છે. પળો તો પસાર થઇ ગઈ હોય છે પરંતુ એની અસર એક પડછાયાની માફક આપણી સાથે થઇ જતી હોય છે. આપણે ક્ષણોના એ ઓળાઓને વરસો સુધી અદ્રશ્યરૂપે આપણા પડછાયાની માફક આપણી સાથે ચાલતા અનુભવી શકીએ છીએ. બસ. એવા જ કોઈક અહેસાસને અહી શબ્દદેહ આપવાનો પ્રયાસ કર્યો છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

વાસ્તવિકતા ઘણી વખત કલ્પના કરતાં પણ વધારે અચંબો પમાડે એવી હોય છે. જિંદગીની કેટલીય એવી ઘટનાઓ આપણને અચરજમાં નાખી દેતી હોય છે. કોઈ આઘાત પમાડી દે એવી હોય તો કોઈક વળી અંતરના તારને રણઝણાવી દે તેવી હોય છે. ક્યારેક શોકમગ્ન થઈને બેસી જવું પડે તો ક્યારેક આકાશના તારા હાથમાં આવી ગયા હોય એવી લાગણી થઇ આવે. મને પણ આ બધી વાતોમાંથી પસાર થતી વખતે આવી મિશ્ર લાગણી જ થઇ છે. છતાં આજે એવું લાગે છે કે એ દરેક ક્ષણે મને કાંઇક આપ્યું છે. કોઈએ અનુભવ, કોઈએ શાંતિ તો કોઈએ સબક. ઘણી બધી વખત એવું લાગ્યું છે કે આવું આપણી સાથે જ કેમ અને ક્યારેક એવું પણ લાગ્યું છે કે આવું સરસ આપણી સાથે કઈ રીતે?! બસ, એવા મિશ્ર ભાવોની સાથે વહેતા અને આગળ વધતા મને થયેલાં અનુભવોમાંથી થોડાક પ્રસંગો અહી વાચકો સાથે વહેંચું છું, આશા છે કે આપ સૌને એ ક્યાંક અસર કરે, ક્યાંક સ્પર્શે અને મારી જિંદગીની પળોના આ પડછાયા કોઈકના મનને ઘડીક છાંયડો આપે.

ડૉ. આઈ.કે.વીજળીવાળા

ભાવનગર

૧ ફેબ્રુઆરી ૨૦૧૫

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

Palona Padchhaya : Reminiscences

Collection of True Stories

Written by Dr. I. K. Vijaliwala

© Dr. I. K. Vijaliwala, 2015 June.

First Kindle Edition: June 2015

Publisher:

Dr. I. K. Vijaliwala, M. D. Pediatrics

Doctor House, Kalanala,

Bhavnagar 364001, Gujarat, India

Phone: +912782206051

Copyright © 2012 by Author Name or Publisher. All rights reserved worldwide. No part of this publication may be replicated, redistributed, or given away in any form without the prior written consent of the author/publisher or the terms relayed to you herein.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ નાના મોટા દરેક વ્યક્તિ વિશેષને

જેમણે

મને જિંદગીના માર્ગ પર ચાલવાની સમજણ આપી..

“Injustice anywhere is a threat to justice everywhere” – Martin Luther King, letter from jail, 1963

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

Contents

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

1. સમય જ સર્વેસર્વા!

૧૯૭૩ની એ સાંજ હતી.

ખોબા જેવડા અમરગઢ ગામનાં સ્ટાફ ક્વાર્ટર્સમાં દરેક જણના મનમાં એક અનેરો ઉત્સાહ હતો. અને હોય જ ને, અમરગઢ એટલે કે જિંથરી તરીકે ઓળખાતા એ ગામમાં આવેલી શ્રી કે. જે. મહેતા ટી.બી. હોસ્પિટલના સુપરીન્ટેન્ડન્ટ ડૉક્ટરની મોટી દીકરીનાં લગ્ન હતા. ગામની દરેકે દરેક વ્યકિતના મનમાં આ મહાન ડૉક્ટર પ્રત્યે એક અનન્ય લાગણી હતી.

અંતરિયાળ એ ગામડામાં આવેલી હોસ્પિટલમાં દિવસ-રાત સેવા આપતા બધા જ ડૉક્ટર પણ જિંથરી તરીકે ઓળખાતા એ ગામનાં સ્ટાફ ક્વાર્ટર્સમાં જ રહેતા. જો કે એ બધાને ડૉક્ટર કહેવા કરતાં ભેખ લીધાં વગરના ભેખધારી સંતો જ કહેવા પડે. ટંકશાળ પાડી શકે એવી ક્ષમતા અને કાર્યદક્ષતા હોવા છતાં એ બધા હજારો અરે! લાખો દર્દીઓની જિંદગી બચાવવા માટે ગામડામાં રહીને સેવા કરતા હતા. જાત ઘસીને ઉજળા દેખાતા એ મુઠ્ઠી ઊંચેરા ફરિશ્તાઓ અન્ય કાંઈ પણ અપેક્ષા વગર માનવતાના યજ્ઞમાં પોતાના જીવનનાં અમૂલ્ય વરસોની આહુતિ આપીને લોકોના જીવનમાં [illegible] પાથરતા હતા. એ લોકો ઇન્સાનિયતની જીવતી મશાલ જેવા હતા એમ કહું તો એમાં કાંઈ ખોટું નથી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અમરગઢ એટલે કે જિંથરી ગામ એમાં આવેલી કે. જે. મહેતા ટી.બી. હોસ્પિટલનાં કારણે સમગ્ર દેશમાં જાણીતું બની ગયું હતું. આજે તો એ ટી. બી. હોસ્પિટલ ભૂતકાળ બની ગઈ છે. પરંતુ એ વખતે એ હોસ્પિટલમાં કોઈ પણ સમયે લગભગ ૮૫૦ દર્દીઓ દાખલ રહેતા. હોસ્પિટલમાં એડ્મિશન મેળવવા માટે મહિનાઓનું વેઈટીગ લિસ્ટ રહેતું. માત્ર ૨૦૦૦ લોકોની વસ્તી ધરાવતા એ ગામમાં આવડી મોટી ટી.બી. હોસ્પિટલ સ્થાપવા પાછળનું મૂળ કારણ એની આબોહવા હતું. સાવ સૂકું વાતાવરણ ધરાવતા એ પથરાળ અને ડુંગરાળ વિસ્તારમાં ટી.બી.ની બીમારી બીજા ભેજવાળા વિસ્તારો કરતા જલદી કાબુમાં આવી જતી હતી. મોતના દરવાજા સુધી પહોંચી ગયેલા હજારો દર્દીઓ જાણે કોઈએ અમૃત પીવડાવી દીધું હોય એમ જિંથરી આવતાની સાથે જ સાજા થવા લાગતા. એના કારણે જ વખત જતા જિંથરી ગામનું નામ 'અમરગઢ' પડી ગયેલું.

એ સાંજે આવી એ હોસ્પિટલના ફરિશ્તા જેવા ડૉક્ટર શ્રી રસ્તોગી સાહેબની મોટી દીકરીના લગ્ન હતા. જાણે આ પ્રસંગથી કુદરત પણ ખુશખુશાલ

હોય તેમ એ દિવસની સાંજ કાંઈક વધારે ઉત્સાહભરી અને રોજ કરતા વધુ રળિયામણી બની ગઈ હતી.

સૌરાષ્ટ્રના ગામડાઓની એક ખાસિયત છે. કોઈનાં પણ ઘરનો પ્રસંગ હોય, એ લગ્ન હોય કે મરણ હોય, ગામના બધા હાથોહાથ બધું કામ ઉપાડી લે. સૌ નિસ્વાર્થભાવે મદદ કરે. જાણે પોતાના ઘરનો જ પ્રસંગ હોય એમ દરેક જણ કામમાં જોડાઇ જાય. સાવ સામાન્ય વ્યક્તિના પ્રસંગમાં પણ લોકો આમ હરખથી જોડાઇ જતા હોય તો એ દિવસે તો હોસ્પિટલના સર્વોચ્ચ હોદ્દા પર બિરાજમાન વ્યક્તિના ઘરનો પ્રસંગ હતો. પછી તો બધાનો હરખ બમણો હોય એ બહુ જ સ્વાભાવિક હતું.

મારી ઉંમર ત્યારે ૧૩ વરસની. આમ તો ડૉક્ટરની દીકરીના લગ્નમાં મારા જેવા સામાન્ય છાપાવાળાનાં દીકરાને જવાની કોઈજ જરૂર ન હોય (કે આમંત્રણ પણ ન હોય!) પણ મારા બાળપણના મિત્ર તુષારના આગ્રહથી એ સાંજે હું ત્યાજ રોકાઈ ગયેલો. જો કે મારું મન સતત ત્યાં રહેવાની નાં પાડતું હતું. આમેય ગરીબો પ્રત્યેના સમાજના વલણનો મને બહુ નાની ઉંમરથી પરિચય થઇ ગયેલો. એટલે હું ત્યાં વધારે વખત રોકાવા રાજી પણ નહોતો. છતાં તુષારનું મન રાખવા હું ત્યાં મંડપમાં ઊભો હતો. છતાં મારા શંકાશીલ મનનાં ઘોંચ-પરોણાથી કંટાળીને મેં તુષારને કહ્યું, ‘તુષાર! તું કહે છે કે રસ્તોગીસાહેબે સ્ટાફના દરેકને આમંત્રણ આપ્યું છે, પણ હું અને મારું કુટુંબ તો હોસ્પિટલ સાથે જોડાયેલા નથી. મારા બાપુજી તો ફક્ત અહી છાપા વેચવાનું કામ કરે છે. તો પછી મને તો આમંત્રણ ન જ કહેવાયને?’

‘અરે યાર! છાપા તો વેચે છે ને? જો તમે લોકો આ હોસ્પિટલ સાથે જોડાયેલા ન હો તો તને હોસ્પિટલ તરફથી ભણવા માટે ચોપડા કેમ મળે છે? તને હોસ્પિટલની સ્કુલવાનમાં આવવા-જવાની સગવડ કેમ અપાય છે? બસ, એ જ સાબિતી છે કે તમે આ સંસ્થા સાથે જોડાયેલા છો!’ તુષારે મારા ગળે ઊતરી જાય એવી દલીલ કરી. હું વિચારમાં પડી ગયો. એણે મારા ખભે હાથ મૂકીને કહ્યું, ‘બસ યાર! તું અત્યારે રોકાઈ જા! તું જો તો ખરો કેવો સરસ મંડપ છે અને કેવી સરસ લાઈટો ગોઠવેલી છે? આપણે બધા ડૉક્ટરનાં છોકરાઓ ખૂબ મજા કરીશું!’ પરંતુ હું ડૉક્ટરનો છોકરો નથી એ ખ્યાલ આવતાં જ એણે વાક્ય સુધારી લીધું કે, ‘ આપણે બધા ખૂબ મજા કરીશું!’

અને એના આગ્રહનાં કારણે હું રોકાઈ ગયો હોઉં કે એવા સરસ મંડપમાં રમવાનો મને પણ મોહ હોય, એ ખબર નથી, પણ હું રોકાઈ ગયો. જો કે મનમાં એક સંશય હજું એનું સ્થાન છોડતો નહોતો. આવા પ્રસંગોમાં કોનું મૂલ્ય

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

કઈ રીતે અંકાતું હોય છે એની મને નાનપણથી જ ખબર પડી ગયેલી. અને આમેય નવા નક્કોર કપડાં પહેરીને ફરતા લોકો વચ્ચે અનેક થીગડાં મારેલી ચડ્ડી અને એવું જ સાવ ઝળી ગયેલું શર્ટ પહેરીને ત્યાં ઊભાં રહેવામાં મને મજા કરતા શરમ વધારે આવતી હતી. પરંતુ સંપૂર્ણ સમજણની ઉંમરથી હજું જરાક નાના હોવાના કારણે જ હું કદાચ રોકાઈ ગયો હઈશ એવું બની શકે.

હું અને તુષાર મંડપમાં આગળ ગોઠવેલી ખુરશીઓ પર બેઠા. ઝાકમઝોળ લાઈટોનાં કારણે રાત છે કે દિવસ એની પણ ખબર ન પડે એટલો પ્રકાશ ચારે તરફ વેરાયેલો હતો. એ વખતે મંડપમાં અમે બધા બાળકો જ હતા. મહેમાનો તેમજ વયસ્કો હજુ સાવ ઓછાં હતાં. અમે બધા એ ઉંમર સહજ અલકમલકની વાતો કરી રહ્યા હતાં. છતાં મારું મન ખીલતું નહોતું. ડૉક્ટર્સનાં સંતાનો સરસ રીતે તૈયાર થયા હતા. એમણે બધાએ ભપકાદાર કપડાં પહેર્યાં હતા, જયારે હું તો મારા રોજનાં સાદા કપડાં પહેરીને જ બેઠો હતો. મને પોતાને જ જાણે હું કબૂતરના ટોળામાં કાગડો ભળી ગયો ન હોય એવો લાગતો હતો. બસ, એક હું જ થોડો શાંત બેઠો હતો. બાકી બધા ખૂબ હસી મજાક કરી રહ્યા હતા.

‘એય! તને કોણે અહિયાં આવવા દીધો?’ મારી પાછળથી અવાજ આવ્યો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ચમકીને મેં પાછળ જોયું. આમેય હું મારી ત્યાંની હાજરીથી સાશંક તો હતો જ. એટલે પાછળ જોતા પહેલાં જ એ વાક્ય મને ઉદ્દેશીને કહેવાયું છે એની મને જાણે કે ખાતરી જ હોય એમ હું ફર્યો. મારી બરાબર પાછળ હોસ્પિટલનો ચોકીદાર ઊભો હતો.

‘કોને? મને?’ ખબર હોવા છતાં મેં પૂછ્યું.

‘હા, તને!’ ચોકીદારે કહ્યું.

‘આ મારા ભાઈબંધ તુષારે કહેલું ને એટલે...’ હું થોથવાયો.

‘હા! મેં એને બોલાવ્યો છે!’ તુષારે મારી ભેર તાણી.

‘અરે! એ જે હોય તે! આવાને થોડા અહિયાં બેસવા દેવાય? આ ખુરશીઓ તો મહેમાનો અને તમારા જેવા ડૉક્ટરનાં બાળકો માટે છે. આ તો છાપાવાળાનો છોકરો છે. ચાલ એય! ઊઠ ખુરશીમાંથી! એ તારા માટે નથી.’ ચોકીદારે તુષારને જવાબ આપવાની સાથે મને પણ આદેશ સંભળાવી દીધો.

હું ઊભો થઇ ગયો. મારા પેટમાં શેરડો પડી ગયો. મારા બધા સમોવડિયા અને સારા ઘરના છોકરા-છોકરીઓ સામે જ ચોકીદારે મને આવા શબ્દો કહી દીધા હતા. પરંતુ એમાં એક રીતે જોઈએ તો એનો કાંઈ વાંક પણ નહોતો. એની

તો એ ફરજ હતી. એતો માત્ર એક ચિઠ્ઠીનો ચાકર હતો. એ એજ કરી રહ્યો હતો જે કરવાનું એને કહેવામાં આવ્યું હતું. મને એના પર જરા પણ ગુસ્સો નહોતો આવ્યો. પણ હા! રડવું જરૂર આવતું હતું. પરંતુ હું ત્યાં બધાની સામે રડવા નહોતો માંગતો. મને ગળે બરાબર ડૂમો બાઝી ગયો. કાંઈ પણ બોલ્યા વિના હું બહાર જવા માટે ઊભો થઇ ગયો. જો કે મારે નીકળી જ જવું જોઈએ. હું આમંત્રિતોમાં નહોતો એની મને ખાતરી થઇ ગઈ. થોડીક લાલચથી રોકાઈ જવાનું આવું પરિણામ પણ આવી શકે એ મારે પહેલાથી વિચારી રાખવું જોઈતું હતું.

સ્તબ્ધ થઇ ગયેલા મારા દોસ્તારો સાથે નજર પણ મેળવ્યા વિના હું મંડપમાંથી બહાર જવા ચાલવા લાગ્યો. તુષાર પણ કાંઈ બોલી ન શક્યો. મેં ફક્ત એકવાર એની સામે જોયું. મને રોકીને એણે ખોટું કર્યું હતું અને એ ક્ષણે એ મને કાંઈ મદદ નથી કરી શકતો એ બદલ દિલગીર હોવાનો ભાવ એની આંખોમાં સ્પષ્ટ વંચાતો હતો. હું મંડપનાં છેડે પહોંચ્યો એ વખતે જ પાછળથી ચોકીદારના શબ્દો સંભળાયા, ‘આવાને આવાં હાલી જ નીકળે છે!’ પછી તુષારને અને બીજા ડૉક્ટર સંતાનોને ઉદ્દેશીને એ બોલ્યો, ‘તમે બધા તમ-તમારે રમવાનું ચાલુ રાખો!’

હોસ્પિટલના સ્ટાફ ક્વાર્ટર્સથી મારું ઘર લગભગ પોણો કિલોમીટર દૂર હતું. એ આખા રસ્તે હું જરાય અવાજ ન થઇ જાય એ રીતે પેટ ભરીને રડ્યો હઈશ. ઉપરવાળાને કહેવાનું મન થતું હતું કે શું આવું જ ભાગ્ય લઈને હું જનમ્યો હતો? ગરીબોને બધા સરખી રીતે બોલાવે પણ નહિ? મને આમ તુચ્છકારથી કહેવાને બદલે એ માણસે સારી રીતે કહ્યું હોત તો પણ હું ત્યાંથી નીકળી જાત. પરંતુ ‘આવાને આવા હાલી જ નીકળે છે’ એવું એણે કહેવાની શી જરૂર હતી? શું એક ગરીબ તરીકે મારે કાયમ આવું જ સાંભળવું પડશે? એમાં ફેરફાર થશે ખરો? અરે! આવા આવા તો સેંકડો સવાલો મારા મનમાં એ વખતે ઘુમરાતા હતા. એ વિચારોમાં ઘર ક્યારે આવી ગયું એનો ખ્યાલ જ ન રહ્યો. ઘરે આવીને થોડું ઘણું જમીને હું એમ જ ભરચક ઉદાસીનતા સાથે સૂઈ ગયો.

*

૨૭મી મે, ૧૯૯૦.

ખોબા જેવડા અમરગઢ ગામનાં સ્ટાફ ક્વાર્ટર્સમાં દરેક જણના મનમાં એક અનેરો ઉત્સાહ હતો. અને હોય જ ને, પ્રસંગ જ એવો હતો કે બધા આનંદમાં જ હોય. એ દિવસે જિંથરી ટી.બી. હોસ્પિટલમાં રાજ્યકક્ષાની સોળમી ટી.બી. કોન્ફરન્સ હતી. ગુજરાતના લગભગ દરેકે દરેક જિલ્લામાંથી

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પ્રતિનિધિઓ આવ્યા હતા. એક નાનકડા ગામડામાં આવી રાજ્યકક્ષાની કોન્ફરન્સ હોય એટલે દરેકને ઉત્સાહ હોય જ એ સ્વાભાવિક હતું.

'નવરંગ' નામે ઓળખાતા બિલ્ડિંગમાં કોન્ફરન્સ રાખવામાં આવી હતી. આખાજ બિલ્ડિંગને સરસ રીતે શણગારવામાં આવ્યું હતું. સવારના સમયે નાનકડી ટેકરીઓનાં ખોળામાં બેઠેલું 'નવરંગ' કોઈ માતાએ લાડથી અને ખૂબ જહેમતથી તૈયાર કરેલા બાળક જેવું રૂપાળું લાગતું હતું.

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી સ્વ. શ્રી ચીમનભાઈ પટેલના હાથે એનું ઉદઘાટન કરવામાં આવ્યું. એ કોન્ફરન્સમાં મારે પણ એક પેપર રજુ કરવાનું હતું. એ વખતે હું બાજુનાં ભાવનગર શહેરમાં બાળરોગ નિષ્ણાત તરીકે પ્રાઇવેટ પ્રેક્ટિસ કરી રહ્યો હતો.

'બાળકોમાં ટી.બી.નું નિદાન: ૩૦૦૦ દર્દીઓના અભ્યાસનું તારણ' એ વિષય પર હું બોલ્યો પછી બપોરનાં ભોજનનો વિરામ હતો. જમ્યા પછી હું મુખ્ય હોલની બહાર ઊભાં કરાયેલા મંડપમાં એક ડૉક્ટર જોડે વાતો કરી રહ્યો હતો. લગભગ બધી ખુરશીઓ રોકાયેલી હતી એટલે અમે ઊભાં ઊભાં જ વાતો કરી રહ્યા હતા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'અરે! ડૉક્ટર સાહેબ! હવે ઊભા કેમ છો? તમને ઊભેલાં જોઇને જ હું આ ખુરશી લેતો આવ્યો છું. બેસો બેસો!' મારી પાછળથી અવાજ આવ્યો. ચમકીને હું પાછળ ફર્યો. જોયું તો આ તો એ જ ચોકીદાર! ૧૭ વરસ પહેલા જેણે મને ઊભો કર્યો હતો એ માણસ હવે મને બેસવાનું કહેતો હતો. એનામાં ઝાઝો ફરક નહોતો પડ્યો. બસ, એના વાળ થોડા સફેદ થયા હતા અને મારા વાળ થોડાંક ઓછાં થયા હતા!

પરંતુ, એના અવાજ સાથે જ ૧૭ વરસ પહેલાની એ ઘટના મારી નજર સામે આવીને ઊભી રહી ગઈ. આ એજ માણસ હતો જેણે એક વખત એક ભવ્ય મંડપમાં મને ખુરશી પરથી ઊભો કરી દીધો હતો. આજે એ જ માણસ મને ખુરશીમાં બેસવા માટે એવા જ એક ભવ્ય મંડપમાં આગ્રહ કરી રહ્યો હતો. બે ક્ષણ માટે હું જાણે કે શૂન્યમનસ્ક બની ગયો. ફક્ત સત્તર જ વરસમાં સમયે કેવો વણાંક લીધો હતો? ભાગ્યનું પાસું કેવી રીતે પલટી ગયું હતું? મારા માબાપનાં સખત પરિશ્રમ તેમજ દુવાઓ, મારી મહેનત અને ઈશ્વરની કૃપાએ સમયને પોતાની ચાલ બદલવા કેવો મજબૂર કરી દીધો હતો. મેડિકલનાં વરસોમાં કરેલ મહેનત અને ઉજાગરા કેવા લેખે લાગ્યા હતા? બદલાયેલી કિસ્મતની રેખાઓએ જાણેકે મારી સમગ્ર દુનિયા જ બદલી નાખી હતી.

'બેસોને સાહેબ! પાણી લાવું?' એણે પૂછ્યું.

મેં માથું હલાવીને હા પાડી. એણે મૂકેલ ખુરશી પર અધિકારના ભાવ સાથે હું બેસી ગયો. એ પાણી લઇ આવ્યો. પાણીનો ઘૂંટડો પીતાં પીતાં મેં એની સામે જોયું. એ મારી સામે જોઇને હસ્યો. હું પણ હસ્યો. મેં એનો ખુરશી લાવવા માટે અને પાણી માટે આભાર માન્યો. હું જોતો હતો અને વિચારતો હતો કે એ માણસ એનો એ જ હતો, થોડા સફેદ વાળ સિવાય બીજું કશું નહોતું બદલાયું. હું પણ એનો એ જ હતો. હા! મારા કપડાં જરૂર બદલાયાં હતાં. ફાટેલાં ચડ્ડી બુશકોટની જગ્યાએ થોડાં સારાં પેન્ટ-શર્ટ આવી ગયાં હતાં. પરંતુ ધરમૂળથી કાંઈ બદલાયું હોય તો એ હતો સમય! મારો સમય બદલાઈ ગયો હતો.

એ માણસ એની ફરજ પર પાછો ગયો. હું કાંઇ કેટલીયે વાર સુધી ત્યાંજ બેઠો બેઠો સમયનાં આ અદભુત ખેલને મનમાં ને મનમાં જ મમળાવતો રહ્યો. મને ગળા સુધી ખાતરી થઇ ગઈ કે જીવનમાં ક્યારેય નિરાશ ન જ થવું. સમય સર્વેસર્વા હોવા છતાં એ બદલાતો જરૂર હોય છે. બસ, એના બદલવાની ક્ષણ સુધી રાહ જોઇને હિંમત હાર્યા વિના મહેનતમાં મંડ્યા રહેવાની જરૂર હોય છે.

સૂરજ હવે જરાક નરમ પડ્યો હતો. કદાચ એકદમ રળિયામણી સાંજની શરૂઆત થશે એવું લાગતું હતું. હું એમ જ એ દ્રશ્યને માણતો રહ્યો. મારા મનમાં એક જાણીતા કવિ આદરણીય શ્રી નાઝીર દેખૈયા સાહેબની લખેલી એક પંક્તિ પડઘાતી હતી કે:

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ભલે આજે નહી તો કાલે મારું ભાગ્ય પલટાશે,

નિરાશાની હું રેખા ક્યાં સદાની લઈને આવ્યો છું?

***

2. કામનો માણસ !

કાયમ દુ:ખોનાં દળણાં દળનાર વ્યકિતને અચાનક લોટરી લાગે અને એના ઘરમાં જે વાતાવરણ સર્જાય એવું જ કાંઈક અમારાં ઘરમાં એ દિવસે બન્યું હતું. લગભગ કાયમ બાજરાના કે જુવારના રોટલા ખાનારાં અમે બધા પણ હવે દરેક ટંકે ઘઉંની રોટલીનો સ્વાદ માણવાના હકદાર બનીશું એવું લાગવા માંડ્યું હતું. કપરો કાળ અને કઠણાઈઓ હવે અમને છોડીને બીજે રહેવા જશે એવું લાગતું હતું. બે-પાંચ વરસમાં અમે હવે અત્યંત ગરીબ નહી કહેવાઈએ એવી આશાએ મનનાં ટોડલે માળો બાંધવાનું શરૂ કર્યું હતું.

વાત એમ હતી કે મારી સૌથી મોટી બહેન રોશનબેનને એસ.એસ.સી. પછી સણોસરા લોકભારતી અધ્યાપન મંદિરમાં પી.ટી.સી. (Primary

Teacher's Certificate) કોર્સમાં એડ્મિશન મળી ગયું હતું. બાપુજીએ ઘરમાં જેને રોપીને કારમી મજૂરી કરીને વરસો સુધી જતન કર્યું હતું એ ભણતર નામના છોડ પર હવે ફળ આવવાની શરૂઆત થવાની હતી. અમે સૌ જાણતા હતા કે જો મોટી બહેન ભણે અને નોકરીએ ચડે તો એની પાછળ પાછળ અમારાં સૌના ભાગ્યની સાંકળ પણ ખૂલવાની હતી.

એ વરસ હતું ૧૯૭૨નું. એ વરસે જ વેકેશનમાં પૂજ્ય ડોંગરેજી મહારાજની કથામાં 'પરમાર્થ' મેગેઝીન વેચવાથી અમને ઘણો ટેકો મળ્યો હતો અને એનો આનંદ તો હતો જ ત્યાં વેકેશન પૂરું થતાં જ આ બીજા આનંદના સમાચારે અમને સાચા અર્થમાં ઘેલા બનાવી દીધા હતા.

આવળ, બાવળ, બોરડી અને ઇન્ગોરીયાનાં વન વચ્ચે ઉછરેલા અમે સૌ હજાર અભાવોની વચ્ચે પણ દિલ ખોલીને હસી શકતા. ફક્ત બાજરાનો રોટલો અને ચટણી ખાઈને પણ અલક-મલકની વાતો માંડી શકતા. રાત પડે ત્યારે અમારા સાંકડા ઝૂંપડાના વિશાળ ફળિયામાં અમે માનસિક રાજાશાહીનો ઠાઠ ભોગવતા.

એ રાતે પણ અમે સૌએ મોડે સુધી 'મોટી બેનને નોકરી મળશે પછી આપણે પણ આમ રહીશું અને આમ કરીશું' એવા તડાકા માર્યા. બાપુજી મોટીબેનને બીજે દિવસે અમારા ગામ જિંથરીથી ૧૨ કિલોમીટર દૂર આવેલા સણોસરા ગામે અધ્યાપન મંદિરના છાત્રાલયમાં મૂકવા જવાના હતા એટલે મોટીબેન જોડે મોડે સુધી બધા વાતો કરતા જાગ્યા. સપનાંઓના મહેલો ચણીને બધા બરાબરના થાક્યા અને સૂવા પડ્યા ત્યારે મધરાતથી વધારે સમય થઇ ગયો હતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બીજા દિવસે લગભગ અગિયાર વાગ્યાની આસપાસ બાપુજી તેમજ મોટીબેન સણોસરા જવા ઘરેથી નીકળ્યા. બેનની ફીના તેમજ હોસ્ટેલમાં એડ્મિશનના એમ બધા થઈને ૩૦૦ રૂપિયા રેગ્ઝીનના એક નાનકડા અને સાવ સાદા પાકીટમાં મૂકીને બાપુજીએ પાકીટ ખિસ્સામાં મૂક્યું. એ ત્રણસો રૂપિયા એમણે કેટલાય જણ પાસેથી ઉછીના-પાછીના કરીને માંડ ભેગા કર્યાં હતા. નહીતર અમારા ઘરમાં તો આટલા રૂપિયા એકસાથે જોવા પણ ન મળે એવી અમારી એ વખતની પરિસ્થિતિ હતી.

અગિયાર વાગ્યે 'ભાવનગર – સણોસરા' બસ જિંથરીનાં બસ-સ્ટેન્ડ પરથી ઉપડતી. એ બસ છેક સણોસરાની અંદર લોકભારતી અધ્યાપન મંદિર (જે સણોસરાનાં મુખ્ય બસ-સ્ટેન્ડથી લગભગ બે કિલોમીટર જેટલું દૂર છે ત્યાં) સુધી જતી. બાપુજી અને મોટીબેન એમાં ચડ્યા. કંડકટરે ટિકિટનાં પૈસા માટે

હાથ લાંબો કર્યો. બાપુજીએ ટીકીટના પૈસા કાઢવા ખિસ્સામાં હાથ નાખ્યો અને એ ભેગા જ એ બેબાકળા થઇ ગયા. એમની રાડ્ય ફાટી ગઈ, 'અરે! કો'ક મારું ખિસ્સું કાપી ગયું!'

ઉપડું-ઉપડું થતી બસને કંડકટરે એક ઘંટડી વગાડીને ઊભી રખાવી. ચિતભ્રમ જેવા થઇ ગયેલા બાપુજી અને મોટીબેન બસમાંથી નીચે ઊતરી ગયા. ખિસ્સું કાપનારાએ સણોસરા સુધીની ટીકીટના પૈસા પણ નહોતા છોડ્યા એટલે બસમાં જાવું પણ કઈ રીતે? ઉપરાંત ફીના પૈસા તો જતા રહ્યા હતા, હવે ત્યાં જઈને કરવું પણ શું?

ઘરમાં માતમ છવાઈ ગયો. બા, મોટીબેન તથા આજુબાજુમાંથી આ સમાચાર સંભાળીને ખરખરો કરવા આવેલા બે-ચાર બહેનો રોતાં હતાં. બાપુજી માથે હાથ દઈને ફળિયામાં ગૂમસૂમ બેસી ગયા હતા. તળપદી કાઠીયાવાડી ભાષામાં એક કહેવત છે કે 'દુ:ખતે ઠેસ અને નબળે વેઠ!' એવું જ કાંઈક મારા બાપુજી સાથે બની રહ્યું હતું. તકલીફો અને આફતોનાં પહાડ નીચે માંડ માંડ શ્વાસ લેતા એ માણસની મુશ્કેલીઓ જાણેકે ઓછી લાગતી હોય એમ કુદરત એક પછી એક દુ:ખની ગાંસડી એમના ખભા પર ગોઠવ્યે જ જતી હતી. એક માણસ કેટલુંક દુ:ખ જીરવી શકે એ જાણેકે ઉપરવાળો મારા બાપુજી પર પ્રયોગ કરીને નક્કી કરવા ન માંગતો હોય! એમના પોતાના કાયમી તકિયાકલામ 'ઉપરવાળો જે કરે તે સારા માટે જ કરે!' એના પરથી એમને જ વિશ્વાસ ઊઠી ગયો હોય એવું એમનાં ચહેરા પર લીપાયેલ વ્યથા જોતાં લાગતું હતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ગામના લોકોને જેમ જેમ ખબર પડતી ગઈ એમ બધા સાંત્વના આપવા આવતા ગયા. સાંજના પાંચેક વાગ્યા સુધી આ ક્રમ ચાલ્યો. આ બધો સમય મારા બાપુજી શૂન્યમનસ્ક બનીને બેઠા જ રહ્યા હતા. માથું હલાવવા સિવાય ભાગ્યેજ કોઈ આવવાવાળા સાથે એમણે વધારે વાત કરી હોય તો. છેક સાંજે અમે બધાં એકલાં પડ્યાં. ઘરમાં કોઈ બોલતું નહોતું પણ 'હવે શું થશે?' એ પ્રશ્ન તો બધાની નજરમાં રમતો જ હતો. જો હવે એકાદ બે દિ'માં પૈસાની વ્યવસ્થા ન થાય તો મોટી બેનના આગળ ભણવાની વાત ત્યાં જ પૂરી થઇ જતી હતી. અને તો પછી અમારા બધા માટે પણ આગળ ભણવાનું શક્ય બને કે કેમ એ એક મોટો યક્ષ પ્રશ્ન બની જતો હતો.

સૂરજ આથમવાની વેળાએ અમારી વાડનો દક્ષિણ તરફનો ઝાંપો ખુલવાનો અવાજ આવ્યો. આખો દિવસ માણસો આવતા રહ્યા હતા એટલે કોઈએ એ તરફ જઈને જોવાની તસ્દી ન લીધી. બેચાર ક્ષણોમાં જ ઓસમાણભાઈ તરીકે જાણીતા એક ભાઈ અમારા ફળિયામાં આવી પહોંચ્યા.

ઓસમાણભાઈ જિંથરી હોસ્પિટલની ધર્મશાળાના બિલ્ડીગમાં સાયકલ રીપેરીગની દુકાન ચલાવતા હતા. એ વળી મારી બાની એક બહેનપણીના ભાઈ થતા હતા એટલે અમે એમને ઓસમાણમામા કહેતા. માણસ અત્યંત મહેનતુ અને નેક, પણ એની ઉઠક બેઠક અમુક એવાં તત્વો સાથે રહેતી કે ગામમાં બધા ઘણીવાર એને નકામો માણસ કહેતા.

‘આવો ભાઈ! આવો’ મારી બાએ એમને આવકાર્યા અને ફળિયામાં ખાટલો ઢાળીને બેસાડ્યા.

‘કાસમભાઈ! ખિસ્સું ક્યારે કપાણું?’ બેસતાં વેંત ઓસમાણભાઈએ પૂછ્યું.

‘સવારે, લગભગ અગિયાર વાગ્યે’ મારા બાપુજીએ જવાબ આપ્યો.

‘બસમાં ચડ્યા પછી કે પે’લા?’

‘ભાઈ! એની મને કાંઈ ખબર રહી નથી!’, બાપુજી બોલ્યા, ‘પણ બસમાં ચડતાં જ ખબર પડી એટલે એવું લાગે છે કે પહેલાં જ કપાયું હશે!’

‘હું.ઉં..ઉ..ઉ..!’ એટલું બોલી, મનમાં કાંઈક વિચારીને ઊભા થઇ ગયા. પાણી પણ ન પીધું અને કાંઈ બોલ્યા ચાલ્યા વગર ચાલતા થયા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ સાંજ અમારા માટે એક મનહૂસ સાંજ બનીને આવી હતી. આખો દિવસ આંસુ પી પીને પેટ એવું તો ભરાઈ ગયું હતું કે અન્નનો દાણો એમાં નાખવાની કોઈની ઈચ્છા નહોતી. પરંતુ ઘરડાં દાદાદાદી માટે અને બીજા કોઈને ઈચ્છા થાય તો એ પણ ખાઈ શકે એટલા આશયથી જ બાએ ચૂલો પેટાવ્યો હતો. બપોરે ન ખાવા છતાં સાંજે અમે કોઈ જમી ન શક્યા.

બીજો દિવસ પણ એવો જ નિસ્તેજ જણાતો હતો. દિવસ તો તેજથી જગારા મારતો હશે પરંતુ અમારી દૃષ્ટિ નિસ્તેજ બની ગઈ હતી. ઘણા બધા લોકોની આવનજાવનથી આગલો દિવસ ઝડપથી પસાર થઇ ગયો હતો. પણ આજનો દિવસ કોઈ વાતે જતો નહોતો. સુખમાં સડસડાટ પસાર થઈને આગળ ભાગતો સમય દુ:ખમાં સાવ ગોકળગાયની ગતિએ ચાલતો લાગે છે. અમને પણ એ દિવસ ખૂબ લાંબો લાગ્યો હતો. બાપુજી પણ સમય સામે ઝીક ઝીલતાં ઝીલતાં જાણે કે સાવ પરાસ્ત થઇ ગયા હોય એમ બેઠા હતા. ઘરમાં રોજના ખીખીયાટા અને ધીંગામસ્તીનું સ્થાન આજે સ્મશાનવત શાંતિએ લીધું હતું. એમ કરતા રાત તો માંડ પડી.

રાત્રે અચાનક ઓસમાણભાઈ પાછા આવ્યા. ગામ જેને ‘નકામો માણસ’ ગણતું હોય એવી વ્યક્તિ ઘરે આવે એ કોઈને ન જ ગમે. મારાં બાએ

ફક્ત 'આવો ભાઈ!' એટલું કહ્યું. અમારાં બધાના ચહેરા પર પણ અણગમો સ્પષ્ટ દેખાતો હતો. પરંતુ એ બધું જોયું ન જોયું કરીને (અથવા એને આવા ઠંડા આવકારાઓની ટેવ હશે, એ જે હોય તે) એ પાથરેલા ખાટલા પર મારા બાપુજીની બાજુમાં બેસી ગયા. ખિસ્સામાંથી ૨૮૫ રૂપિયા કાઢીને મારા બાપુજીના હાથમાં મૂકતા બોલ્યા, 'લ્યો! કાસમભાઈ! આ તમારી રકમ પાછી! તમે કાલે બોલ્યા એના પરથી મને તરતજ ખબર પડી ગયેલી કે આ કોનું કારસ્તાન હશે? આવા જાકુબીના ધંધા કરનાર બધાને હું જાણું છું. તમારે ત્યાંથી નીકળ્યા પછી કાલે રાતે જ હું સિહોર(તાલુકા મથક) પહોંચી ગયો હતો. જેણે ખિસ્સું કાપ્યું હતું એની પાસેથી આ પૈસા લઈને આજે જ આવ્યો. પણ, ઈ માદરબખત આમાંથી ૧૫ રૂપિયા વાપરી ગયો હતો. નકર પૂરેપૂરા પાછા લાવી દેત. અને તમે મારી દશા તો જાણો છો ને? નકર હુંય ૧૫ રૂપિયા ઉમેરીને આ દીકરીને આપી દેત. પણ....?' એ ભડ જેવો માણસ આગળ ન બોલી શક્યો. એના ગળે ડૂમો બાઝી ગયો.

આંખ લૂછીને એ માણસ તરત ઊભો થઇ ગયો. 'ચાલો કાસમભાઈ, બહેન! હું જાઉં!' એટલું માંડ માંડ બોલીને આજે પણ પાણીનો ઘૂંટડો પણ પીધા વગર એ માણસ ચાલતો થઇ ગયો. અમારી આંખમાંથી વરસતાં ચોધાર આસુઓ સામે નજર પણ નાખ્યાં વિના એ માણસ આંખો બંધ કરીને ચાલતો થયો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ફરિશ્તાઓ કેવા હશે એ તો મને નથી ખબર, પણ આજે સમજાય છે કે કદાચ એ આ ઓસમાણભાઈ જેવા જ હશે! અને બીજી એક વાત મને એ દિવસે બરાબર સમજાઈ ગઈ કે ગામ જેને 'નકામો માણસ' ગણતું હતું એ હકીકતે તો અત્યંત કામનો માણસ હતો. બીજાની તો ખબર નથી, પણ અમારા કુટુંબ માટે તો એણે એ સાબિત કરી દીધું હતું!

***

3. ભારાનો ભાર !

મારી થકવી દેતી ઓપીડી પૂરી થવામાં હતી. ૧૯૯૪ના વરસનાં ઉનાળાનો બપોર થયો હતો. મારે છેલ્લા બે દર્દી જોવાના બાકી હતા. લગભગ અઢી વાગવા આવ્યા હતા. મેં થોડાક કંટાળાના ભાવ સાથે મારા માણસને એક દર્દી મોકલવા કહ્યું.

'આવું સાહેબ?' એક આધેડ લાગતા બહેને બારણામાંથી જ પૂછ્યું.

'આવો બહેન!' મેં જવાબ આપ્યો.

એ બહેન અંદર આવ્યાં. તેર-ચૌદ વરસની દેખાતી એક દીકરી પણ એમની પાછળ પાછળ દાખલ થઇ. એ દીકરીએ આખું માથું ઢંકાઈ જાય એમ માથા પર સ્કાર્ફ બાંધેલો હતો. એ એકદમ દૂબળી-પાતળી હતી.

મને નવાઈ લાગી. એવા ધોમધખતા ઉનાળાનાં તાપમાં માણસ શરીર પર હોય એ કપડાં પણ ઓછા કરવા માંગતો હોય, એને બદલે આ દીકરીએ તો આખું માથું ઢંકાઈ જાય એમ સ્કાર્ફ બાંધ્યો હતો. એને ગરમી નહી થતી હોય એવા વિચારો કરતાં કરતાં મેં પૂછ્યું, ‘બોલો બહેન! શું થયું છે આ દીકરીને?’

‘સાહેબ! એના માથા પર ઘારું પડ્યું છે. અને પાછળના ભાગમાં ઊંદરી થઇ છે’ એટલું કહેતાં એમણે પેલી દીકરીના માથા પરથી સ્કાર્ફ હટાવી દીધો.

એ દીકરીના માથા પર પડેલા ઘામાં રસી થઇ ગઈ હતી. એના માથાના પાછળના ભાગમાં ઊંદરી નામે ઓળખાતો રોગ થયો હતો અને એના કારણે એને પાછળના થોડા થોડા ભાગમાંથી વાળ જતા રહ્યા હતા. પાક અને ઉંદરીની ભેગી અસરને લીધે એના માથામાંથી દુર્ગંધ પણ આવતી હતી.

‘કેવડી થઇ દીકરી?’ મેં પૂછ્યું.

’૧૪ વરસની’, માતાએ જવાબ આપ્યો.

‘ઉંદરી [1] તો ઠીક છે, પણ માથામાં આ ઘારું કઇ રીતે પડ્યું?’ મેં સવાલ કર્યો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘ભારા [2]-સારી સારીને (ઊંચકી ઊંચકીને)’ માતાએ જવાબ આપ્યો.

‘શેના ભારા?’ આ સવાલ પાછળનો મારો ઈરાદો એને શું વાગ્યું છે એ જાણવાનો હતો.

‘અરે સાહેબ! તમને શે’રના માણસોને મારે કેમ સમજાવવું કે શેના ભારા?’ માતા બોલી, ‘સાંઠીઓથી લઈને ગાંડા બાવળના કાંટાવાળા લાકડાના પણ ભારા હોય. ગામની સીમમાંથી એ બધું બાંધીને માથે મૂકીને ઠેઠ ઘર સુધી ઉપાડીને લાવવાનું. બાવળના ભારામાંથી થોડાક દિ’ પહેલાં એને એક કાંટો વાગી ગયો. ઈ એવો તો વરામણો (ખરાબ રીતે) વાગ્યો કે છોડીના માથામાંથી ફદડું કાઢી નાખ્યું. એક તો માથે કાળાકોપનો તડકો અને એમાં આવા વાગેલા ઘા હાર્યે ઈ સીમમાંથી ઘર્યે આવી. ઘામાં ધૂડય ને પરશેવો ભળ્યાં, એટલે પાક થઇ ગયો. પણ મારા બાપ! તમને આવા ટાઢા મશીન(એસી) હેઠે બેહવાવાળાને આ બધું ક્યાંથી સમજાય? તમને તો ભારા એટલે શું ઈ પણ નથી ખબર!’

મેં ઘડીક એ બહેનની સામે જોયું. 'તમને તો ભારા એટલે શું ઈ પણ નથી ખબર!' એ વાક્ય મારા મનમાં ઘૂમરાવા લાગ્યું. હું વિચારમાં પડી ગયો. ભૂલી ગયો કે હું ઓપીડીમાં બેઠો હતો. એ વાક્યની આસપાસ ગોળ ફરતું મન ક્યારે ૨૦ વરસ પાછળના એક ઉનાળામાં પહોંચી ગયું એનો મને ખ્યાલ પણ ન રહ્યો.

૧૯૭૪નું એ વરસ હતું. એ વરસ એટલે સમગ્ર ગુજરાત માટે તોફાનોનું અને યાતનાઓનું વરસ હતું પરંતુ વિદ્યાર્થીઓ માટે તો નિશાળની રજાઓનું વરસ જ હતું. નવનિર્માણ આંદોલને વિદ્યાર્થીઓના એ આખા વરસનો ભોગ લઇ લીધો હતો. આખી નિશાળના બધાજ વર્ગના બધાંજ બાળકોને પરીક્ષા લીધાં વિના ઉપલા ધોરણમાં મોકલવામાં આવે એવું તો મેં એ એકજ વાર જોયું છે. કદાચ કોઈ એ વરસે ભણ્યું જ નહોતું. અમે પણ નહોતા ભણ્યા!

આઠમા ધોરણનો એ એપ્રિલ મહિનો હતો. અમે બધા સાવ નવરાધૂપ હતા. નિશાળે તો જવાનું હતું નહી એટલે આયા ક્વાર્ટર્સ તરીકે ઓળખાતા વિસ્તારમાં વડલા નીચે બેસીને ગપ્પા મારવા એ જ અમારું કામ હતું. ગપ્પા મારવામાંથી કંટાળો આવે તો મોઈ-ડાંડિયા કે લખોટીઓથી રમતા. અને એમ જ સમય પસાર કરતા હતા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ વખતે અમારા ઘરમાં સૌથી વધારે નાણાભીંડ રહેતી. બા અને બાપુ બે છેડા ભેગા કરવા થાકી જવાય એટલી મહેનત કરતાં. બા વહેલી સવારે ઊઠી, અમારાં બધાં માટે ચા-ભાખરી બનાવીને પછી સીમમાં છાણ લેવા નીકળી જતાં. અમે ઊઠીએ એ વેળાએ તો બા ટોચ સુધી છાણનો સૂંડલો ભરીને આવી ગયાં હોય. એ પછી પાણી ભરવું, કપડાં ધોવાં, અમને તૈયાર કરી પછી રસોઈ કરવી અને નિશાળ ચાલુ હોય તો અમને બધાને નિશાળે સમયસર મોકલવા એ બધાં કામો બાને બરાબર શ્વાસ લેવાનો પણ સમય ન આપતાં.

એક દિવસ બાને માથેથી સૂંડલો ઉતારતાં પડેલી તકલીફ જોઇને મને થયું કે મારે પણ એમને મદદ કરવી જોઈએ. મારા ઘણા દોસ્તો બળતણના ભારા લેવા જતા હતા. મેં મારા બાળપણના મિત્ર ભોપાલને વાત કરી કે મારે પણ ભારા લેવા આવવું છે. મને સાથે લઈ જવા એ તૈયાર થઈ ગયો. ઘરેથી શણનો કોથળો, સિંદરી અને કુહાડી લઈને હું પણ એમની જોડે નીકળી પડ્યો. સાથે ટીનની બરણીમાં પાણી ભરી લીધું.

મારા બધા મિત્રોની સરખામણીમાં હું સાવ દૂબળો-પાતળો હતો. બાળપણના કુપોષણને કારણે ત્રેવડ પણ સાવ ઓછી. દોડવામાં ૧૦૦ મીટરની દોડમાં હું કાયમ નાપાસ થયો હતો. મારી શારીરિક ક્ષમતા જાણતો હોવા છતાં એ દિવસે હું ભારા લેવા જવાનું સાહસ ખેડવા તૈયાર થયો હતો. મારા દોસ્તો તો

ઘણા વખતથી આ કામ કરતા હતા. એમને તો ટેવ હતી. હું પ્રથમ વખત જતો હતો.

અમારા ગામથી લગભગ ચાર કિલોમીટર દૂર રેલવેના પાટાની પેલે પાર આવેલ સીમમાં અમે પહોંચ્યા. એપ્રિલ મહિનાનો માથું ફાડી નાખે એવો તડકો હતો. અમે બધા ભાઈબંધો ગાંડા બાવળના કાંટાની પરવા કર્યાં વિના લાકડાં ભેગાં કરવા મંડી પડ્યા. બપોરના અઢી વાગ્યે લગભગ અર્ધો ભારો જેટલા લાકડાં ભેગાં થયાં. એ પછી અમે સૌ થાક ખાવા બેઠા. તરસ પણ બરાબરની લાગી હતી. ટીનની બરણી ખોલીને મેં પાણીનો ઘૂંટડો ભર્યો. એપ્રિલનો કાળઝાળ તડકો અને બાવળનો તેતર છાંયો ટીનની બરણીને બે કલાક જેટલા સમયમાં પ્રેશર વગરનું કૂકર બનાવી ચૂક્યા હતા. મોઢું બળી જાય એવા ગરમ પાણીનો ઘૂંટડો મોઢામાં એમ જ રહી ગયો. થોડીવારે એને જેમતેમ ઠરવા દઈને પછી ગળે ઉતાર્યું. બીજો ઘૂંટડો પીવાની હિમત જ ન થઇ.

ફરીથી અમે કાંટાળા તીરખા ભેગા કરવા લાગ્યા. લગભગ સાડા ત્રણ વાગ્યે ભારો તૈયાર થઇ ગયો. કાથીની સીંદરીથી ભારો બરાબર બાંધીને અમે એકબીજાને માથે ચડાવ્યો. માથા પર કાંટા ન વાગે એ માટે અમે શણના કોથળાને ચાર વડો કરીને માથા પર મૂક્યો હતો. તેમ છતાં કાંટા તો થોડા વાગતાં જ હતાં. એ ઉપરાંત માથા પર ૫૫ કિલોથી વધારે વજન લેવાનો મારા માટે એ પહેલો પ્રસંગ હતો. મારી ડોકમાં કાંઈક થઇ જશે એવું લાગતું હતું. બધા ચાલવા માંડ્યા. હું બધાથી પાછળ રહી ગયો હતો. હું માંડ માંડ ચાલતો હતો. મારો શણનો કોથળો પાતળો હોવાથી મારા માથામાં કાંટા પણ ખૂંચી રહ્યા હતા. પરંતુ હમણાં ઘરે પહોંચી જવાશે એમ મનને મનાવતો હું ધીમે ધીમે ચાલી રહ્યો હતો. મારા ભાઈબંધો મારાથી સોએક મીટર આગળ નીકળી ગયા હતા. એ લોકો તો અનુભવી હતા, પરંતુ મારાથી કોઈ વાતે ઝડપથી ચલાતું જ નહોતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તકલીફોને એક ટેવ હોય છે. એ એકલી ભાગ્યે જ આવતી હોય છે. અચાનક મારું ચપ્પલ તૂટ્યું. આમેય ઘણી ખિલ્લીઓ તેમજ સાંધાઓના સહારે ટકેલાં મારાં ચપ્પલ મારાથી છૂટવાનો મોકો જ શોધતા હતા, અને આજે આ ખાડાખડિયાવાળા રસ્તા પર એક જ ઠેસે એક ચપ્પલને મારા પગથી મુક્ત કરી દીધું. હું ઊભો રહી ગયો. મારા ભાઈબંધોને બૂમ પાડી. એ લોકો ઊભાં તો રહ્યા પણ મારા ધીમા ચાલવાથી અકળાઈ ગયા હોય એવું લાગ્યું. મેં માથા પરનો ભારો ઉતાર્યો. તૂટેલા ચપ્પલની જોડને ભારાની ઉપર બાંધી. પછી ફરીથી ભારો માથા પર મૂકીને ઉઘાડા પગે ચાલવાનું શરૂ કર્યું. ઉનાળાની સાંજના ચાર વાગ્યે એ સળગતી જમીન પર ખુલ્લા પગે અને માથે મણનો ભારો લઈને હું ચાલી રહ્યો હતો. મારા પગ અતિશય બળતા હતા, માથે કાંટા સતત ખૂંચતા હતા, તરસથી

ગળું સૂકાતું હતું. મારી આંખોમાંથી શું કામ પાણી નીકળતું હતું એ મને સમજાતું નહોતું. મને રડવું આવતું હતું, પરંતુ મારી જેવડા જ ભાઈબંધો જોડે હોવાથી રડી પણ નહોતું શકાતું. એ લોકો તો ટેવાયેલા હોવાથી ખૂબ ઝડપથી ચાલતા હતા. હું લબડતો લબડતો લગભગ અર્ધો કિલોમીટર પાછળ રહી ગયો હતો.

અમારા ગામના વડીલ શ્રી ખેતુબાપુની વાડી પાસે હું પહોંચ્યો. એ વાડી ઘરથી લગભગ એક કિલોમીટર દૂર છે. મને હવે થોડી હિમત આવી. એવું લાગ્યું કે બસ, હવે તો થોડીવારમાં જ ઘર આવી જશે. મારા ઉઘાડા પગમાં થોડુંક જોર આવી ગયું. પણ હવે મારી બિન-અનુભવી ડોકની તકલીફ વધવા માંડી હતી. એવું થતું હતું કે વધારે વખત આ ભારાનો ભાર નહી ઊંચકી શકાય. મારા દોસ્તો હવે દેખાય નહી એટલા આગળ નીકળી ગયા હતા. મને ડોકમાં અસહ્ય પીડા થવા માંડી. એ વખતે જ પાછળથી ગાડું આવ્યું. હું બાજુમાં ખસી ગયો. પરંતુ અચાનક આટલા મોટા ભારા સાથે પાછળ ફરીને જોવાને લીધે મારી ડોકમાં કંઈક થઇ ગયું. ગાડું પસાર થયું એટલી વાર તો મેં માંડ માંડ ભારો પકડી રાખ્યો. ગાડું પસાર થયાં પછી મારા માથા પરથી ભારો નીચે પડી ગયો. હું ગાડાકેડાની બાજુમાં બેસી ગયો.

હું થોડીવાર એમજ બેઠો રહ્યો. સાંજ પડવા આવી હતી. મારી મદદે તો કોઈ આવે તેમ નહોતું. મારે પોતાને ઊભા થયા વિના છૂટકો જ નહોતો. હું ઊભો તો થયો પરંતુ એકલા હાથે ભારો માથે કઈ રીતે ચડાવવો? હું મૂંઝાયો. ભારો ચડાવે એવું કોઈ દેખાતું નહોતું. હારી થાકીને મેં ભારો ઢસડીને ચાલવાનું શરૂ કર્યું. પણ એ તો વળી વધારે તકલીફ વાળું કામ હતું. વાંકા વાંકા આવડો મોટો ભારો ઢસડીને ચાલવું એ તો ભારો માથે ઉપાડવા કરતાંય અઘરું હતું. હું સાવ નિરાશ થઇ ગયો હતો. બરાબર એ જ વખતે મારો ભાઈબંધ ભોપાલ પાછો આવતો દેખાયો. એણે આવીને મને ભારો ચડાવ્યો, હિમત આપી અને પછી આગળ ચાલ્યો. પાછળ પાછળ હું પણ ચાલ્યો. ઘરે પહોંચ્યો ત્યારે લગભગ સાડાસાત વાગી ગયા હતા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ સાંજે ઘાસલેટના દીવાના અજવાળે હું મારા બન્ને હાથ જોતો હતો. બંને હથેળીઓ સંખ્યાબંધ કાંટા વાગ્યાના નિશાનથી ભરાઈ ગઈ હતી. મારો ચહેરો પણ હું સાવ થાકીને લોથ થઇ ગયો છું એની ચાડી ખાઈ રહ્યો હતો. વાળું પીરસતાં મારાં બા બોલ્યાં, ‘ આજે તે ખૂબ સરસ કામ કર્યું ભાઈ! પણ ખબર પડીને કે ભારો લાવવો એટલે શું?’

હું બે ક્ષણ કાંઈ ન બોલ્યો. બા સામે જોતો રહ્યો. પછી મારા મોઢેથી નીકળી ગયું કે, ‘હા બા! આજે બરાબર સમજાઈ ગયું કે ભારો એટલે શું અને

ભારો લાવવો એટલેય શું?'

*

'અને ડોક્ટર સા'બ એને માથામાં દુખાવો પણ ખૂબ થાય છે!' પેલી છોકરીની મા બોલી. હું વીસ વરસ પહેલાનાં વિચારોમાંથી એક ઝાટકે બહાર આવી ગયો.

મેં એ દીકરીને તપાસી. પછી દવા લખી 'બધું જલદી મટી જશે' એમ કહી વિદાય કરી. માં દીકરી બહાર જવા માટે પાછા ફર્યાં. પણ એ બહાર જાય એ પહેલા જ હું બોલી ઊઠ્યો, 'અને હા બહેન! ભલે હવે હું ટાઢાં મશીનની નીચે બેસતો હોઉં, પણ મને બરાબર ખબર છે કે ભારો એટલે શું અને ભારો લાવવો એટલે પણ શું!'

એ બહેનના મો પર આશ્ચર્યની રેખાઓ આવી ગઈ. હું અચાનક પાછો ભારા અંગે શું કામ બોલ્યો એ એને ન સમજાયું. તો પણ માથું હલાવીને એ બંને બહાર ગયા. મેં પણ મારા એ દિવસોને વાગોળતાં વાગોળતાં છેલ્લા દર્દીને અંદર બોલાવવા માટે બેલ મારી!

**

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

(એ પછી તો લાગલગાટ બે વરસ સુધી એવા તડકે એનાથી પણ વધુ વજનવાળા ભારા હુ લાવતો. એ વખતે એની ટેવ પડી ગઈ હતી. નહોતા એ પછી કાંટા વાગતા કે નહોતો એનો ભાર લાગતો. એ કાળઝાળ તડકામાં ટીનની બરણીમાંથી ફળફળતું પાણી પણ હવે પી શકાતું હતું. એ પછી મેડિકલનું ભણતર, ડૉક્ટર તરીકેની કારકિર્દીની શરૂઆત, પંખાવાળી ચેમ્બરની જગ્યાએ એર કંડીશન ધરાવતી ચેમ્બર વગેરે ફેરફારો થતા ગયા, પરંતુ ભારો એટલે શું અને ભારો લાવવો એટલે શું એ ક્યારેય ન ભુલાયું તે ન જ ભુલાયું!)

***

4. શિક્ષા

મારું બાળપણ અનેક હાડમારીઓથી ભરેલું રહ્યું છે. કાળ, કરમ તેમજ કઠણાઈઓએ મારી કસોટીઓ લેવામાં કાંઈ બાકી નથી રાખ્યું. પરંતુ જેમ રણમાં ક્યારેક શીળી છાંયડી મળી આવે કે મીઠાં પાણીનો વીરડો જડી આવે અને જેવી શીતળતા થાય એવી શીતળતા આપતું મારા માટે પણ એક સ્થળ હતું. અને એ હતું: ગુરુકુળ હાઇસ્કૂલ સોનગઢ! મારી શાળા. મારી વહાલી નિશાળ.

આ નિશાળમાં મેં પાંચથી બાર ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. એના કરતા એમ કહું કે આ નિશાળે મને ઘડ્યો હતો. મારામાં આત્મવિશ્વાસ પૂરવાનું કામ ગુરુકુળ હાઇસ્કૂલે કર્યું હતું. નિશાળમાં પ્રથમ નંબરે આવવા માટે અમીર ઘરમાં પેદા થવાની જરૂર હોતી નથી પરંતુ ફક્ત કાબેલિયત સાબિત કરવાની જરૂર હોય છે તેમજ ક્યાં જન્મ્યા છો એ મહત્વનું નથી પણ શું કરી શકો છો એ મહત્વનું છે એની પ્રતીતિ મને આ શાળાએ કરાવી હતી.

એ વખતના એ ઋષિ સમાન ગુરુજનો, એ ભવ્ય બિલ્ડીગ, અદભુત વાતાવરણ, શાંત જગ્યા, ચારે તરફ ફેલાયેલ વિશાળ મેદાન, ઘડિયાળના કાંટે ચાલતું શિક્ષણકાર્ય અને અજોડ શિસ્ત! આજે પણ આ બધું મારા મનમાં જેમનું તેમ જ જડાયેલું છે. અમારાં સમયનાં શિક્ષકોમાં સૌથી મહાન શિક્ષક અને મુઠ્ઠી ઊંચેરા માનવી આચાર્ય સ્વ.શ્રી ભોથાભાઈ ગુરુજીનાં વિચારોની અસર આજે પણ મારા સમગ્ર જીવનમાં હું અનુભવી શકું છું. બસ, આ બધાની યાદ મારા મનમાં આજે પણ એવા સ્પંદનો પેદા કરી દે છે કે હું ફરી એકવાર એ જ વાતાવરણનો વિદ્યાર્થી બની જવા તરસી ઊઠું છું.

આ વાત ૧૯૭૫ના વરસની છે. એ વખતે હું નવમાં ધોરણમાં ભણતો હતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ દિવસે રવિવાર હતો. શનિવાર સાંજ તેમજ રવિવાર સવાર રખડવામાં ગાળી હતી. લેસન બધું બાકી હતું. હવે સાંજના થોડાક કલાકોમાં જ બધું લેસન પૂરું કરવાનું હતું. હું લેસન કરવા બેઠો. હિન્દી સિવાયના બાકીના વિષયોનું લેસન લગભગ પાંચ વાગ્યા સુધીમાં પૂરું થઇ ગયું. ફક્ત હિન્દીનું લેસન કરવાનું બાકી હતું. બરાબર એ જ વખતે મારો મિત્ર આવ્યો.

'વીજળીવાળા! ચાલ ક્રિકેટ રમવા આવવું છે?' એણે મારી સામે લાલચની લોલિપોપ ફેંકી.

'નાં યાર! હિન્દીનું લેસન કરવાનું બાકી છે.' મેં એને અડધી ઈચ્છા સાથે નાં પાડી.

'તમારું હિન્દી તો ગઢવી ગુરુજી લે છે ને?' મારા મિત્રે પૂછ્યું.

'હા'

'અરે યાર! ગઢવી ગુરુજી તો ભાગ્યે જ લેસન ચેક કરે છે. તું ખાલી ખોટી ચિંતા કરે છે. મૂક પડતું ! ચાલ રમીએ ! ચાલ, બંધ કર નોટબૂક. સાચું કહું છું જલસા પડી જાશે!' મારો મિત્ર મારા મો પર છવાઈ ગયેલી ક્રિકેટ રમવાની ઈચ્છાને બરાબર વાંચી ગયો હતો.

'ખરેખર ગઢવી ગુરુજી લેસન નથી તપાસતા? પણ.. .. મારો તો અનુભવ છે કે એ હંમેશાં ચેક કરે જ છે. તું એવું કેમ કહે છે?' મેં મારી અવઢવ રજૂ કરી. જો કે મારું મન તો કહેતું જ હતું કે ગઢવી ગુરુજી એટલા નિયમિત શિક્ષક હતા કે એવું બને જ નહીં કે એ લેસન આપ્યા પછી ન તપાસે. મને પોતાનેય યાદ નહોતું કે એમણે ક્યારેય લેસન ન તપાસ્યું હોય. તો પણ હું મારા દોસ્તની વાતથી લલચાવા તો માંડ્યો હતો.

'અરે હા! પરમ દિવસે શુક્રવારે અમારા ક્લાસમાં જ એમણે લેસન નહોતું તપાસ્યું, બોલ ! એયને આખો પિરિયડ વાર્તા કહી હતી. અમને બધાને મજા પડી ગઈ હતી. એટલે જ કહું છું કે તું ખોટો બીવે છે. અને છતાં એવું હોય તો રાતે લેસન કરી નાખજે. પણ અત્યારે તો એક મેચ રમી જ લઈએ ! ચાલ હવે!' એ મારો પીછો છોડવા રાજી નહોતો, પરંતુ હું ધીમે ધીમે રમવા જવા માટે રાજી થવા માંડ્યો હતો. મને ખબર હતી કે એ ગપ્પા મારે છે, તો પણ હું હવે પીગળી રહ્યો હતો. જો કે મારું મન તો મને સતત ના જ પાડતું હતું. અને એ કારણથી જ હું એને નાં પાડી રહ્યો હતો. થોડો વખત એમ આવી રકજકમાં પસાર થયો.

પરંતુ કહે છે ને કે ધાર્યું તો ધણીનું જ થાય! JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1 બરાબર એ મુજબ હું જે વાતથી બીતો હતો એ બનીને જ રહ્યું. રમવાની લાલચનું જોર મને લેસન પડતું મુકાવીને ગ્રાઉન્ડમાં લઇ જ ગયું. થોડી જ વારમાં બધું ભૂલીને હું બેટ અને દડામાં ખોવાઈ ગયો. એ રાતે પણ હિન્દીનું લેસન બાકી છે એવું યાદ ન આવ્યું. એવુજ સવારે પણ બન્યું. સવારે મને એકાદ કલાકનો સમય મળેલો, પરંતુ એ વખતેય યાદ ન આવ્યું. છેક નિશાળે જતી વેળાએ દફ્તર (સ્કૂલબેગ) ભરતો હતો ત્યારે હિન્દીની ચોપડી અને નોટ ગોઠવતી વખતે મને યાદ આવ્યું કે લેસન તો બાકી જ રહી ગયું હતું! હવે? ધ્રાસ્કો તો જોરદાર પડ્યો પણ ત્યારે તો ખૂબ મોડું થઇ ગયું હતું. હવે કાંઈ થઇ શકે તેમ નહોતું. નિશાળે એમ જ ગયા સિવાય હવે છૂટકો જ નહોતો.

ગઢવી ગુરુજીનો પિરિયડ (તાસ) બે વાગ્યે પડતી મોટી રિસેસ પછી હતો. રિસેસમાં આગલા દિવસે મને લલચાવનાર પેલો મિત્ર મળી ગયો. મેં એની પાસે મારી ચિંતા ફરીથી વ્યક્ત કરી. મારા મિત્રે મને ફરી એક વાર હિંમત આપી. છતાં મારી ચિંતા ઓછી નહોતી થતી.

મોટી રિસેસ પૂરી થઇ. ગઢવી ગુરુજીનો તાસ શરૂ થયો. ગઢવી ગુરુજી ખૂબ હસમુખા શિક્ષક હતા. આવતા વેંત એમણે પૂછ્યું કે, 'બાળકો! શનિ-રવીની રજામાં બધાએ મજા કરી?'

અમે બધાએ હા પાડી, ‘હા..આ...આ..!’

‘બહુ સરસ! ચાલો! તમે બધા ખુશ રહો એ તો મને ગમે! અને આમેય રજાઓ તો આપણને અઠવાડિયાના કામમાંથી હળવા કરવા માટે જ હોય છે. એમાં તો મજા કરવી જ જોઈએ.’ ગઢવી ગુરુજીએ કહ્યું. પછી પૂછ્યું, ‘તો બાળકો! મજાની જોડાજોડ તમારું લેસનનું કામ પણ કર્યું જ હશે, ખરુંને?’

આ વખતે કોઈ કાંઈ ન બોલ્યું. આખો ક્લાસ ચૂપ થઇ ગયો. મને ફાળ પડી. મને થયું કે કોઈ કેમ ન બોલ્યું? પૂરા ક્લાસમાંથી કોઈ કરતાં કોઈ લેસન ન કરે એવું તો કાંઈ બને? પરંતુ ખરેખર એવું જ બન્યું હતું.

‘અરે!’ ગઢવી ગુરુજી બોલ્યા, ‘આ તો નવાઈ કહેવાય! મજા કરવામાં બધાએ હા પાડી, પણ લેસન કરવાનું પૂછ્યું તો કોઈ કેમ ન બોલ્યું?’

અમે બધા ચૂપ જ રહ્યા. ગઢવી ગુરુજી વિચારમાં પડી ગયા. થોડી વાર એ એમ જ ઊભા રહ્યા. પછી કાંઈક વિચાર્યું અને છેલ્લી બેંચ સુધી ગયા. અને ત્યાં પહોંચીને છેલ્લી બેંચ પર બેઠેલા વિદ્યાર્થીઓ પાસેથી લેસન માગ્યું. એ બેંચ પર બેઠેલા ત્રણેમાંથી એકેય જણે લેસન નહોતું કર્યું. ગઢવી ગુરુજીને થોડોક ગુસ્સો આવી ગયો હોય એવું લાગ્યું. એમણે એ ત્રણેય વિદ્યાર્થીઓને બેસવાની પાટલી પર ઊભા થઇ જવા કહ્યું. બીજી બેંચ પર એ જ ઘટનાનું પુનરાવર્તન થયું. એ ત્રણેય વિદ્યાર્થીઓ પણ પાટલી પર ઊભા રહી ગયા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘હમ..મ..મ..! લાગે છે કે આજે મારે બધાનું લેસન ચેક કરવું પડશે. જેણે લેસન નહી કર્યું હોય એણે બેંચ પર ઊભાં થવાનું અને હથેળીમાં ડસ્ટર ખાવાની તૈયારી રાખવાની. તમે રમો, મજા કરો, અરે! ખૂબ મોજ મસ્તી કરો, એ તમારો અધિકાર છે. પરંતુ સાથોસાથ એ વાત ક્યારેય ન ભૂલો કે તમે ભણો છો. તમારી જવાબદારીને જ ભૂલી જાઓ એવી બેદરકારી જરાય ચલાવી ન લેવાય. તમારામાંના મોટા ભાગના છોકરાઓ સામાન્ય કુટુંબમાંથી આવે છે. એમના માબાપ સામાન્ય પરિસ્થિતિ હોવા છતાં તકલીફો વેઠીને પણ એમણે ભણાવી રહ્યા છે. એ લોકોની મહેનતને તમે આમ વેડફો એ મને જરાય ગમતું નથી. તમારું બાળપણ જરૂર માણો, પરંતુ ઘર પ્રત્યે પણ તમારી કાંઈક ફરજ બને છે એ વાત તમારે ક્યારેય ભૂલવી ન જોઈએ.’

એ પછી તો આ ક્રમ એમ જ આગળ ચાલ્યો. જે વિદ્યાર્થિની પાસે ગુરુજી પહોંચે અને લેસનની નોટ માંગે એ પહેલા એ પોતાની મેળેજ બેંચ પર ઊભો થઇ જાય! હવે મને ખાતરી થઇ ગઈ હતી કે આખા ક્લાસમાંથી લગભગ કોઈએ લેસન નહોતું જ કર્યું. ધીમે ધીમે કરતા સૌથી આગળની હરોળ સુધી ગુરુજી આવી ગયા. મારા સમગ્ર અભ્યાસકાળ દરમિયાન હું હંમેશા સૌથી પહેલી

પાટલી પર જ બેસતો. એ દિવસે પણ હું પ્રથમ પાટલી પર જ બેઠેલો. ગુરુજીએ લેસન તપાસવાનું છેલ્લી બેંચથી શરૂ કરેલું એટલે અમારી બેંચ સુધી એ છેલ્લે જ પહોંચે તેમ હતું.

ગુરુજીએ મારી બાજુની બેંચવાળા બધાને ઊભાં કર્યાં. હવે ફક્ત અમારી બેંચ જ બાકી રહી હતી. ગઢવી ગુરુજી મારી પાટલી તરફ વળ્યા એ પહેલા આખા ક્લાસ તરફ જોઇને બોલ્યા, ‘ તમને બધાને શરમ આવવી જોઈએ. લગભગ આખા ક્લાસે લેસન નથી કર્યું! મને લાગે છે કે આજે હાથમાં ડસ્ટર મારવા કરતાં પણ વધારે કડક શિક્ષા કરવી પડશે. આજે તમને બધાને એવો સબક શીખવાડવો પડશે કે કોઈ દિવસ ન ભૂલો. એવું લાગે છે કે તમારે બધા લાટસાહેબોને જલસા કરવા છે! માબાપ બિચારા છો તૂટી જતા! તમને લોકોને તો કાંઈ પડી જ નથી. હું વિચારું છું કે હું તમને એવી કાંઈક શિક્ષા કરું કે તમે સૌ મને અને મારી કરેલી શિક્ષાને જિંદગીભર યાદ રાખો! અને આમેય તમે બધા એ લાગના પણ છો!’

બોલતી વખતે એમનો ચહેરો ગુસ્સાથી તપીને લાલ થઇ ગયો હતો, અવાજમાં રોષ હતો અને એમના હાથ થોડા કાંપતા હતા. અમારાં બધાના ચહેરાં લેવાઈ ગયા હતા. મનમાં ફફડાટ થઈ રહ્યો હતો. મારી બેંચ પર બેઠેલ ત્રણ જણ સિવાય બાકીનો એકેએક વિદ્યાર્થી બેંચ પર ઊભો હતો! દરેકને થતું હતું કે આજે આવી બન્યું!

બસ, હવે અમારાં માટે કસોટીની ઘડી આવી પહોંચી. ગઢવી ગુરુજી અમારી બેંચ સામે આવીને ઊભાં રહ્યા. હું એમનો પ્રિય વિદ્યાર્થી હતો એવું મને ઘણી વખત લાગ્યું છે. મારી સામે આવતાંજ એમનો ગુસ્સો ઘટી ગયો હોય એવું લાગ્યું. એ મારી સામે જોઇને થોડુક હસ્યા. બીતાં બીતાં હું પણ હસ્યો. એમણે લેસનવાળી મારી નોટબૂક માંગવા હાથ લાંબો કર્યો. મારા સમગ્ર અંગમાં ભયનું એક લખલખું પસાર થઇ ગયું. એવી બીકથી નહી કે ગઢવી ગુરુજી ખૂબ ખતરનાક શિક્ષા કરશે પરંતુ એટલા માટે કે એવો પ્રસંગ મારી જિંદગીમાં પહેલવહેલો હતો. એવી પરિસ્થિતિનો અગાઉ ક્યારેય સામનો કર્યો ન હોવાથી મને ખૂબ ગભરાટ થઇ રહ્યો હતો.

અત્યંત ગભરાતાં અને થૂંકના ઘૂંટડા ગળતા હું બોલ્યો ‘ગુરુજી! માફ કરજો! મેં પણ લેસન નથી કર્યું! હું કાલે આખો દિવસ ક્રિકેટ રમ્યો છું. એટલે .. લેસન નથી થઇ શક્યું!’

આટલું તો હું માંડ માંડ બોલી શક્યો. મારા હાથપગ ધ્રુજતા હતા. મારા સમગ્ર વિદ્યાર્થી જીવનમાં એ પહેલો પ્રસંગ હતો કે મેં લેસન ન કર્યું હોય. એ

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

દિવસે મને સાચેસાચ ધરતી મારગ આપે તો સમાઈ જવાનું મન થતું હતું.

મારો જવાબ સાંભળીને ગુરુજી થોડીવાર માટે સ્થિર થઇ ગયા. બે ઘડી મારી સામે જ જોઈ રહ્યા. જાણે એમનાં માન્યામાં જ ન આવતું હોય અથવા તો એમણે કાંઈક ભળતું જ સાંભળી લીધું હોય એમ એ બોલ્યા, ' તેં લેસન નથી કર્યું? તેં ?' એમના પૂછવા પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું કે એમને ભયંકર આઘાત લાગ્યો છે.

'હા ગુરુજી! મેં પણ લેસન નથી કર્યું!' હું નીચી મૂંડીએ બોલ્યો.

'તું તો એકદમ નિયમિત વિદ્યાર્થી છો, તે પણ લેસન નથી કર્યું?' હજું પણ માન્યામાં ન આવતું હોય એમ ગુરુજીએ ફરીથી પૂછ્યું.

હવે મારામાં બોલવાની કે એમની સામે આંખ મિલાવવાની પણ તાકાત નહોતી. મેં ફક્ત નજર નીચી રાખીને માથું હલાવીને નાં પાડી.

'મારી સામે જો!' ગુરુજી બોલ્યા.

મેં અત્યંત શરમના ભાવ સાથે એમની સામે જોયું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

થોડી વાર સુધી ગઢવી ગુરુજી જેમ એક લાચાર બાપ પોતાના આડી લાઈને ચડી ગયેલા દીકરા સામે નિઃસહાય થઈને જુએ એમ મારી સામે તાકી રહ્યા. પછી બોલ્યા, 'તેં લેસન નથી કર્યું એ હું તો માની જ નથી શકતો. તું લેસન ન કરે એ તો નવાઈ કહેવાય!'

એ પછી મારી સામે કેટલીક ક્ષણો એમ જ જોતા રહ્યા. એમના ચહેરા પરથી એ કાંઈક ઊંડા વિચારમાં પડી ગયા હોય એવું લાગ્યું. મને થયું કે કદાચ અમને બધાને કઈ શિક્ષા કરવી એ વિચારતા હશે. પરંતુ થોડીવાર એ એમ જ વિચારતા રહ્યા. એ પછી અચાનક જ મને શિક્ષા રૂપે ઊભાં થવાનું કહેવાને બદલે એમણે આખા ક્લાસ તરફ ફરીને કહ્યું, 'બેસી જાઓ બધા! તમારી બધાની શિક્ષા કેન્સલ. વીજળીવાળાએ જો લેસન ન કર્યું હોય તો પછી તમને સૌને સજા કરવાનો કોઈ અર્થ જ નથી!'

આખો ક્લાસ નવાઈ પામતો બેસી ગયો. દરેક વિદ્યાર્થીના મો પર આશ્ચર્ય હતું.

ગઢવી ગુરુજી મારી સામે જોઇને બોલ્યા, 'દીકરા! તારા જેવો વિદ્યાર્થી લેસન ન કરે તો પછી મારે આ બધાને તો કાંઈ કહેવાનું રહેતું જ નથી! અત્યારે હવે મને ગુસ્સો નથી આવતો, બસ! એ વાતથી દુ:ખ થાય છે કે તારા જેવા વિદ્યાર્થીએ પણ લેસન નથી કર્યું! '

એ જ વખતે પિરિયડ પૂરો થવાનો બેલ વાગ્યો. એના પછીનો પિરિયડ ફ્રી હતો. આમ તો એ પિરિયડ અગાઉથી નક્કી થયા મુજબ ગઢવી ગુરુજી જ લેવાના હતા. પરંતુ જે કાંઈ બન્યું એનાથી વ્યથિત થઈને એ આગળ કાંઈ પણ બોલ્યા વિના ક્લાસ છોડીને જતા રહ્યા.

ગુરુજીના ગયા પછી અમારો આખો ક્લાસ ગેલમાં આવી ગયો. બધા ખુશ થઈને મારી પીઠ થાબડતા હતા કે, ‘દોસ્ત! આજે તે લેસન નહી કરીને અમને સૌને શિક્ષામાંથી બચાવી લીધાં!’

પણ જે કાંઈ ઘટના ઘટી એનાથી હું પોતે ખૂબ દુ:ખી થઇ ગયો હતો. ગઢવી ગુરુજી જેવા પ્રેમાળ શિક્ષકના વિશ્વાસને તોડ્યાનું દુ:ખ મારા મનમાં ચકરવાતની જેમ ઘુમરાતું હતું. છાતીમાં ભાર જેવું લાગતું હતું. જોર જોરથી રડવાનું મન થતું હતું. પણ રડવાનો યોગ એમ સહજ સાધ્ય હોત તો તો સારું જ હતુંને! પ્રયત્ન છતાં રડી પણ નહોતું શકાતું. અને બાકી બધા આટલા ખુશ હતા એવાં વખતે મારે મારા દુ:ખને કઈ રીતે વ્યક્ત કરવું એય મને નહોતું સમજાતું. આખો ક્લાસ એમ માનતો હતો કે આપણે બચી ગયા અને ગુરુજીએ શિક્ષા નથી કરી, પણ હું એકલો જ જાણતો હતો કે ગુરુજી મને કેવડી મોટી શિક્ષા કરી હતી તે! ‘તારા જેવો વિદ્યાર્થી લેસન ન કરે તો પછી મારે આ બધાને તો કાંઈ કહેવાનું રહેતું જ નથી’ એ શબ્દો શારડીની માફક વારંવાર મારા હૃદયની આરપાર નીકળી જતા હતા. કોઈને ખબર જ નહોતી પડી કે બહારથી એવો ને એવો જ દેખાતો હું ગુરુજીને લાગેલ આઘાતનાં વિચારથી જ મનોમન કેવો વીંધાઈ રહ્યો હતો. મારી દશા તો ચારણીથી પણ બદતર થઇ ગઈ હતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પાંચ વાગ્યે નિશાળનો સમય પૂરો થયા પછી ઘરે પહોંચ્યા પછી પણ ગઢવી ગુરુજીનાં શબ્દો તથા એમના ચહેરા પરના ભાવ હું ક્ષણ માટેય ભૂલી નહોતો શકતો. એકાદ વાર તો મને થયું કે આના કરતા તો ગુરુજીએ શારીરિક શિક્ષા કરી હોય તો સારું થાત. જો હાથમાં ડસ્ટર વાગ્યું હોત તો દસ જ મિનિટમાં ભૂલાઈ જાત, અને બીજા દિવસે યાદ પણ ન આવત. પરંતુ આ તો હૃદયમાં કોઈક એવી જગ્યાએ ગુરુજીના શબ્દો વાગી ગયા હતા કે જેની પીડા લગરીકેય ઓછી નહોતી થતી. હું રાત્રે જમીને ફાનસના અજવાળે મારું લેસન કરવા બેસી ગયો. પછીના દિવસે જે ભણવાનું હતું એ પણ વાંચી ગયો. કાંઈ બાકી નથી રહી જતું એ પણ જોઈ લીધું. એ પછી સૂવા પડ્યો ત્યારેય આદરણીય શ્રી ગઢવી ગુરુજીના શબ્દો મારા મનમાં પડઘાતા હતા કે, ‘આજના દિવસે તમને એવી શિક્ષા કરીશ કે તમે સૌ મને અને મારી કરેલી શિક્ષાને જિંદગીભર યાદ રાખશો!’

મને એવું લાગતું હતું કે બીજા કોઈની તો ખબર નહી, પણ એમણે મને તો કાંઈક એવી જ શિક્ષા કરી હતી. છટપટતા અને પડખાં ફરતાં એ રાતે મને ખૂબ મોડી ઊંઘ આવેલી. એટલું યાદ છે કે જ્યાં સુધી જાગ્યો હતો ત્યાં સુધી ગઢવી ગુરુજીનો ચહેરો જ મારી આંખ સામે તરવરતો હતો.

એ ઉંમરે આટલું બધું મનોમંથન ભાગ્યે જ કોઈ દિવસ કરવું પડ્યું હશે કે કર્યું હશે. વારંવાર મારું મન એ દિવસે બનેલી ઘટનાની આસપાસ ઘૂમરાતું હતું. ઊંઘ આવી ત્યાં સુધી હું અને મારું મન હવે પછી ક્યારેય આવું નહી જ બને એવો નિશ્ચય કરતા રહ્યા. અને એમ કરવું જ પડે તેમ હતું, કારણકે અમારાં ક્લાસને જે સજામાંથી મુક્તિ મળી ગઈ હતી, એ એક સામટી મને કરવામાં આવી હતી, અને એની પીડાથી હું તૂટીને ચૂર ચૂર થઇ ગયો હતો. અને મનોમન કહેતો હતો કે ઈશ્વર આવી સજા ભવિષ્યમાં કોઈને ન કરે, દુશ્મનને પણ નહી! *

(એ પછી મેં લેસન ન કર્યું હોય એવું ક્યારેય નહોતું બન્યું. હું હંમેશા તૈયાર જ હોઉં. આગળના ઘણા બધા પાઠનાં સવાલ જવાબ પણ તૈયાર હોય, વાંચી પણ લીધું હોય અને કોઈ પણ ગુરુજી પૂછે તો એમની નોટબૂક અપ-ટુ-ડેટ જ હોય! એ દિવસે ગઢવી ગુરુજીએ મને બરાબર શીખવાડ્યું હતુ કે કાંઈ પણ શિક્ષા ન કરીને પણ કેટલી મોટી શિક્ષા કરી શકાય! આવા મહાન ગુરુજનો જ આપણા જીવનની કડીને યોગ્ય રીતે કંડારી આપતા હશેને? એટલે જ કહ્યું હશેને કે : ગુરુર્બ્રહ્મા.. … ..)

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

***

5. દસમાંની પરીક્ષા વખતનો અનુભવ!

સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત ૧૯૭૬માં ન્યુ એસ. એસ. સી. તરીકે ઓળખાતા દસમાં ધોરણથી બોર્ડની પરીક્ષા લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બરાબર એ જ વરસે હું દસમાં ધોરણમાં આવ્યો હતો. એ વખતે હું ગુરુકુળ હાઇસ્કુલ સોનગઢમાં અભ્યાસ કરતો હતો. પ્રથમ વખત નવો અભ્યાસક્રમ તેમજ નવી અભ્યાસ પદ્ધતિ લાગુ પડી હોવાથી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ બંને કાંઈક નવો જ રોમાંચ અનુભવતા હતા.

એ અગાઉ ઓલ્ડ એસ.એસ.સી. તરીકે ઓળખાતાં અગિયારમાં ધોરણને સૌથી વધુ મહત્વ આપવામાં આવતું. મેટ્રિક તરીકે ઓળખાતાં એ વરસ પછી જ બધાનો જીવનમાર્ગ નક્કી થતો. પરંતુ ૧૯૭૬ પછી આ બધું સાવ બદલાઈ ગયું હતું. એ વરસ પછી ૧૧મું તેમજ ૧૨મું ધોરણ કરવાનું અને એ પછી

કારકિર્દીના વરસો શરુ થાય એવી પદ્ધતિ લાગુ કરવામાં આવી હતી. હા, ન્યુ એસ. એસ. સી. પછી દરેક વિદ્યાર્થી માટે વિજ્ઞાન, વાણિજ્ય કે વિનયન એ ત્રણમાંથી એક પ્રવાહ જરૂર નક્કી થઇ જતો હતો.

મને પણ ખબર હતી કે મારો જીવનમાર્ગ નક્કી કરવાનું વરસ પણ એ જ છે. એટલે હું ચોટલી બાંધીને મહેનત કરવા લાગી ગયો હતો. ૧૯૭૫નાં ૨૫ જૂનથી સ્વ. ઇન્દિરા ગાંધીએ ૨૦ મુદ્દાનો કાર્યક્રમ આપેલો. એમાંનો એક મુદ્દો હતો 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી'! બસ, એ મુદ્દો મારા મનની પાટી પર ઘાટા અક્ષરે જાણેકે કોતરાઈ જ ગયો હતો. બાળપણથી મનનાં એક ખૂણે વાવેલું ડૉક્ટર બનવાનું સપનું હવે આંખોને બદલે દૂર દૂર ક્ષિતિજ પર વાસ્તવિકતા બનીને ડોકિયું કરતુ હોય એવું લાગવા માંડ્યું હતું. દારુણ ગરીબીના માહોલ વચ્ચે આવા વિચારો પણ મનને આનંદથી અને બેવડી ધગશથી કામ કરવા માટે ચાલકબળ બની રહેતા હતા.

એ સમયે અમે જેને અમારું ઘર કહેતા હતા એ દસ ફૂટ બાય દસ ફૂટની માટીની દીવાલોવાળી અને લોખંડના પતરાઓથી ઢંકાયેલી એક ઝૂંપડી હતી. એટલી જગ્યામાં અમે નવ જણા રહેતા. વરસાદ કે અત્યંત ઠંડીના સમયને બાદ કરતા અમે બધા ફળિયામાં જ રહેતા (કે રહેવું પડતું!). એ વખતે રાત્રે ફાનસના અજવાળે જ વાંચવું પડતું. લાઈટ તો હું ડૉક્ટર બની ગયો અને મારી ઇન્ટર્નશિપ શરૂ થઇ ત્યારે છેક આવેલી. એટલે ઘાસલેટથી બળતા ફાનસ કે દીવાથી જ રાતે થોડું-ઘણું વંચાતું. દિવસે હું અમારાં ઘર ફરતે આવેલી થોરની વાડની આડશમાં શણનો કોથળો પાથરીને કે કાથીનો ખાટલો ઢાળીને એના પર બેસીને વાંચતો. એ વખતે સારું એ હતું કે આ બધી અસુવિધાઓ કે અગવડતાઓ મનને સ્પર્શતી પણ નહીં. અરે! એને અગવડતાઓ કહેવાય એવું ક્યારેય યાદ પણ નહોતું આવતું. કારણકે એનાથી વધારે સગવડતાઓ અમે ક્યારેય ભોગવી જ નહોતી, જો એ ભોગવી હોય તો ખબર પડેને કે આને અગવડતા કહેવાય!

પૂરી લગનથી મહેનત કરતા કરતા આખું વરસ ક્યાં પસાર થઈ ગયું એનો ખ્યાલ પણ ન રહ્યો. માર્ચ મહિનો નજીક આવી ગયો. પરીક્ષાને હવે ફક્ત ૧૫ દિવસની વાર હતી. મારો ઉત્સાહ બેવડાઇ ગયો હતો. 'કરેંગે ય મરેંગે'નું જનૂન મનમાં સવાર થઈ ગયું હતું. એક ક્ષણ પણ ખોટી ન વેડફાય એની હું તકેદારી રાખતો. મેં મહેનત ખૂબજ કરી હતી. આવનારા ૨૧ દિવસમાં આપણે ગુજરાતનાં હજારો વિદ્યાર્થીઓ વચ્ચે આપણી જાતને પૂરવાર કરવાની છે એ વાતની ગંભીરતાને હું બરાબર સમજતો હતો. પરંતુ આપણે ધારેલું બધું એમ જ થતું હોત કે બનતું હોત તો તો બીજું જોઈતું શું હતું?

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પહેલી માર્ચ ૧૯૭૬.

હું તૈયાર થઈને સવારે આઠ વાગ્યે વાંચવા બેસી ગયો. લગભગ નવ વાગ્યાની આસપાસ મને થોડીક ઠંડી ચડી. કાંઈક ઓઢવાનું મન થઇ આવે એવી ટાઢ લાગવાથી મને નવાઈ લાગી. આકરા શિયાળામાં પણ ઠંડી સામે વગર સ્વેટરે ઝીક ઝીલતાં મારા શરીરને ઓઢવાનું મન થઇ આવે એ જ મારા માટે સાવ નવું હતું. મેં વાંચવાનું થોડીવાર પડતું મૂક્યું. ટાઢને ગાંઠે જ નહી એવા મારા શરીરના આવા વર્તનથી મને થોડી ચિંતા પણ થઇ આવી. હું થોડીક વાર એમજ બેઠો રહ્યો. ઠંડી પણ થોડીવાર લાગીને પછી બંધ થઇ ગઈ.

બપોરે જમવા બેઠો અને પહેલો કોળિયો ભર્યો એની સાથે જ મારી રાડ ફાટી ગઈ. બંને ગાલમાં અને કાનની નીચે સહન ન કરી શકાય એવી પીડા થઇ આવી. બે-ચાર કોળિયા તો માંડ ખાઈ શક્યો. એ સાથે જ સવારે ચડી હતી એવી ટાઢ પાછી ચડી. એ સાથે જ તાવ ચડ્યો. આંખો લાલ થઇ ગઈ. બંને ગાલ પર સોજો આવી ગયો હતો. દવાખાને ગયો તો હોસ્પીટલના ડૉક્ટર સાહેબે ગાલપચોળું છે એવું નિદાન કરી આપ્યું. વાયરસથી થતાં એ રોગમાં તાવ ઉતારવાની દવા સિવાય અન્ય કોઈ દવાઓ લેવાની હોતી નથી. હું પણ પેરાસિટામોલની ટીકડીઓ લઈને ઘરે પાછો આવ્યો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ પછી તો ગાલપચોળામાં જે તકલીફો થાય એમાંની ઘણી બધી તકલીફો શરુ થઇ ગઈ. બંને ગાલ બરોબરના સોજી ગયા, હદ વટી જાય એવો તાવ આવવા લાગ્યો, મોઢું બિલકુલ સૂકાઈ ગયું, ખોરાક લેવાતો બંધ થઇ ગયો. કાળીજીરી લગાવવી કે રાફડાની માટી લગાવવી જેવા વ્યર્થ નુસ્ખાઓથી પીડા ઘટવાને બદલે વધી જતી હતી. રાતે ઊંઘ પણ ન આવતી. પાંચમાં દિવસની સાજે તાવ એટલો વધી ગયો કે મને એક વાર હળવી ખેંચ પણ આવી ગઈ. ઘરમાં બધાને ખૂબ જ ચિંતા થઇ આવી. પરંતુ આવા દરદમાં બીજું કરી પણ શું શકાય? દિવસો પસાર કરવા એ જ એમાં નીવડેલી દવા ગણાય છે. આ બધો ઘટનાક્રમ સાત દિવસ ચાલ્યો. આઠમાં દિવસથી બધું કુદરતી રીતે જ ઠીક થવા માંડ્યું.

નવમાં દિવસે મેં ફરીથી પરીક્ષાની તૈયારી શરૂ કરી. પરીક્ષાને હવે દોઢ અઠવાડિયું બાકી હતું. નબળાઈ ઘણી લાગતી હતી પરંતુ મનમાંથી પરીક્ષાનો ઉત્સાહ જરા પણ ઓછો નહોતો થયો. જાણે કાંઈજ બન્યું ન હોય એમ હું બધા વિષયોનું રીવિઝન (પુનરાવર્તન) કરવા માંડ્યો. મને લાગતું હતું કે હું બધું પૂરું કરી શકીશ. છેલ્લા દિવસોમાં જેટલા વિષયોનું કામ પૂરું કરવાનું હતું એ પણ થઇ જશે એવો મારા મનને પાકો વિશ્વાસ ઊભો થઇ ગયો હતો.

પરંતુ મને ખબર નહોતી કે મારે બોર્ડની પરીક્ષા સિવાય પણ બીજી ઘણી બધી પરીક્ષાઓ આપવાની હતી. પરીક્ષાના ત્રણ દિવસ પહેલા મને ફરીથી તાવ ચડ્યો. ગળામાં દુ:ખાવા સાથે જોરદાર શરદી શરૂ થઇ. ગલ્પાચોળા જેવા વાઇરસનાં ચેપ પછી ઘટી જતી રોગપ્રતિકારક શક્તિ ને કારણે આવું થતું હોય છે. મારી કઠણાઈ એ જ કે હું બોર્ડની પરીક્ષાને ત્રણ દિવસની વાર હતી ત્યારે જ આવી ભારે શરદીની ઝપટમાં આવી ગયો હતો.

અમારી હોસ્પીટલના ડૉક્ટરે મને તપાસીને ચિંતા વ્યક્ત કરી કે, 'છોકરા! તું બોર્ડની પરીક્ષા આપી શકીશ ખરો? તારું ગળું તો ખાસ્સું ખરાબ થયું છે. આટલા તાવમાં તું પરીક્ષા આપી શકીશ ખરો? પરમ દિવસથી તારી પરીક્ષા શરુ થાય છે ને?'

મેં માથું હલાવીને હા પાડી.

'આ લે, બેટા! તને ખૂબ શુભેચ્છાઓ! બને તો આરામ કરજે!' એમણે દવા આપતા કહ્યું. એમને પગે લાગીને હું ઘરે આવ્યો.

દવાઓ શરૂ કર્યા પછી બીજા દિવસથી શરદી થોડી હળવી પડી. પણ તાવ જરાકેય ઓછા થવાનું નામ જ નહોતો લેતો. દવા લીધા પછી ચારેક કલાક સારું લાગે અને પછી એમનું એમ જ. આવે એજ દિવસે બપોરે મારે ભાવનગર જવા નીકળવાનું હતું. શરીર તો નાં પાડતું હતું, પરંતુ મન બરાબર મક્કમ હતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પતરાની પેટીમાં ચોપડાં અને થોડાંક કપડાં નાખીને હું મારા બાપુજી જોડે બપોરે બે વાગ્યે નીકળી પડ્યો. ભાવનગરમાં વાઘાવાડી રોડ પર સેન્ટ્રલ સોલ્ટ સંસ્થાનની બરાબર સામે આવેલ એક બોર્ડિંગનાં મેનેજમેન્ટે મને પરીક્ષાના છ દિવસ ખૂબ જ ઓછા ભાડામાં રહેવા તેમજ જમવાની વ્યવસ્થા કરી આપી. બોર્ડિંગ તરફથી પલંગ તેમજ ગાદલું મળતું હતું પરંતુ ઑછાડ, ઓશિકું તેમજ ઓઢવા માટે ચાદર દરેક વિદ્યાર્થીએ પોતાના લાવવાના રહેતા. અમે તો એવું કાંઈ લાવ્યા નહોતા અને બજારમાંથી લાવવું પોસાય એમ નહોતું. બાપુજીએ મારી સામે નજર કરી, પરંતુ મને તો આ બધી બાબતો ક્યાંય નડે એમ નહોતી. અમે સમજણા થયા ત્યારથી ક્યારેય ગાદલા પર સૂવા મળ્યું જ નહોતું મળ્યું. બાએ જૂના સાડલાં કે જૂના કપડાના કકડાઓ ભેગા કરીને બનાવેલા ગોદડાં પર અમે હંમેશા સૂતા. એટલે ગાદલું તો મારા માટે મોટો વૈભવ હતો. અને આમેય જયારે કોઈ વ્યક્તિ ક્યારેય ગાદલા પર ક્યારેય સૂતી જ ન હોય અને એને જયારે ગાદલું મળે ત્યારે ઑછાડ હોય કે ન હોય એવી બાબત એના માટે ગૌણ બની જતી હોય છે. મારાં માટે પણ આ એવુજ કાંઈક હતું. ઉપરાંત એ માર્ચ મહિનો હતો અને ગરમી પણ ખાસ્સી પડવા લાગી હતી એટલે ઓઢવાની જરૂર

પડે એવું લાગતું જ નહોતું. અને ઓશિકાની જગ્યાએ ગડી વાળીને પાટલુન-બુશકોટ મૂકી દેવાથી એ પ્રશ્ન પણ પતી ગયો હતો. ટૂંકમાં હું એ વ્યવસ્થાથી જરા પણ વ્યથિત નહોતો, ઉલટાનું મને ભાવનગરમાં રહેવાની જગ્યા મળી ગઈ એ વાત જ અમારાં માટે બહુ મોટી હતી.

આ બધી ધમાલમાં સાંજના પાંચ વાગી ગયા. સાંજે પાંચ વાગ્યે હું અને મારા બાપુજી મારા પરીક્ષાનાં કેન્દ્ર પર મારો સીટ નંબર જોવા માટે ગયા. એક તો તાવ અને બીજો તડકો, એ બંને સહન કરતો હું બે કિલોમીટર માંડ ચાલી શક્યો. પરંતુ ચાલવા સિવાય અન્ય કોઈ વિકલ્પ પણ નહોતો! બાળપણથી જ બધે ચાલતા જવાની આદત હતી એટલે તકલીફ ચાલવાથી નહોતી પડતી, પરંતુ મારો તાવ મને હંફાવી દેતો હતો.

મારો સીટ નંબર માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલ નામની શાળામાં આવ્યો હતો. (એ શાળા સાથે મારે કાંઈક અજબ લેણાદેણી હતી. સાતમાં ધોરણની જીલ્લા પ્રતિભાશોધ સ્પર્ધા, દસમાની બોર્ડની પરીક્ષા તેમજ બારમાં ધોરણની પરીક્ષા એમ જિલ્લા કક્ષાએ આપવાની દરેક પરીક્ષામાં મારો નંબર આ શાળામાં જ આવ્યો હતો!). સીટ નંબર જોઈ લીધાં પછી મારા બાપુજી મને બોર્ડિંગ સુધી ચાલતા મૂકી ગયા અને ગામડે પાછા ગયા. એમના ગયા પછી હું મારા ઓછાડ વગરના ગાદલા પર વાંચવાં બેઠો. તાવ હજું ઉતર્યો નહોતો. શરદીને લીધે નાક પણ જાણે ઝરણું ફૂટી નીકળ્યું હોય એમ વહેતું હતું. બીજે દિવસે પ્રથમ પેપર ગુજરાતીનું હતું. વાંચી શકાય એટલું વાંચી, દવા લઈને હું સૂઈ ગયો.

સવારે આઠેક વાગ્યે હું ઊંઠ્યો. એક વાર ઊભો થઈને ફરી પાછો સૂઈ ગયો. એ સવારે તાવ આગલા દિવસ જેટલો જ હતો. શરદીનો પ્રવાહ જાણે મારા ઊઠવાની રાહ જોતો હોય એમ ફરીથી શરુ થઇ ગયો. માથું પણ હૃદય જાણે ખોપરીમાં ગોઠવાઈ ગયું હોય એમ લબકારા મારતું દુખતું હતું. પંદરેક મિનિટ એમજ પડી રહ્યા પછી હું મન મક્કમ કરીને ઊભો થયો. તૈયાર થઈને બોર્ડિંગની મેસમાં જમવા ગયો. નહોતું ભાવતું તો પણ બે-ચાર કોળિયા ગળે ઉતારીને રૂમ પર પાછો આવ્યો. પરીક્ષા માટે માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલ જવાની તૈયારી કરી. નાકમાંથી વહેતા નર્મદાની નહેર જેવા પ્રવાહને જોઇને બે હાથરૂમાલ જોડે લીધાં.

આ બધાં વચ્ચે મારી દશા જોઈ રહેલ મારા રૂમ પાર્ટનરે મને પૂછ્યું, ‘તારી આજે દસમાની બોર્ડની પરીક્ષા છે ને?’

મેં હા પાડી.

‘પણ, તને તો તાવ લાગે છે. તું પરીક્ષા આપી શકીશ?’ એણે પૂછ્યું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'હું પરીક્ષા તો આપી શકીશ પણ મારે અહીંથી માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલ કઈ રીતે જવું એ મને ખબર નથી. તમે મને સમજાવશો ખરા?' મેં એની સામે મારી તકલીફ રજુ કરી.

'જો! તું એક કામ કર,' એ વિદ્યાર્થીએ કહ્યું, 'તું અહી દરવાજા પાસેથી જ સીટી બસમાં બેસી જા, તારે યાદ રાખવાનું કે પહેલા ડોન આવશે, પછી ક્રેસન્ટ અને એ પછી હલુરિયા ચોક આવશે. તારે હલુરિયા ચોકની ટિકિટ લેવાની. એ તને ખૂબ સહેલું પડશે.'

'પણ,.. મારી પાસે ઝાઝા પૈસા નથી!' મેં પેટછૂટી વાત કરી દીધી.

'અરે યાર! એમાં વધી વધીને આઠ આના થશે! વધારે નહી થાય. પણ આટલા બધા તાવમાં ચાલતો ન જતો.' એણે કહ્યું.

મેં માથું હલાવીને સંમતિ આપી. બોર્ડિંગનાં દરવાજા પાસેથી જ સીટી બસ મળી ગઈ. હું બેઠો તો ખરો પણ હલુરિયા ચોકનું નામ ભૂલી ગયો. કંડકટર પાસેથી ટિકિટ લેતી વખતે ડોન એટલું યાદ આવ્યું. એટલે ગભરાટમાં ડોનની ટિકિટ લઇ લીધી. હું સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં એ પહેલા બેઠો હતો પરંતુ સીટી બસમાં પ્રથમ વખત બેઠો હતો. બસમાં બબ્બે દરવાજા જોઇને નવું લાગતું હતું અને સાથોસાથ ધડાધડ આવતા બસ-સ્ટેન્ડ અને ફટાફટ ચડતા-ઉતરતા મુસાફરોને જોઇને થોડોક ઉચાટ પણ થતો હતો. હું વારેવારે કંડકટરને પૂછી લેતો હતો. કંડકટર ભાઇનો સ્વભાવ ખૂબ સારો હતો. એણે એક પણ વડચકું ભર્યા વગર દરેક વખતે મને જવાબ આપ્યો હતો અને એવી ખાતરી પણ આપી હતી કે ડોન આવશે એટલે એ મને ત્યાં ઉતારી દેશે. પરંતુ દરેક સ્ટેન્ડે મારો જીવ થોડોક ઉચાટ તો તોય અનુભવતો.

છેવટે ડોન સ્ટેશન આવ્યું. બસ કંડકટરે મને ઉતરવા માટે ઈશારો કર્યો. હું બસમાંથી ઉતર્યો. ઉતરીને માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલ વિશે પૂછતા ખબર પડી કે હું બે સ્ટેશન વહેલો ઉતરી ગયો હતો. હવે તો એટલું અંતર પગપાળા કાપ્યા સિવાય છૂટકો નહોતો. તાવથી ભારે આંખો અને દુ:ખતા પગ સાથે મેં ચાલવાનું શરુ કર્યું. માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલ પહોંચીને હું એના ઊંચા ઓટલા પર થાક ખાવા બેઠો, એજ વખતે પરીક્ષાનો બેલ વાગ્યો.

હું મારા ખંડમાં પહોંચ્યો. ગુજરાતના ઇતિહાસમાં પ્રથમ વખત લેવાતી એ દસમાંના બોર્ડની પરીક્ષાનો એ પહેલો દિવસ હતો. મારે પ્રથમ પેપર ગુજરાતી વિષયનું હતું. અમારાં ખંડમાં નિરીક્ષક તરીકે આવેલા શિક્ષિકાબેને ખૂબજ સરળ ભાષામાં અમને સૌને પરીક્ષાલક્ષી સૂચનાઓ આપી. એમનો સ્વભાવ સારો હોય

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એવું લાગ્યું, કારણકે એમણે દરેક વિદ્યાર્થીના સવાલનો જવાબ જરા પણ ગુસ્સે થયા વિના આપ્યો હતો.

બધાને પેપર અપાઈ ગયા. મેં લખવાનું શરુ કર્યું. મને એકધારી છીંકો આવતી હતી. એ તો સારું હતું કે હું સૌથી આગળની બેંચ પર બેઠો હતો એટલે બીજા કોઈને તકલીફ પડવાનો સવાલ નહોતો, પરંતુ એકધારી આવતી છીંકો અને સતત વહેતા નાકને કારણે બરાબર લખી નહોતો શકતો. બાકીના બધા વિદ્યાર્થીઓ લખવામાં પડ્યા હતા, પરંતુ નિરીક્ષકબેનનું ધ્યાન મારી પર હતું.

'બેટા! તારી તબિયત તો ખૂબ જ ખરાબ લાગે છે, તું લખી તો શકીશને?' એમણે મારી પાસે આવીને પૂછ્યું.

મેં માથું હલાવીને હા પાડી.

'ખરું કહે છે ને બેટા? તું લખી શકીશને?' એ બહેને ફરી એક વાર એજ સવાલ પૂછ્યો.

મેં આ વખતે એમની સામે જોઇને હા પાડી અને કહ્યું કે, ' હા બે'ન ! હું લખી શકીશ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પરંતુ મારી લાલ થઇ ગયેલી તાવવાળી આંખો જોઇને હોય કે મારી સતત ચાલતી છીંકોને કારણે હોય, પરંતુ એમના ચહેરા પર થોડીક ચિંતા આવી ગઈ. મને નવાઈ લાગી. ગામડાના એક લઘરવઘર અને ગરીબ છોકરા માટે આવી અજાણી જગ્યાએ કોઈ હમદર્દી બતાવે એ વાત જ મારા માન્યામાં નહોતી આવતી. કદાચ એમને ચિંતા થઇ આવી હોય એવું મેં જ ધારી લીધું હોય!

મેં નીચું જોઇને લખવાનું શરુ રાખ્યું. મારો તાવ વધતો જતો હતો. એક રૂમાલ ભીનો થઇ જવાથી મેં એને મારી બાજુની ખાલી જગ્યામાં મૂકવી દીધો અને બીજા રૂમાલનો ઉપયોગ શરુ કર્યો. નિરીક્ષકબેનને ખાતરી થઈ ગઈ કે મારી તબિયત ખરેખર જોઈએ એવી સારી નહોતી જ. એ મારી પાસે આવ્યા. ફરે એકવાર મારી પીઠ પર હાથ મૂકીને બોલ્યા, ' દીકરા! તું કાંઈ દવા લાવ્યો છો? તને તો ખૂબ જ તાવ છે તારાથી ખરેખર લખી શકાય છે?'

ધોમધખતા તાપમાં કોઈ માથા પર શીળો છાંયડો ગોઠવી દે અને જે રાહત થાય એવી જ કાંઈક રાહત મારા તાવથી ધગતા શરીરને એ દિવસે વગર પોતા મૂક્યે થઇ ગઈ હતી. સાવ અજાણ્યા શહેરમાં કોઈ સગી માની જેમ વાત કરે ત્યારે કેટલી હિંમત મળે અને માંદા શરીરમાં પણ કેટલી તાકાત આવી જાય એ તો કોઈ મારી જગ્યાએ હોય તો જ સમજી શકે.

હું લખી શકીશ એવું મેં કહ્યું પરંતુ એ જવાબથી નિરીક્ષકબેનને સંતોષ થયો હોય એવું ન લાગ્યું. એ પોતાનું કામ પતાવીને મારી પાટલી પાસે આવીને ઊભા રહી ગયા. (ત્યારે નિરીક્ષકોને આજના જેટલું સતત કામ ન રહેતું). મેં સપ્લીમેન્ટરી માંગી. એમણે કહ્યું કે, 'દીકરા! તું તારું પેપર લખતો રહે. તારી બધી વિગત હું જ ભરી નાખીશ!' એટલું કહી એમણે મારી રિસિપ્ટમાંથી જોઇને મારી વિગત ભરી નાખી.

મને એનાથી ખૂબ જ રાહત થઇ. બેનનાં આવા નાનકડા ટેકાથી મારી તાવની પીડા સાવ નગણ્ય બની ગઈ. રૂમાલ ભીજવતાં ભીજવતાં હું લખતો રહ્યો, સપ્લીમેન્ટરી ભરતો રહ્યો. બેન મારી વિગત ભરતા ગયા, ક્યારેક મારા વાંસા પર હાથ ફેરવતાં ગયાં અને મને હિંમત આપતા ગયાં. મારો વધતો તાવ અને સણકા મારતો માથાનો દુ:ખાવો પણ એ બેનના સાંત્વના ભર્યા શબ્દો પાસે ઢીલા પડી ગયા. અનહદ શારીરિક તકલીફો વચ્ચે પણ જાણે મારી સગી માં મારી પાછળ ઊભી હોય એવો એહસાસ મને પૂરા ત્રણ કલાક સુધી એ બેને કરાવ્યો. રાજસ્થાનનાં ધગધગતા રણમાં એ જાણે ઘટાટોપ વડલો હોય એમ મને હૂંફનો છાંયડો દેતા રહ્યા. મને દરેક ક્ષણે એમ થતું હતું કે જો બેનનો ટેકો ન હોત તો મારે કદાચ અડધેથી જ એ પેપર છોડી દેવું પડત. પરંતુ મેં આગળ પણ લખ્યું છે એ મુજબ ઈશ્વર કે એવી કોઈ શક્તિને મેં ક્યારેય જોઈ નથી, પરંતુ મારી મુશ્કેલીના સમયે કોઈ ને કોઈ સ્વરૂપે એની હાજરી તો હમેશા અનુભવી જ છે. આ બેન પણ આજે મને ઈશ્વરના એવા જ કોઈ સ્વરૂપની પ્રતીતિ કરાવી ગયા હતા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પેપર પૂરું થયું. તાવ ખૂબ વધી ગયો હોય એવું મને લાગતું હતું. મને ઉલટી જેવું થતું હતું. ઊભાં થઈને મેં બેનને પેપર આપ્યું. એ મારી સામે જોઇને હસ્યા. નાનકડા ગામડામાં ઊછરેલ મારા જેવા વિદ્યાર્થીને 'થેન્કયુ' કે 'તમારો આભાર' એવા શબ્દો તો એ વખતે જીભે પણ ન ચડે એ સ્વાભાવિક છે. મેં ફક્ત હાથ જોડ્યા. 'દીકરા! તેં સરસ લખ્યું છે' એટલું જ એ બોલ્યા. હું ફરીથી એમને હાથ જોડીને બહાર નીકળ્યો.

તાવ સાથે મને થોડી થોડી ટાઢ પણ વાતી હતી. મેં જિંથરી હોસ્પિટલનાં ડૉક્ટરે આપેલી દવા લીધી. બીજા પેપર પહેલા મને થોડુંક સારું લાગવા માંડ્યું. એક કલાક પછી બીજું પેપર હતું. એ પેપર સાંજે છ વાગ્યે પૂરું થયું. એ પણ સારું ગયેલું એટલે મનમાં ને મનમાં રાજી થતો હું માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલમાંથી બહાર નીકળ્યો. સીટી બસ પકડીને પાછા કઈ રીતે જવું એ ખબર નહોતી અને સવારે થોડીક ગરબડ થઇ હતી એ યાદ કરીને મેં પાછા જવા માટે ચાલીને જવાનું જ પસંદ કર્યું.

હોસ્ટેલ પહોંચીને મેં ગુજરાતીનું પેપર ચેક કરવા લીધું. મારી જોડે મારા રૂમમાં એક કોલેજમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી હતો. મને પેપર ચેક કરતો જોઇને એણે પૂછ્યું, ‘ કેમ, કેટલા માર્ક આવશે એવું લાગે છે?’

‘લગભગ એંશી માર્ક આવશે!’ મેં જવાબ આપ્યો.

‘એંશી માર્ક? એલા ભાનમાં તો છોને?’ પેલા વિદ્યાર્થીએ ખડખડાટ હસતા કહ્યું, ‘પાર્ટનર! ગુજરાતીમાં કોઈ દિવસ પાંસઠથી વધારે માર્ક આવે જ નહી! તને ખબર નથી લાગતી!’ (એ સમયે ભાષામાં ખરેખર આટલા માર્ક આવતા જ નહી કે આપવામાં આવતા નહી)

‘પણ મને લાગે છે કે મારે એટલા જ આવશે!’ મેં પૂરા વિશ્વાસથી કહ્યું.

‘અરે યાર! કહ્યુંને કે એટલા ન આવે!’ એ અકળાઈ ગયો, ‘ત્યાં આપણી મમ્મી થોડી બેઠી હોય કે ગુજરાતી ભાષામાં આટલા બધા માર્ક આપે?’

એની અકળામણ જોઇને હું ચૂપ થઇ ગયો. હું મોટેથી કાંઈ બોલ્યો નહી પણ મનમાં ગણગણ્યો, ‘ ભલે માર્ક આપવા માટે ત્યાં મારી માં ન બેઠી હોય પણ આજે એની ખામી ન લાગવા દે એવી એક અજાણી માતાનો મને પરિચય જરૂર થયો હતો. અને મને ખાતરી છે કે એની થોડીક અમથી કાળજીથી જ મને તો ઘણો બધો ફરક પડ્યો છે!’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

કાંઈ પણ બોલ્યા વિના હું એ દિવસનો સમગ્ર ઘટનાક્રમ વાગોળતો ઘણીવાર સુધી ચૂપચાપ બેઠો રહ્યો. મને થયું કે જો દરેક શિક્ષક આવી જ સહાનુભૂતિથી જરૂરિયાતમંદ બાળક સાથે વર્તે તો ખાતરીથી કોઈ બાળક ક્યારેય હતાશ ન થાય અને કોઈ વિદ્યાર્થી ક્યારેય આપઘાત ન જ કરે. પરંતુ એવું બધું મારા રૂમ પાર્ટનરને સમજાવવાનો કોઈ અર્થ જ નહોતો.

મેં કાંઇ પણ બોલ્યા વિના એનાં તરફ જોયું. એ પોતાની નોટમાં કાંઈક લખી રહ્યો હતો. હું ઊભો થયો. ગુજરાતીનું પેપર ગડી વાળીને મેં મારી પતરાની પેટીમાં મૂક્યું. દવા લીધી. આગળના દિવસની તૈયારી કરી. અને એ પછી પેલા ફરિશ્તા જેવા બેનને મનોમન પ્રણામ કરીને કાંઈ પણ ખાધાપીધા વિના તાવના ઘેનમાં કોઈ ગજબની શાંતિથી સૂઈ ગયો!

*

(ન્યુ એસ.એસ.સી.માં ગુજરાતીના એ પેપરમાં મારે ૧૦૦માંથી ૮૨ માર્ક આવેલા અને હું સમગ્ર બોર્ડમાં ગુજરાતીમાં બીજા નંબરે આવેલો. મારો તાવ બીજા જ દિવસથી સાવ ઘટી ગયો હતો. બાકીના પેપર પણ ખૂબ સારા ગયેલાં.

એ વખતનું બીજું ઘણું બધું ભૂલી જવાયું છે પરંતુ પેલા નિરીક્ષક બહેને મારા મન પર મૂકેલ અમીટ છાપ આજ સુધી એમની એમ જ છે.)

***

6. વસમી સફર

'આપણા પેલા ડૉક્ટર મિત્રના દીકરાને મેડિકલમાં એડમિશન મળી ગયું?' ઘરમાં વાતમાંથી જ વાત નીકળી.

'હા, પણ ચીનની મેડિકલ કોલેજમાં મળ્યું છે!' મેં કોમ્પ્યુટર પર શહાબુદ્દીનભાઈની એક ક્લિપ જોતા જોતા જવાબ વાળ્યો.

'ચીનમાં? એવડો એ એકલો જશે કઈ રીતે?'

'એ એકલો નથી જવાનો. એના પપ્પા એની જોડે જવાના છે!' મેં મારી પ્રવૃત્તિ ચાલુ રાખતા કહ્યું.

'હાશ! તો તો સારું, આવડા અમથા બાળકને એકલા થોડું મોકલાય? બાળક જોડે કોઈક તો હોવું જ જોઈએ!'

ઘરમાં તો આટલી વાત થઈને અટકી ગઈ. મને પણ એ વાત બરાબર લાગી. નાના બાળકને આવી બધી જફાઓ વખતે કોઈના સાથની જરૂર પડતી જ હોય છે. ભલે એ સમયે એની ઉંમર સત્તર વરસની થઇ ગઈ હોય, પણ મોટાઓની આંગળી હજું સાવ છૂટી નથી હોતી. એને ક્યાંક તો થોડો ટેકો જોઈએ જ. ખાસ કરીને જયારે પોતાના શહેરથી એ બહાર જતું હોય ત્યારે તો અવશ્ય એ જરૂર પડે.

આ બધું વિચારતી વખતે મને મારા એડ્મિશન નો સમય યાદ આવી ગયો. કોઈ પણ વડીલના સાથ કે સહારા વગર હું કેવી રીતે ગયેલો એ બધું તાદૃશ થઇ ગયું. વિટંબણાઓ સામે ઝઝૂમીને કાંટાળા માર્ગો પર કરેલી સફરની વાત યાદ આવી ગઈ. મન ચૌત્રીસ વરસ પાછળના સમયમાં ક્યારે પહોંચી ગયું એનો ખ્યાલ પણ ન રહ્યો.

૧૯૭૮નાં વરસની છઠ્ઠી જુલાઈની એ સાંજ હતી. સાતમી જુલાઈના દિવસે સવારે ૧૧ વાગ્યે મારે અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજમાં વ્યક્તિગત ઇન્ટરવ્યુ માટે હાજર રહેવાનું હતું. વાત ખુશીની હતી અને પ્રસંગ જરૂર આનંદનો હતો, પરંતુ સૌથી મોટો સવાલ એ હતો કે મારી જોડે અમદાવાદ આવે કોણ? રોજબરોજની છાપાની ફેરી છોડીને જવાનું બાપુજીને તો પોસાય જ નહી. ઘરમાં બીજું કોઈ એવું નહોતું કે જે મારી સાથે અમદાવાદ આવી શકે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એડમિશનનું ફોર્મ ભરતી વખતે શ્રી દાસબાબુ મારી જોડે આવેલા. પરંતુ આ વખતે એમને હોસ્પિટલના કામે મુંબઈ જવાનું હતું, એટલે એ આવી શકે તેમ નહોતા. મોટીબેન પ્રાથમિક શિક્ષિકા તરીકે એક નાના ગામડામાં સર્વિસ કરતી હતી. એ પણ આવી શકે એમ નહોતી. હું એ પહેલા ફક્ત બે વખત અમદાવાદ ગયેલો. અને એ પણ કોઈકની જોડે. આજે આટલા વરસે, આટલી બધી વાર અમદાવાદમાં ફર્યા છતાં મને એ શહેર કોઈ અગાધ અરણ્ય જેવું લાગે છે. સિમેન્ટ કોંક્રીટનાં એ ભરચક વનમાં આજે પણ મારે રસ્તો પૂછવો પડે છે તો એ વખતે મને અમદાવાદ શહેર એક ભુલભુલામણીભર્યું નગર લાગે એમાં કશી જ નવાઈ નહોતી. આવડા મોટા અમદાવાદ અંગેનું મારું જ્ઞાન શૂન્યની બરાબર હતું (જો કે આજે પણ એ એટલું સધ્ધર તો નથી જ!) . આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને શું કરવું એ અંગે ઘણા વિકલ્પો વિચારાયા. પરંતુ અંતે તો એવું જ નક્કી થયું કે મારે એકલાએ જ જવું!

હું એકલો જવા તૈયાર થઇ ગયો (અને આમ જોઈએ તો બીજો કોઈ વિકલ્પ પણ ક્યાં હતો?). પરંતુ જેવી રીતે અર્જુન પાતાળમાં ગયો અને અચાનક અભિમન્યુને એકલાને સાત કોઠા ભેદવાના આવ્યા એવી જ કાંઈક મારી દશા થઈ ગઈ હતી. અભિમન્યુ પાસે તો ચક્રવ્યૂહ ને ભેદવાની પૂરી સમજણ હતી અને કોઠા વીંધ્યા પછી ફક્ત બહાર નીકળતા જ નહોતું આવડતું, જયારે મારે તો એકેય કોઠાની કશી જ સમજણ વિના એ ચક્રવ્યુહમાં ઝંપલાવવાનું હતું. અને આમ જોઈએ તો મારે અમદાવાદ શહેર અંગે કશું જ જાણ્યા વિના એકલાં હાથે જ બધું ફોડી લેવાનું હતું. મનમાં ઘણો ઉચાટ હતો. અફાટ પ્રશાંત મહાસાગરમાં ઊતરતી વખતે આવતા પહેલા જ મોટા મોજાં પર જ નાનકડી નાવડીને જે વિમાસણ થાય એવું જ કાંઈક મને અમદાવાદ જવાની વાતના વિચારથી થતું હતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ બધી વાતોની સાથોસાથ પૂનાવાળા શેઠે આપેલાં ત્રણસો રૂપિયા સાચવીને લઇ જવાની જવાબદારી પણ એક માનસિક બોઝ જેવી લાગતી હતી. ટ્રેનને મુસાફરીમાં હું એ પૈસા કઈ રીતે સાંચવીશ એ વાતની મૂંઝવણ પણ મારા ટેન્શનમાં વધારો કરતી હતી. 'ટ્રેનમાં એ પૈસા ચોરાઈ ગયા તો? કોઈ લઇ ગયું તો?' એ વિચારથી મને વારે વારે ફાળ પડતી હતી, કારણકે મારા માટે એ ફક્ત પૈસા નહોતા, મારું સમગ્ર ભવિષ્ય હતું, મારી જિંદગી હતી. એ ઉપરાંત અમદાવાદ શહેરમાં હું કેવી રીતે સિવિલ હોસ્પિટલનાં કમ્પાઉન્ડમાં આવેલી બી.જે.મેડિકલ કોલેજ સુધી પહોંચીશ એ ચિંતા પણ મને પજવતી હતી. ટૂંકમાં, મારે એકલા જવાનું નક્કી થયા પછી એ આખી સાંજ હું જાણે કે ચિંતાનો આખો પહાડ ઉપાડીને ફરી રહ્યો હોઉં એવું મને લાગતું હતું.

બી.જે.મેડિકલ કૉલેજમાં સવારે અગિયાર વાગ્યે પહોંચવાનું હોવાથી મારે છઠ્ઠી તારીખે રાતે જ ભાવનગરથી અમદાવાદ જતી ટ્રેનમાં જવું એવું નક્કી થયું હતું. કારણકે સવારે ઉપડતી બસમાં જવાથી પહોંચવામાં કદાચ મોડું થઇ જાય એવી શક્યતા હતી. પરંતુ એનાથી મારી એક ચિંતા વધી ગઈ હતી. ટ્રેનની મુસાફરી એ પહેલા મેં સાવ એકલા ક્યારેય કરી જ નહોતી. હા, નાનપણમાં ઘરના બધા જોડે દસેક કિલોમીટર જેટલુ અંતર ટ્રેનમાં એકાદ વખત કાપેલું. બસ, એ પછી કે પહેલા હું ક્યારેય ટ્રેનમાં બેઠો નહોતો. એટલે એની થોડીક મૂંઝવણ પણ મનના એક ખૂણે ચાલી રહી હતી. ઉંડે ઉંડે બીક લાગતી હતી. પરંતુ મનને કાઠું કર્યાં વિના છૂટકો પણ નહોતો.

રાતે અગિયાર વાગ્યે મારા ગામ - જિંથરીથી મારા બાપુજી મને સાઇકલ પર બેસાડીને ચાર કિલોમીટર દૂર આવેલા સોનગઢ ગામનાં રેલ્વે સ્ટેશન પર મૂકી ગયા. ટિકિટ લઇ આપી. બધું સમજાવ્યું, ભલામણ કરી અને ટ્રેનના એક ડબ્બામાં મને બેસાડી દીધો. એ પછી મારી સાથે થોડીવાર વાતો કરી, ટ્રેન ઉપડવાનો સમય થતાં મને આશીર્વાદ આપીને બાપુજી ગયા.

એ વખતે મારી પાસે પતરાની નાનકડી પેટી હતી. એને તાળું મારીને મેં ચાવી એક દોરામાં પરોવીને ગળામાં પહેરી લીધી હતી. પેટીને બન્ને પગ વચ્ચે રાખીને હું બેઠો હતો. ચોમાસાની શરૂઆત હોવાથી ટ્રેનમાં બહુ ભીડ ન હતી. ટ્રેન ઉપડી પછી દસેક મિનિટ પછી ત્રણ હટ્ટા-કટ્ટા માણસો હું બેઠો હતો એ જગ્યાએ આવ્યા. એમાંના એકે મને પૂછ્યું, ‘એય છોકરા! ક્યાં સુધી જવાનો?’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘અમદાવાદ સુધી!’ મેં જવાબ આપ્યો.

એમાંના એકે બીજા સામે જોયું. પછી મને કહ્યું, ‘ઠીક છે, તારી આ પેટી લઈને ખોળામાં મૂકી દે. અને પગ ઉપર લઇ આડો બેસી જા. અમારે અહી ગન્જીપતો રમવું છે.’

મારે એ લોકો કહે તેમ કર્યાં વિના છૂટકો જ નહોતો. મેં મારી પેટી ખોળામાં લઇ લીધી. હું સીટ પર પગ લાંબા કરીને આડો બેસી ગયો. એ રીતે બેસવું થોડું અગવડતાભર્યું ચોક્કસ હતું. પણ એ લોકોને કાંઈ કહેવાની મારી હિમત નહોતી. એ લોકો મોડી રાત સુધી પત્તા રમતા રહ્યા. પછી મારે પગ રાખવાની જગ્યાએ જ એમાનો એક માણસ ટુવાલ પાથરીને સૂઈ ગયો. હું આખી રાત એમ જ બેસી રહ્યો. મારી એટલી જિંદગીમાં હું કોઈ દિવસ બેઠા બેઠા સૂતેલો નહી એટલે ઊંઘ પણ આવે એમ નહોતું. વચ્ચે થોડાંક ઝોકાં ખાતા ખાતા મેં સવાર પાડેલી. છેક સવાર તરફ થોડીક ઊંઘ આવી હતી, પરંતુ એ પણ સાવ અલપ-ઝલપ જ.

સવારે સાત વાગ્યે એલીસબ્રીજ સ્ટેશન આવ્યું. ક્યાં સ્ટેશને ઉતરવું એની મને તો ખબર જ નહોતી. મેં એક ભાઈને પૂછ્યું કે સિવિલ હોસ્પિટલ જવા માટે ક્યાં ઉતરવું, તો એમણે જવાબ આપ્યો કે મારે સાબરમતી સ્ટેશને ઉતરવું જોઈએ. એમની સલાહ મુજબ હું પ્રથમ સ્ટેશને ન ઉતર્યો. મારી જગ્યાએ જ બેઠો રહ્યો. લગભગ બધાજ પેસેન્જર્સ ત્યાં ઉતરી ગયા. એ પછી ટ્રેન ઉપડી. લગભગ આઠ વાગ્યાની આસપાસ સાબરમતી સ્ટેશન આવ્યું. હું નીચે ઉતર્યો. સ્ટેશનની બહાર નીકળ્યો. બીજા એક જણને સિવિલ હોસ્પિટલ જવા માટે કયા નંબરની સીટી બસ પકડવી એ પૂછ્યું. એ માણસે જણાવેલ નંબરની બસ દસેક મિનિટ પછી આવી. હું બસમાં બેઠો ત્યારે મનમાં નિરાંત થઇ. આગલી રાતથી જે ઉભડક જીવ હતો એ હવે થોડોક હેઠો બેઠો.

પણ, પેલી કહેવત છે ને કે અક્કરમીનો પડીયો કાણો! એક વાર્તામાં આવે છે એમ, જ્યાં જાય ઉકો, ત્યાં સમુંદર સૂકો! એમ મારું ભાગ્ય પણ એકાદ ડગલું આગળ ચાલીને મારી તકલીફની વ્યવસ્થા કરી જ રહ્યું હતું! બસ હજું તો અર્ધો કિલોમીટર જેટલું દૂર પણ નહી ગઈ હોય ત્યાં જ એક સાઇકલવાળો છોકરો બસની અડફેટે આવી ગયો. સારું થયું કે એ કચરાઈ નહોતો ગયો. પરંતુ ફેંકાઈ જરૂર ગયો હતો. એને સારું એવું વાગ્યું હતું. બસ ઊભી રહી ગઈ. મને ધ્રાસ્કો પડ્યો કે હવે જરૂર મોડું થવાનું!

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

માણસો ભેગા થઇ ગયા. ઘડીક હો-હા થઇ ગઈ. મેં બાજુવાળાને સમય પૂછ્યો. નવ વાગી ગયા હતા. મારે અગિયાર વાગ્યે તો પહોંચવાનું હતું. મારા મનમાં ફરીથી ફફડાટ પેસી ગયો. એ જ વખતે કંડકટરે કહ્યું કે, ‘બસ હવે આગળ નહી જાય. બધા ઉતરી જાવ! હવે પોલિસ આવશે પછી જ બસ આગળ જઈ શકશે.’

બધા પેસેન્જર્સ બસમાંથી ઉતરવા લાગ્યા. હું પણ ઉતર્યો. મારી પાસે મારી ફીના પૈસા ભર્યા પછી મારા પાછા ફરવાની ટિકિટના પૈસા જ વધતા હતા. દસ રૂપિયા વધારાના હતા, એ તો બપોરે જમવા માટે રાખ્યા હતા. હવે કરવું શું?

મેં સિવિલ હોસ્પિટલ પહોંચવા માટે હવે કઈ બસ મળે એની તપાસ કરી. બીજી બસ સાડા દસ વાગ્યે હતી. એ બસ પકડવાથી કદાચ ઇન્ટરવ્યુનાં સમયે ન પહોંચી શકાય એવી બીક હતી. એટલે એટલું મોડું જવાનું જોખમ તો ખેડાય જ નહી. ઘણી માનસિક ગડમથલ પછી મેં બપોરના ભોજન માટે રાખેલા દસ રૂપિયાની કુરબાની આપવાનું નક્કી કરી નાખ્યું અને એક રિક્ષાવાળાને ઊભો

રાખ્યો. એણે કહ્યું કે મીટર મુજબ લગભગ સાડા છ રૂપિયા જેવું થશે. સિવિલ હોસ્પિટલ જવાં માટે હું એમાં બેસી ગયો.

લગભગ દસ વાગ્યે હું સિવિલ હોસ્પિટલનાં દરવાજા પર પહોંચ્યો. જોતાં જ હસવું આવે એવી મારી પતરાની પેટી લઈને હું અમારા પંથકના એક મેડિકલ સ્ટુડન્ટની રૂમ પર ગયો. એ દિલેર માણસે મને ચા પીવડાવી, નાસ્તો કરાવ્યો. પૂરા ૧૬ કલાક પછી મારા પેટમાં કાંઈક પડયું હતું. એનાથી થોડીક સ્ફૂર્તિ આવી. ઉજાગરાથી દુખતું માથું હવે થોડુ હળવું થયું. ઘડીક લાંબા થવાની ગજબની ઈચ્છા થઇ આવી હતી. પરંતુ ઇન્ટરવ્યુનો સમય નજીક આવી ગયો હતો એટલે એ શક્ય નહોતું. મને ચા-નાસ્તો કરાવનાર પેલા સ્ટુડન્ટને પણ ડ્યુટી પર જવાનું હતું.

હું ફરી એકવાર મારી પેટી લઈને બી.જે.મેડિકલ કોલેજ તરફ ઉપડ્યો. મેડિકલ કોલેજ સિવિલ હોસ્પિટલની પાછળ જ આવેલી છે. સમય ખૂબ ઓછો હતો. હું બની શકે એટલી ઝડપથી કૉલેજ પહોંચ્યો. જે માળ પર ઇન્ટરવ્યુ હતો એનાં દાદરા દોડતો જ ચડ્યો. દાદરની સામેની જગ્યામાં સામસામી ખુરશીઓ ગોઠવેલી હતી. હું પહોંચ્યો એ જ વખતે ત્યાં ફરજ પરના માણસે બૂમ પાડી, ‘મેરીટ નંબર એકાવન! કેયુર બૂચ! ત્યાં પ્રથમ ખુરશી પર બેસી જાય. બાવન નંબર! વીજળીવાળા, ત્યાં સામેની લાઈનમાં બીજી ખુરશી પર બેસી જાય.’

બરાબર એ જ વખતે પહોંચવાનો મને અત્યંત આનંદ થયો. મોટો હાશકારો અનુભવતો હું બતાવેલી જગ્યાએ બેસી ગયો. એ પછી તો દોઢેક કલાકમાં વડોદરા મેડિકલ કોલેજમાં એડમિશન મળ્યાના કાગળ લઈને હું જયારે બહાર નીકળ્યો ત્યારે મનમાં શાંતિ હતી અને દિલમાં બધું સુખરૂપ પત્યાનો આનંદ હતો. બપોરના સાડાબાર જેવું થયું હશે. એક પ્લેટ બટાકાવડા અને ચાનો ટેકો હવે ઢીલો પડી રહ્યો હતો. પેટ કાંઈક માંગતું હતું. પણ શું થાય? અહી સમયસર પહોંચવા માટે મારા પેટ માટે રાખેલા એ રૂપિયા એ દિવસે એક રિક્ષાવાળાને પેટ ભરવામાં મદદરૂપ થવા માટે જતા રહ્યા હતા. મેં આજુબાજુ જોયું. દાદરો ઉતર્યો. બી.જે. મેડિકલ કોલેજની કેન્ટિનમાં ગયો. ધરાઈને પાણી પીધું અને પછી જાણે કોઈએ ચિંતાનું પોટલું છોડાવીને મારા ખભે આનંદનું પોટલું લાદી દીધું હોય એવી હળવાશથી નીકળી પડ્યો!

**

એ સાથે જ હું ભૂતકાળના વિચારોમાંથી બહાર આવી ગયો. મારા ખોળામાં પડેલા લેપટોપમાં યુ ટ્યુબ પર એક ક્લિપ ચાલી રહી હતી. એમાં શહાબુદ્દીનભાઈ કહી રહ્યા હતા:

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જેમની સંસારમાં વસમી સફર હોતી નથી, એમને શું છે જગત એની ખબર હોતી નથી;

જિંદગીને મોત માં છે માત્ર ધરતી નું શરણ, કોઈની વ્યોમે હવેલી કે કબર હોતી નથી !

મને લાગ્યું કે એ કદાચ મારા માટે જ કહી રહ્યાં હતા!

***

7. હું બચી તો જઈશ ને?

મે મહિનાનો આકરો તડકો ભાવનગર શહેરની ધરતીને તાવડામાં ચણા શેકાય એમ શેકી રહ્યો હતો. ઉપરાછાપરી દુકાળીયા વરસોનો માર ખાઈ ખાઈને ધરતી પણ જાણેકે અધમૂઈ થઇ ગઈ હતી. રણની રેતીમાંથી ઊઠતી હોય એવી વરાળ ડામરની કાળી સડકો પરથી વાંકીચૂકી થઈને ઉપર ઊઠતી હતી. એનાં લીધે પાછળ દેખાતા મકાનો અને દુકાનો તેમજ ઝાડવા પણ હલતા હોય એવું લાગતું હતું. રસ્તાઓ પર જાણેકે ટેન્કરમાંથી ઢોળાઈને પથરાયા હોય એવા ઝાંઝવાના ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

૧૯૮૩નો એ મે મહિનો બરાબરનો તપતો હતો. એ વખતે હું ભાવનગરની સર તખ્તસિંહજી હૉસ્પિટલનાં તાત્કાલિક સારવાર વિભાગમાં ઇન્ટર્નશિપ કરતો હતો. મને જોડાયાને હજું તો ત્રણ દિવસ જ થયા હતા. પરંતુ એ વખતના સુપરીન્ટેન્ડન્ટ ડૉ. ગઢવી સાહેબે મને તાત્કાલિક સારવાર વિભાગમાં કામ કરવાનો આદેશ આપેલો. મારા માટે તો જો કે એ ‘ભાવતું’તું અને વૈદ્યે કીધું’ એવું જ હતું. મને ઈમરજન્સી વિભાગમાં કામ કરવાની આમેય ખૂબ ઈચ્છા હતી. એ વિભાગમાં લગભગ દરેક પ્રકારના દર્દીઓની સારવારમાં જોડાવાનો અને એમના રોગો અંગે જાણવાનો મોકો મળતો હોય છે. એ દિવસે પણ હું મારી ડ્યુટી કરતો તાત્કાલિક સારવાર વિભાગમાં બેઠો બેઠો તડકામાં સળગતા રસ્તાઓને જોતો હતો. એ જ વખતે પટ્ટાવાળાએ આવીને કહ્યું, ‘સાહેબ! તમને બર્ન્સ વોર્ડમાં જલદી બોલાવે છે!’

હું ઊભો થઈને ઈમરજન્સી વિભાગની બરાબર સામે, રોડની બીજી તરફ આવેલા બર્ન્સ વોર્ડમાં પહોંચ્યો. મને જોઈને સ્ટાફ સિસ્ટરે કહ્યું, ‘ત્યાં છ નંબરના રૂમમાં દાઝેલું નવું દર્દી આવ્યું છે. એંસી ટકા દાઝી ગયું છે. વેઇન(નસ) પકડાય એમ નથી. વેનીસેક્શન કરવું પડશે. (વેનીસેક્શન એટલે પગની નસ કાપીને બાટલો ચડાવવો.)’

હું છ નંબરના રૂમ તરફ ગયો. રૂમમાં દાખલ થતા વેંત ઘાસલેટની જોરદાર વાસથી નાક ભરાઈ ગયું. અંદરનું દૃશ્ય તો કોઈ પણને દરુજાવી દે તેવું હતું. મારી બરાબર સામે જ હોસ્પિટલના એ ખાટલા પર એંસી ટકા દાઝેલું માનવ શરીર પડ્યું હતું. જિંદગીએ કેવા ભયંકર સંજોગો ઊભાં કર્યાં હશે કે એ વ્યક્તિને આવો શોર્ટકટ લેવો પડ્યો હશે એ સવાલ વાગોળતાં વાગોળતાં મેં નસ કાપીને બાટલો ચડાવવાની તૈયારી શરૂ કરી. ધનુર, હડકવા અને દાઝી જવું આ ત્રણેયમાં દર્દી છેક મૃત્યુ સુધી સંપૂર્ણ ભાનમાં રહેતું હોય છે. એટલે મેં દાઝી ગયેલા એ બહેન સાથે વાત કરવાનું શરૂ કર્યું.

'બહેન! તમારું નામ કહેશો?' મેં પૂછ્યું.

'ફલાણા બહેન!' એ સ્ત્રીએ જવાબ આપ્યો.

'કેમ કરતા દાઝી ગયા?' મેં પૂછ્યું.

'ચા બનાવતા!' જવાબ મળ્યો.

આવી થોડી વાતો થઇ એટલી વારમાં મેં વેનીસેક્શન કરી નાખ્યું. હું મારું કામ પતાવીને બહાર આવ્યો. વેનીસેક્શન ટ્રે અને હાથના મોજા બાજુમાં મૂકી હાથ ધોવા જતી વખતે મેં સિસ્ટરને કહ્યું, 'ચા બનાવતા દાઝે તો આટલી બધી ઘાસલેટની વાસ થોડી આવે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

વરસોના અનુભવી સ્ટાફ સિસ્ટર હસી પડ્યા, 'સાહેબ, તમે હજું ઇન્ટર્ન છો! ધીમે ધીમે તમને સમજાશે કે ઘરના ઝઘડાઓનાં કારણે જાતે જ દાઝી જનારાં આમ જ લખાવતાં હોય છે. બાકી પ્રાયમસ ફાટ્યો હોય તો પણ માણસ કાંઈ આમ ઘાસલેટથી લથબથ થોડું હોય? આ તો સાવ સમજી શકાય એવું હોય છે. પણ આપણે તો દર્દી કહે એ માની લેવાનું! હમણાં તમારા એમ.ઓ [3]. સાહેબ આવશે એ પણ દર્દી લખાવે એમ જ લખશે!'

'તો સિસ્ટર એ લોકો સાચું કેમ નહી લખાવતાં હોય?' મેં પૂછ્યું.

'સાહેબ, પોતાના ઘરનાં સભ્યોને પોલિસનાં હાથમાંથી તેમજ કાયદાથી બચાવવા માટે એ લોકો આવું કહેતા હોય છે!' સિસ્ટરે કહ્યું.

'તો પછી એ બધા આવું પગલું શું કામ ભરતા હશે?'

'સહનશકિતની હદ આવી જવાથી!' સિસ્ટરે જવાબ આપ્યો. પછી કહ્યું, 'સાહેબ! તમને ધીમે ધીમે આ બધું સમજાઈ જશે. ક્ષણિક આવેશમાં લોકો આવું પગલું ભરી નાખતા હોય છે. પરંતુ દાઝી ગયા પછી એ લોકોને સાચી પરિસ્થિતિનું ભાન થતું હોય છે અને એ લોકો પછી પસ્તાતા પણ હોય છે. એટલે

જ જેમના કારણે ઘાસલેટ છાંટ્યું હોય એમને બચાવવાનો પ્રયાસ કરતા હોય છે.'

મને સિસ્ટરની વાત બિલકુલ સાચી લાગી. ઈમરજન્સી વિભાગમાં પાછો ફરતા હું વિચારે ચડી ગયો હતો. મને થતું હતું કે જે લોકોના ત્રાસથી જીવન ટૂંકાવવાનો વ્યક્તિ પ્રયત્ન કરે એ લોકોને જ બચાવવા માટે એ પોતે જ પાછું મદદરૂપ પણ થાય? એ તો કેવી વ્યથા? કે પછી કેવી મહાનતા? એને એમ થતું હશે કે મારી જિંદગી તો પૂરી થઇ ગઈ, તો પાછળવાળાને શું કામ હેરાન કરવા? કે પછી પાછળ રહેલા પોતાના બાળકો હેરાન ન થાય એ માટે એ લોકો આવું કરતા હશે? શું એ વખતના ક્ષણિક આવેગમાં એને પોતાને ચાહતી અન્ય કોઈ વ્યક્તિની યાદ નહી આવતી હોય? અને એ ક્ષણ પછી પોતાના બાળકો યાદ આવતા એ વ્યક્તિ આવું કરતી હશે? શું ક્રોધ કે લાચારી માણસને આટલી હદે જવા માટે મજબૂર કરી નાખતા હશે?

આવા તો કાંઈ કેટલાયે વિચારો મારા મનમાં દોડતા હતા. એ તો સારું થયું કે તાવનું એક નવું દર્દી આવ્યું એટલે મારા વિચારોની શ્રૃંખલા તૂટી. નહિતર ખબર નહી હું એમ જ કેટલો વખત એનાં એ જ વિચારો કરતો રહ્યો હોત.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ પછીનાં [illegible] જ દિવસે ફરી એક દાઝેલી બહેન આવી. [illegible]શન કરતા મેં પૂછી જ લીધું, 'બહેન! કેમ કરતા દાઝી ગયા?'

'ચા બનાવતા સાહેબ!' એણે જવાબ આપ્યો.

'પરંતુ તમે તો ઘાસલેટ ઘાસલેટ ભર્યા છો. મને તો લાગે છે કે...' હું આગળ પૂછું એ પહેલા તો એ બહેન દરૂસ્કે ને દરૂસ્કે રડી પડી.

'હા સાહેબ! મારે નથી જીવવું. આવી જિંદગી હોય એના કરતાં તો મોત સારું! મારા લગનને હજું ત્રણ જ વરસ થયા છે. મારો ધણી દારૂડિયો છે. સાસુ અને નણંદ માથાભારે છે. મારા સાસુને એમના દારૂડિયા દીકરાનો કોઈ વાંક દેખાતો જ નથી. રોજ દારુ પીને રાતે આવતો મારો ધણી ઝઘડો કરીને ગામ ભેગું કરે છે. પણ એ બધું મારા સાસુને નથી દેખાતું. એ માણસ આટલી ધમાલ કરે તો પણ મારી સાસુ તો એમ જ કહેતા હોય છે કે 'આ ભમરાળી આવી પછી જ મારા ઘરમાં કંકાસ ઘૂસ્યો છે. એ નહોતી ત્યારે કાંઈ નહોતું.' બોલો સાહેબ! હવે તમે જ કહો! આવું દુ:ખ કેમ વેઠાય અને કેટલોક વખત વેઠાય? મને એમ જ થતું કે આના કરતા તો મરી જવું સારું. એકાદ બે વખત મરવાના વિચારથી મેં ઘાસલેટ પણ છાંટ્યું હતું. પણ દીવાસળી મૂકતા જીવ નહોતો ચાલ્યો. આજે સવારના પહોરમાં ઝઘડો થયો હતો. પણ, સાહેબ! સાચું કહું? આજે ઘાસલેટ મેં નહોતું

છાંટ્યું. મારી સાસુ અને નણંદે ભેગા થઈને છાંટ્યું હતું. દીવાસળી પણ એમણે જ મેલી હતી. મારી સાસુના હાથ પણ દાઝી ગયા છે. એ મને બચાવતા નહી પણ સળગાવતાં દાઝયા છે. હું મરવા નહોતી માંગતી, મારે તો હજું જીવવું...' એ બહેન આગળ ન બોલી શકી. એવું લાગતું હતું કે કદાચ પ્રથમ વાર કોઈ એની વ્યથા સંભાળવાવાળું મળ્યું હતું. એટલે જ એને ઘણી બધી વાતો મને કહી દેવી હતી.

'પરંતુ તમારે કોઈ બાળકો નથી?' મેં પૂછ્યું.

'છે ને સાહેબ! એક વરસનો દીકરો છે. કાનુડા જેવો રૂપાળો!' એટલું કહીને એકાદ ક્ષણ એ બહેન ચૂપ થઇ ગઈ. કદાચ મનની આંખોથી જ એ પોતાના બાળકને જોઈ રહી હશે. થોડીવાર એમજ ચૂપ રહીને પછી એ બોલી, 'બસ! એનો વિચાર આવે છે સાહેબ! હવે એનું શું થશે? એનું હવે કોણ?'

'બહેન! તો પછી એનો વિચાર પહેલા ન કરવો જોઈએ?' મેં એના પગ પર સ્ટરાઈલ કપડું વીટાળતા કહ્યું.

એ બહેન કાંઈ બોલી નહી. છતને તાકી રહેલી એની પાપણ વગરની આંખોનાં ખૂણાઓમાંથી આંસુની ધાર વહી નીકળી. આંસુની એ ધારમાંથી ઘણા વાક્યો અને કેટલીયે વેદનાઓ સાથે હૃદયની અંદરની પીડા વ્યક્ત થઈ જ રહ્યા હતા અને એટલેજ મને એનો એ જ સવાલ ફરીથી પૂછવાનું મન ન થયું, અરે, હિંમત જ ન થઇ.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'સાહેબ! મને સારું તો થઇ જશે ને? હું બચી તો જઈશ ને?' અચાનક જ એ બહેને હૃદયને ભેદી નાખતો સવાલ પૂછ્યો. હું સ્તબ્ધ થઇ ગયો. આ એક એવો સવાલ હતો કે જેનો જવાબ હું એંસી ટકા દાઝી ગયેલા દર્દીને ક્યારેય આપવા તૈયાર ન જ થાઉં. આપણા એ સમયના હોસ્પિટલ્સમાં ૫૦ %થી વધારે દાઝેલા દર્દીઓ ભાગ્યે જ બચતા. આઠમાં દિવસ સુધીમાં કાં તો બેક્ટેરિયાનો ચેપ અને કાં તો ટોક્ષિક શોક નામે ઓળખાતી પરિસ્થિતિ દર્દીને મોતની સોડમાં સૂવડાવી જ દેતા.

હું કાંઈ જવાબ આપું એ પહેલા જ એ બહેન બોલી, 'મારા દીકરા માટે મને જીવવાનું મન થાય છે સાહેબ, બાકી મારા જીવતરમાં તો કાંઈ નથી બળ્યું. એ દીકરા માટે જ હું તમને પૂછું છું કે હું સારી તો થઇ જઈશ ને?'

પરંતુ એ જ વખતે મોટા ડોક્ટર સાહેબ આવી ગયા અને હું જવાબ આપવામાંથી બચી ગયો. સાચું કહું તો મોટા ડોક્ટરના આવવાથી મને ખૂબ રાહત થઇ ગઈ હતી. પેલી બેનના અઘરા સવાલનો જવાબ આપવામાંથી મને મુક્તિ

મળી ગઈ હતી. મેં મારું કામ શરૂ રાખ્યું. મોટા ભાગે તો એ વખતે હું ઇન્ટર્ન હોવાને લીધે મારે બહાર જતું રહેવું પડતું, પરંતુ એ દિવસે મેં હજું દર્દીનાં પગ પર ચીરો પાડ્યો જ હતો. એટલે એમણે મને બહાર જવાનો આદેશ ન કર્યો. હું એમની વાતો સંભાળતો હતો.

કેમ કરતા આ બન્યું – એવા સવાલના જવાબમાં એ સ્ત્રીએ જવાબ આપ્યો કે, 'ચા બનાવતા દાઝી ગઈ!'

'બહેન! તને કોઈએ સળગવા માટે મજબૂર તો નથી કરીને?' સાહેબે પૂછ્યું.

'નાં સાહેબ! હું મારી જાતે જ દાઝી ગઈ. ચા બનાવતી વખતે મારું ધ્યાન ન રહ્યું, ખાંડનો ડબ્બો લેવા ગઈ અને મારા સાડલામાં ઝાળ લાગી ગઈ. નાયલોનના સાડલાએ તરત જ આગ પકડી લીધી. મને બચાવવા જતાં મારા સાસુ પણ દાઝી ગયા છે.' એ બહેને પોતાને દીવાસળી ચાંપનાર સાસુનો બચાવ કર્યો.

એમનું કામ પતાવીને મોટા સાહેબ ગયા. મેં પણ એ બહેનનાં પગ પર છેલ્લો ટાંકો લીધો. બાટલો ચાલુ કરતાં મેં પૂછ્યું, 'કેમ બહેન? તમે આવું કેમ લખાવ્યું કે તમે જાતે દાઝી ગયા? તમારા સાસુ તેમજ નણંદનું નામ કેમ ન આપ્યું? ઉલટાનું તમે તો તમારા સાસુને પણ બચાવી લીધાં.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'એના જેવું કોણ થાય સાહેબ? એના કર્યાં એ ભોગવશે!' એ સ્ત્રીએ જવાબ આપ્યો. મને થયું કે સૌરાષ્ટ્રની ધીંગી ધરતીનું ધાવણ ધાવેલી વ્યક્તિ જ આવી મહાન વાત કરી શકે. પોતાને મારનારને જેમ ઇસુ ખ્રિસ્તે માફ કરી દીધા હતા એવી જ સહજતાથી અને એવી જ મહાનતાથી હજું તો જેણે જિંદગીની પગથાર પર પગ જ મૂક્યો છે એવી એક નાનકડી બહેને પણ પોતાના હત્યારાઓને માફ કરી દીધા. હું છક્ક થઇ ગયો. મેં હાથના મોજા કાઢ્યા. એની નસમાં મૂકેલ પ્લાસ્ટિકની નળીમાં બાટલો શરૂ કર્યો. મારે કેસ પેપરમાં લખવાનું હતું એટલું પ્રોસીજર અંગે લખ્યું. પછી બહાર જવા મેં પગ ઉપાડ્યો.

'સાહેબ!' હું બહાર જાઉં એ પહેલા એ બહેન બોલી.

'હાં બહેન! કાંઈ પૂછવું છે?' મેં કહ્યું.

'હા સાહેબ!' એ બોલી.

હું પાછો એની પાસે ગયો. ઘાસલેટની વાસથી ભરેલા એ કમરામાં સાવ શાંતિ છવાઈ ગઈ હતી. સ્ટાફ સિસ્ટર બાટલાની સ્પીડ સરખી કરતા હતા.

મારી સામે જોઇને એ બહેને પૂછી લીધું, ‘સાહેબ! હું બચી તો જઈશને? બીજા કોઈની તો ખબર નથી પરંતુ મારા દીકરાને મારી ખૂબ જરૂર છે. બોલોને! મને સારું તો થઇ જાશેને?’

ઘાસલેટિયા એ કમરામાં ફરી એક વખત સન્નાટો છવાઈ ગયો. સ્ટાફ સિસ્ટરે મારી સામે જોયું. મેં એ બહેનની આંખમાં આંખ પરોવ્યા વિના જ જવાબ આપ્યો, ‘ હા બહેન! તમને જરૂર સારું થઇ જશે.’ એટલું કહીને એ બહેનનો પ્રતિભાવ કે અન્ય સવાલ સાંભળ્યા વિના હું ઝડપભેર એ રૂમમાંથી બહાર નીકળી ગયો. કારણકે મને ખબર હતી કે હું ખોટું બોલી રહ્યો હતો. અને એ ખોટું બોલતી વખતે એક સાવ સાચી અને મરણ પથારીએ પડેલી સ્ત્રીની સાથે આંખ મિલાવવાની મારી હિમત પણ નહોતી અને તાકાત પણ નહોતી!

*

(એ બહેન ઘટનાનાં આઠમાં દિવસે મૃત્યુ પામી. એ એક મહિનામાં મેં આટલી હદે દાઝી ગયેલા ઘણા બધા દર્દીઓ જોયા. લોકોના ઘરમાં થતા નાના નાના ઝઘડાં કેવું વરવું સ્વરૂપ લઇ શકે એ મારી સગી નજરે જોયું. માણસોનો અહમ એમને કેટલી હદે ક્રૂર બનાવી શકે એ ખૂબ નજીકથી જોયું. એ વખતે મને વિચાર આવતો કે લોકો એકાદી નાનકડી વાત કેમ જતી નહીં કરી શકતા હોય? જો બધાના અહમ થોડા થોડા ઊણા પડે તો આવી કેટલીયે બહેનો દીકરીઓને કમોતે મરવું ન જ પડે, કેટલાયે બાળકો માં વિનાના ન બની જાય અને ક્યારેય કોઈ ડોક્ટરને એવા કપરા સવાલનો સામનો ન કરવો પડે કે, ‘સાહેબ, હું બચી તો જઈશ ને?’ જેનો જવાબ એક જ હોય ‘ના!’ અને એને કહેવું પડે કે ‘હા!’)

***

8. દુષ્કાળ

સૌરાષ્ટ્રની ધરતીએ જાણે કોઈ અક્ષમ્ય ગુનો કર્યો હોય એમ ૧૯૮૫, ૮૬ અને ૮૭ એમ ત્રણ ત્રણ વરસથી મેઘરાજાએ એની સામે જોવાનું જ બંધ કરી દીધું હતું. એવું લાગે કે અબોલા જ લઇ લીધાં હતાં. દુષ્કાળ પછી દુષ્કાળ જ આવીને ઊભો રહેતો હતો. જાણે કે સૌરાષ્ટ્રમાં શિયાળા, ઉનાળા પછી ચોમાસાની જગ્યાએ ત્રીજી ઋતુ દુષ્કાળની જ બની ગઈ હોય એવું લાગતું હતું. વરસોના દુષ્કાળની થાપટ સહન કરીને પણ ટકી રહેલા ઝાડવાઓ ત્રીજા વરસે તો થાકી-હારીને સૂકાવા માંડ્યા હતા. કાઠીયાવાડની મોટા ભાગની ધરતી

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

રણનો પર્યાય બની ચૂકી હતી. થોડા ઘણા માલધારીઓ જે પાછળ રહી ગયા હતા એ પણ હવે ઉચાળા ભરીને ગુજરાત તરફ પ્રયાણ કરવા માંડ્યા હતા. લોકો પોતાના જીવથી પણ વધારે વ્હાલા ઢોરને પગે લાગીને છૂટા મૂકી દેવા લાગ્યા હતા. જે ઢોરને ઘરના સભ્યની જેમ રાખ્યું હોય એને ઘરેથી વિદાય કરતી વેળાએ એ ત્રણ વરસમાં જેટલો વરસાદ નહોતો પડ્યો એનાથી વધારે આંસુઓ બધાની આંખમાંથી વરસ્યા હતા. પ્રાણીઓ તો ઠીક, માણસો પણ એકદમ લાચાર અને નિ:સહાય બની ગયા હતા. ૨૦૦-૨૦૦ વીઘા જમીન જેની પાસે હોય એ લોકોને પણ દેવું કરવું પડે એવો વખત આવી ગયો હતો.

એવા કપરા કાળમાં ૧૯૮૮નાં ફેબ્રુઆરી મહિનામાં હું મહુવાની મ્યુનિસિપલ હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાત તરીકે જોડાયો. મોટા લોકો તો ગમે તેમ કરીને એ ત્રણ વરસના સળંગ દુષ્કાળ સહન કરી ગયા હતા પરંતુ રોગચાળામાં સપડાતા બાળકોની દશા ખૂબ ખરાબ થઇ ગઈ હતી. કુપોષણ, ઝાડા-ઉલટી અને મગજના ટીબીના પુષ્કળ દર્દીઓ આવતા. દુષ્કાળને તરી જવાનો વેંત કરવા માટે ઝાવાં મારતાં માબાપને પોતાના બાળકોને રોગપ્રતિરોધક રસીઓ મૂકાવવા જવાનું તો કઈ રીતે યાદ રહે? એ વરસે મગજનાં ટીબીના ઘણા કેસ આવતા હતા. બી.સી.જી.ની રસી મગજના ટીબી સામે ખાસ્સુ એવું રક્ષણ આપે છે. પરંતુ રસીકરણનો દર ઘટવાને લીધે હોય કે પછી મોટી ઉંમરના દર્દીઓએ પોતાની સારવાર કરાવવાનું છોડી દીધું હોવાને કારણે હોય, એ જે હોય તે, ટીબીની બીમારીએ જાણેકે બરાબર માથું ઊંચક્યું હતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મે મહિનાની એક સવારે દસેક વરસની એક બાળકીને તેડીને મારી ઓપીડીમાં લાવવામાં આવી. ધોળા બાસ્તા જેવા લૂગડાં પહેરેલાં એક દાદા અને માંદો દેખાતો એક માણસ અને એક માજી એ બાળકીની સાથે હતાં. બાળકીને મારી ચેમ્બરમાં સુવડાવ્યા પછી જોડે આવેલા માજી બહાર જતા રહ્યા. પેલા માંદા દેખાતા માણસે બાળકીને મારા ટેબલ પર સૂવડાવી. બારીમાંથી આવતો તેજ પ્રકાશ જેવો એ બાળકીની આંખો પર પડ્યો કે તરતજ એ બાળકી એનાથી વિરુદ્ધ પડખું ફરીને સૂઈ ગઈ. એ જોતા જ એવું લાગતું હતું કે જાણે એ પોતાની આંખમાં પ્રકાશનું એક કિરણ પણ જવા દેવા નહોતી ઈચ્છતી.

'શું થયું છે આ દીકરીને?' બાળકીની માંદગીનો મનોમન અંદાજ લગાવતા મેં પૂછ્યું.

'આઠ દિ'થી તાવ આવે છે અને છેલ્લા બે દિ'થી ઓકે છે(ઉલટી કરે છે)' દાદાએ જવાબ આપ્યો.

‘ઘરમાં કોઈને કાંઈ મોટી બીમારી છે ખરી? કોઈને ટીબીનો રોગ ખરો?’ વાતને ફેરવી ફેરવીને પૂછવા કરતા મેં સીધું જ પૂછી લીધું.

‘આ દીકરીનો બાપ થોડા દિ’થી છાતીમાં દુખવાની ફરિયાદ કરે છે. એને હાડકળતર રે’તુ હોય એવું લાગે છે. ઉધરસ પણ ખાતો હોય છે. પણ ક્યાંય દેખાડ્યું નથી.’

‘આ જોડે છે એ દીકરીનો બાપ છે?’ મેં પૂછ્યું.

‘ના સાહેબ! આ નહીં, આ તો એનો કાકો છે. એનો બાપ તો ઘરે ખાટલામાં પડ્યો છે.’ દાદાએ જવાબ આપ્યો.

‘એ માણસ ખાટલે પડ્યો છે છતાં કેમ ક્યાંય દેખાડ્યું નથી?’ મેં સવાલ કર્યો.

દાદા બે ઘડી ચૂપ થઇ ગયા. પોતાનાં દીકરા સામે એક અછડતી નજર નાખી અને પછી થોડાંક ઢીલા અવાજે બોલ્યા, ‘ફર્ય નો’તી! (સગવડ નહોતી)’

મને આઘાત લાગ્યો. ઘડીક હું ચૂપ થઇ ગયો. ઘરનો એક યુવાન સભ્ય માંદો હોય અને એને દવાખાને લઇ જવાની પણ સગવડ ન હોય એ કેવું કહેવાય? એમના ઘરમાં કેટલી હદે તકલીફ હશે એ અંગે વિચારતા વિચારતા મેં પેલી દીકરીને તપાસી. નિદાન અંગેની મારી ધારણા લગભગ સાચી હતી. એને મગજમાં ટીબીનો ચેપ લાગ્યો હોય એવું જ લાગતું હતું. એ રોગને અમારી મેડિકલની ભાષામાં ટ્યૂબરક્યુલસ મેનિન્જાઈટીસ કહે છે. મગજમાં લાગતો ટીબીનો આ ચેપ ખૂબ જ ભયંકર સ્વરૂપ પકડી શકે છે. એના ત્રીજા સ્ટેજમાં લગભગ ૮૦ ટકાથી વધારે બાળકો સારવાર કરવા છતાં મરણને શરણ થઇ જતા હોય છે. ઉપરાંત ઘણી વાર દર્દીને કેટલાંક અઠવાડિયાઓથી લઈને મહિનાઓ સુધી હોસ્પિટલમાં રહેવું પડતું હોય છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મનોમન મારું નિદાન પાકું કરીને પછી મેં દાદાને કહ્યું, ‘દાદા! આ દીકરીને મગજમાં ટીબીનો પાક હોય એવું લાગે છે, દાખલ કરવી પડશે.’

દાદાએ ઘડીક એના માંદા દેખાતા દીકરા સામે જોયું. બાપ દીકરાએ આંખોથી જ કાંઈક વાત કરી. પછી દાદા બોલ્યા, ‘કાંઈ વાંધો નહી, બાપા! દાખલ કરવી જ પડે એમ હોય તો ઘર્યે પાછા લઇ જવાનો શું ફાયદો? પણ એને દવાખાનામાં કેટલાક દિ’ રાખવી પડશે?’

‘સાજી થાય એટલા દિ’! અથવા તો જોખમમાંથી બહાર આવે એટલા દિવસ’, મેં કહ્યું.

'બે-ચાર દિ' થાશે?' દાદાએ સવાલ કર્યો.

'ના! એનાથી ઘણું વધારે થશે', મેં જવાબ આપ્યો.

દાદા ફરીથી વિચારમાં પડી ગયા. દીકરીને ત્યાં જ સુવડાવીને બાપદીકરો મારી રજા લઈને બહાર ગયા. થોડીવાર પછી બહાર બેઠેલાં દાદી સાથે વાત કરીને એ લોકો પાછા આવ્યા. પછી દાદા બોલ્યા, 'ના બાપા! ઈ નઈ પોહાય. એટલા બધા દિ' દવાખાનામાં રહેવાનું પોહાણ થાય એમ નથી. ઘર્યે ઘેરોએક ઢોર બાંધેલા છે. એ નાના છોરું જેવા કેવા'ય, એનું ધ્યાન કોણ રાખે? અમારે આ દીકરીને દાખલ નથી કરવી. તમે તમતમારે ઘર્યે થાય એવી દવા લખી દ્યો.'

હું મૂંઝાયો. મારે તો હજું પાકું નિદાન કરવાનું પણ બાકી હતું. દાદાને સમજાવવા મેં દલીલ કરી કે, 'દાદા! આ સાદો નહી, મગજના ટીબીનો કેસ લાગે છે. આ રોગમાં આંચકી પણ આવી શકે. જો આ છોકરીને આંચકા આવશે તો તમે ઘરે શું કરશો? એ વખતે એને તરત પાછી લાવવી પડશે. એના કરતા અત્યારે જ રોકાઈ જાવ એ જ તમારા બંનેના લાભમાં છે.'

પણ સામી તરફ દાદા પણ મક્કમ હતા. મારી કોઈ પણ દલીલને સમજવા એ જાણે કે તૈયાર જ નહોતા. એ બોલ્યા, 'તો લાવશું પાછા, પણ અત્યારે તો અમને જવા દ્યો. આજ થાતી હોય એટલી દવા પણ લખી દ્યો.'

મેં ઘણી બધી રીતે એમને સમજાવવા કોશિશ કરી જોઈ. પણ દાદા ટસના મસ ન થયા. હું સાવ અસહાય થઇ ગયો. હું જાણતો હતો કે મગજના ટીબીમાં બરાબર સારવાર ન કરવાથી પરિણામ મોત જ હોય. પરંતુ દાદા મારી કોઈ પણ વાત સાંભળવા તૈયાર જ નહોતા. મને પેલી ગૂંચળું વળીને સૂતેલી અને દર્દથી કણસતી બાળકીની દયા આવતી હતી. પરંતુ જયારે એના ઘરના લોકો જ એની સારવાર કરાવવા રાજી ન હોય તો હું એને કઇ રીતે મદદ કરી શકું? મારો જીવ બળતો હતો. પ્રથમ વખત નિષ્ફળ જવા છતાં મેં ફરી એકવાર દલીલો કરી જોઈ. પણ એય વ્યર્થ! પેલા જિદ્દી દાદા એમની 'નાં' ને 'હા' માં બદલવા તૈયાર ન થયા એટલે ન જ થયા.

કંટાળીને મેં કહ્યું કે, 'દાદા! આ રોગની હજુ ખાતરી નથી થઇ ત્યાં હું તમને દવા કઇ રીતે લખી આપું? મારે એની કમરમાંથી પાણી લઈને તપાસ કરાવવી પડશે. જો એ ટીબીનો પાક હશે તો ટીબીની દવાઓ આપવી પડશે અને જો સાદો પાક હશે તો નસમાં ઇન્જેક્શન આપવા પડશે. એમાં પણ ઓછામાં ઓછા દસથી ચૌદ દિવસ તો રહેવું જ પડે!' મેં એમને સમજાવવાની કોશિશ કરી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘નાં બાપા. એટલા બધા દિ’ દવાખાનામાં રે’વાય એવું નથી. હવે તો લાખ વાતની એક વાત, અમને દવા લખીને ઘર્યે જવા દ્યો.’ દાદાએ એમની એકની એક વાત પકડી રાખી.

‘તો પછી તમે એને એમને એમ જ લઇ જાવ. હું એને ફક્ત તાવની દવા આપી શકું. બાકી, નિદાન વગર તો મારે કઇ રીતે દવા પણ લખવી?’ મેં તાવની સદી દવા લખીને કેસ પેપર એમને પાછું સોંપતા કહ્યું.

મને ગળા સુધી ખાતરી હતી કે એ લોકો ચોક્કસ એ દીકરીને પાછી લઇ જ જશે, પણ કુદરતે કાંઈક જુદું જ નક્કી કર્યું હતું. મેં કેસ પેપર દાદાના હાથમાં પાછુ આપ્યું બરાબર એ જ વખતે ટેબલ પર પડેલી એ બાળકીને જોરદાર આંચકા આવવાના શરુ થયા. એના ડોળા ફરી ગયા અને હાથ-પગ ખેંચાવા માંડ્યા. મોમાંથી ફીણ નીકળવાં લાગ્યા, દાંત ભીસાઈ ગયા અને જીભ કચરાઈ જવાથી એના મોમાંથી લોહી નીકળવા માંડ્યું. કામ્પોઝનું ઇન્જેક્શન આપીને મારે એની આંચકી બંધ કરવી પડી. એની ખેંચ અટકી અને શ્વાસ બરાબર ચાલતા થયા. એ પછી કાંઈ પણ બોલ્યા વિના મેં દાદા સામે જોયું. આ વખતે હું એક પણ દલીલ કરું એ પહેલા મારી સાથે નજર મળતાની સાથે દાદાએ જ કહ્યું, ‘સાહેબ! એને દાખલ કરી દ્યો!’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મારે એટલું જ જોઇતું હતું. હવે એક જિંદગી બચી જશે એવાં વિચારમાત્રથી હું ખુશ થઇ ગયો. દાદાનો વિચાર ફરી જાય તે પહેલા મેં એ દીકરીને દાખલ કરી દીધી. એના કમરના પાણીનો રીપોર્ટ કરાવ્યો. મારી ધારણા મુજબ એને મગજનો ટીબી જ થયો હતો. અમે ટીબીની તેમજ ખેંચની(આંચકીની) દવાઓ શરૂ કરી. બે-ત્રણ દિવસમાં જ છોકરીને સારું લાગવા માંડ્યું. હજું એને બીજા આઠેક દિવસ રહેવાની જરૂર હતી. પણ પાંચમાં દિવસે દાદા મને મળવા આવ્યા. નીચું જોઇને જ બોલ્યા, ‘સાયબ, બાપા! મને ખબર્ય છે કે છોડીને હજી દાખલ રે’વાની જરૂર છે. પણ એક ભૂંડી કફ્ર્ય (અગવડ) આવી પડી છે. એટલે તમારે રજા આપવી જ પડશે. બાકીના અન્જીશન અને દવા અમારાં ગામના દાકતર પાંહે કરાવશું. પણ આજ અમારે ગમે એમ કરીને નીકળી તો જાવું જ પડશે.’

‘કેમ દાદા!’, મેં પૂછ્યું, ‘એવી તો શું કફ્ર્ય આવી પડી છે કે તમારે અર્ધી સારવારે જવું પડશે?’

‘આ દાખલ કરીને, ઈ દીકરીનો બાપ ઘર્યે છે ને એને કાલ્ય લોહીની ઊલટી થઇ છે. મારે એને લઈને જિંથરી ટીબીનાં દવાખાને જાવું પડશે. નહીતર ઈવડો ઈ.. ..!’ દાદા આગળ ન બોલી શક્યા. હું પરિસ્થિતિ પામી ગયો. મેં ક-

મને એ દીકરીને રજા આપી પછી એમના ગામના ડોક્ટર પર વિસ્તારથી એક કાગળ પર દવાઓ અને સૂચનાઓ લખીને એમને આપી. ઉપરાંત દાદા તેમજ માજીને ખાસ તાકીદ કરી કે દીકરીને બરાબર આઠમાં દિવસે બતાવવા લાવવી.

રજા લઈને એ લોકો ગયા. એ બાળકીને એના પિતા તરફથી જ ટીબીનો ચેપ લાગ્યો હશે એની મને ખાતરી થઇ ગઈ. છોકરીનો રોગ હજું શરૂઆતના તબક્કામાં હોવાથી એ જલદી સાજી થવા માંડી હતી. મને ખાતરી હતી કે એ સંપૂર્ણ સારી થઇ જશે, પરંતુ એના પિતાની લોહીની ઊલટી વિષે જાણ્યા પછી એ કુટુંબ પર આવી પડેલી આફતોનો વિચાર કરતા મને એમના પ્રત્યે સહાનુભૂતિની લાગણી થતી હતી. સાથોસાથ મારા મનનાં એક ખૂણે એક ચિંતા પણ ધીમે ધીમે એનું સ્થાન લઇ રહી હતી.

એ પછી તો દિવસો પસાર થતા ગયા. રોજ-બરોજના કામના બોજ નીચે હું એ બાળકી અને એના કુટુંબને લગભગ ભૂલી જ ગયો હતો. હા, ક્યારેક કોઈ ટીબીનું દર્દી આવી ચડતું ત્યારે અચાનક એ બાળકી યાદ આવી જતી. એ લોકો બતાવવા કેમ નહી આવ્યા હોય એવું થતું પણ ખરું. પરંતુ પછી તો એ તરતજ ભૂલી જવાતું.

જૂન મહિનાની એક સવારે લગભગ આઠેક વાગે વોર્ડમાંથી સંદેશો આવ્યો કે 'એક છોકરીને ખૂબ આંચકી આવે છે તમે જલદી આવી જાવ'. હું દોડતો વોર્ડમાં પહોંચ્યો. જોયું તો પેલી દીકરી જ હતી. દાદા-દાદી પણ એજ હતા. પરંતુ આ વખતે એમની જોડે અન્ય કોઈ નહોતું. દાદા પણ થોડા નંખાઈ ગયેલા લાગતા હતા. હા, એમના કપડાં હજું એવાજ હતા, ધોળા બાસ્તા જેવા! પરંતુ એ વખતે એમની સાથે વાત કરવાનો સમય નહોતો. મેં ઝડપથી એ દીકરીની સારવાર શરૂ કરી. એની ખેંચ બંધ થઇ પછી મેં દાદાને ઓફિસમાં બોલાવ્યા. કેસ પેપરમાં વિગત ભરતા મેં વાત શરૂ કરી, 'કેમ દાદા! બતાવવા નહોતા આવ્યા?'

દાદા કાંઈ બોલ્યા નહીં. એમણે દાદીની સામે જોયું. દાદીની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ ટપકી ગયા.

કાંઈક અજુગતું બન્યું છે એના ઓથાર સાથે મેં વાત બદલીને પૂછ્યું, 'આ દીકરીના બાપાને કેમ છે હવે?'

'એને આઠ દિ' પે'લા વળાવ્યો!' દાદા માંડ બોલી શક્યા.

'જિંથરી હોસ્પિટલમાં પણ સારું ન થયું?' મેં પૂછ્યું, 'એ દવાખાનામાં તો ભલભલાં મડદાં પણ બેઠા થઇ જાય છે!'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'ઈ બધુંય સાચું બાપા! પણ કરમ જ ફૂટલાં હોય ત્યા દોષ કોને દેવો?' દાદા બોલ્યા. આ બધી વાતચીત દરમિયાન દાદી એક શબ્દ પણ નહોતા બોલ્યા. એ તો બસ, સાવ મૂંગા મોઢે એકધારા આંસુ વહાવતા હતા.

'અને આના કાકા, જે પહેલી વખત સાથે આવ્યા હતા એ તો સારા છે ને? મને તો એ પણ માંદા જ લાગતા હતા એ વખતે.' મેં વાત બદલવા પ્રયાસ કર્યો.

'મોટાને વળાવ્યો ઈ દિ'થી એણેય ખાટલો પકડ્યો છે. આઠ દિ'થી એ ઊભો જ નથી થયો. એને ય જિંથરી લઇ જવાની જરૂર છે. પણ..' દાદા બોલતા બોલતા અટકી ગયા.

' 'પણ' શું?' મેં અધૂરા વાક્યને પકડવાનો પ્રયાસ કર્યો.

દાદા બે ઘડી થંભ્યા. ઊંડો શ્વાસ લીધો. અછડતી એક નજર દાદી તરફ પણ નાખીને પછી બોલ્યા, 'પણ.. હમણા ખૂબ નાણાભીડ છે. થોડાંક માલઢોરને તો ગયા અઠવાડિયે પાંજરાપોળમાં મૂક્યા. બે-ત્રણ માવડીયુંને (ગાયોને) હાથ જોડી, પગે લાગીને છૂટી મૂકી દીધી. એના નસીબ હશે ત્યાંથી પેટ ભરી લેશે. સાયબ! બસો વીઘાં જમીન છે. પણ કોઈ [illegible] થયાં. કાળે ગુડા ભાંગી નાખ્યાં બાપ! નકર બધુંય [illegible] તું અમારે ત્યા. પણ કયે છે ને કે સમય સમય બળવાન છે. એ કાલનો માર ખાઈને અમે આજ લાચાર થઇ ગ્યા છીએ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એમની લીબુની ફાડ જેવી મોટી મોટી આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. પણ એમણે એ પીડાને બહાર ન ટપકવા દીધી. તરતજ જાણે કે એ બધું પી ગયા હોય એમ સ્વસ્થ થઇ ગયા.

હું વિચારમાં પડી ગયો. એ વખતે મારો પગાર પણ દર મહિને ફક્ત ૨૭૫૦/- રૂપિયા હતો. એમાંથી મોટા ભાગના પૈસા તો હું ગરીબ દર્દીઓને આપી દેતો. મહિનાને અંતે મારા ઘરમાં પણ કાંઈ વધતું નહી. ઘણી વાર તો મોટીબેન પાસેથી પૈસા કે જરૂરિયાતની વસ્તુઓ મંગાવવી પડતી. પરંતુ એ જ દિવસે મારા હાથમાં પગાર આવ્યો હતો. એટલે નસીબજોગે મારા ખિસ્સામાં એ પૈસા પડ્યા હતા. મેં એ પૈસા કાઢ્યા. એમાંથી એક હજાર રૂપિયા જુદા તારવીને દાદાને આપવા હાથ લંબાવ્યો.

પરંતુ દાદાય સૌરાષ્ટ્રની ધરતીનું પાણી પીને મોટા થયા હતા. એ તો પૈસા જોઇને જાણે સાપ જોઈ ગયા હોય એમ ભડકી ઉઠ્યા. મારી સામે જોઇને એમણે સવાલ કર્યો, 'આ શેના પૈસા સાયબ?'

'તમારા નાના દીકરાને કાલે જ જિંથરી લઇ જાવ. હમણાં તમારે ફર્ચ ન હોય તો કાંઇ નહી. અત્યારે મારી પાસેથી લઇ જાવ. પણ એની દવા કરાવો.' મેં કહ્યું.

'હોય સાયબ! તમારા પૈસા તે લેવાતા હશે? ઈ તો સગવડ થઇ રે'શે, પણ તમારા તો ન જ લેવાય!' એ બે ડગલાં પાછા હઠી ગયા.

'અરે! પણ હું ક્યાં તમને દાનમાં આપું છું? ઉછીના ગણીને લઇ જાવ. પણ કાલે જ આ દીકરીના કાકાને ટીબીના દવાખાના ભેગો કરો!' મેં એમનો સંકોચ હળવો કરવા કહ્યું.

'નાં બાપા! ઈ નો બને! ઈ તો અમે કાંઇક કરશું!' દાદાએ કહ્યું.

મારી ઘણી વિનંતી છતાં એ ન માન્યા તે ન જ માન્યા. આમેય દાદા જલદી માને એવા નથી એનો તો મને પહેલા દિવસથી અનુભવ હતો જ. ઉપરાંત મારે એ દિવસે હજું ઘણું કામ બાકી હતું એટલે મેં પણ વધારે આગ્રહ કે માથાકૂટ ન કરી.

એ દીકરીને દાખલ કર્યાનાં પ્રથમ ત્રણ દિવસ એને ખૂબ આંચકી આવી. એવું લાગતું હતું કે કદાચ એ નહી જ બચે. પરંતુ ચોથા દિવસથી એની તબિયત થોડી સુધરી. એની આંચકી બંધ થઇ. એના હાથ પગ હલતા થયા. હજું એ પોતે ખોરાક નહોતી લઇ શકતી એટલે એને અમે નળી દ્વારા દૂધ તેમજ પ્રવાહી આપતા હતા. એ પછીના એટલેકે પાંચમાં દિવસે સવારે એ દીકરી માટે ઇન્જેક્શન તેમજ દવાઓ લાવવાનાં હતા. એ વખતે આ બધી દવાઓ ઘણી મોંઘી આવતી હતી. દાદાને મેં દવાની ચિઠ્ઠી આપી. એમણે તરતજ પૂછ્યું, 'સાયબ! દવા બપોર પછી લઈ આવું તો ચાલશે?'

'કેમ? દવાઓની તો અત્યારે જરૂર છે' મેં કહ્યું.

'ઘર્યેથી પૈસા મંગાવ્યા છે. બપોર પછી આવી જાશે.' દાદાએ બે જ વાક્યમાં જવાબ અને એમની પરિસ્થિતિ બંને જણાવી દીધા.

મેં ખિસ્સામાંથી પાંચસો રૂપિયા કાઢીને એમની સામે ધર્યા અને કહ્યું, 'જાઓ! દવા લેતા આવો. બપોર પછી પૈસા આવે ત્યારે મને આપી દેજો.'

પરંતુ દાદાએ તરત હાથ પાછો ખેંચી લીધો અને બોલ્યા, 'નાં સાયબ! ઈ પૈસા તો હું નહીજ લઉં! અને બેચાર કલાકની તો વાત છે. હમણાં કો'ક આવી જ પૂગ્યું સમજો! એ નઈ આવે તો હું તમને જણાવીશ.' દાદાએ ફરીથી એવો જ વ્યવહાર કર્યો જેવો એમણે પહેલી વખત કરેલો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મને એમના માટે માન થઈ આવ્યું. પરંતુ સાથો સાથ થોડીક ચીડ પણ ચડી. કારણ મારે દવાની એ જ સમયે જરૂર હતી. એટલે મેં જરાક ચીડ સાથે કહ્યું, ‘ કેમ દાદા! તમે કેમ આ પૈસા લેતા નથી? દીકરીને અત્યારે જ દવાની જરૂર છે એટલે આપું છું, તમે ગરીબ છો એટલે નહી. હું પણ સમજી શકું છું તમારા મનની વાત. પણ અત્યારે એવી ટેકની નહી પણ સમયની કિંમત છે. સમયસર દવા ન જાય તો એનો પણ કોઈ અર્થ નથી રહેતો એ વાત કોઈ પણ વ્યક્તિ સમજી શકે. હું તો માનું છું કે તમારે આ લઈને દવા લઇ આવવી જોઈએ. એટલે મારી વાત માનો અને આ સ્વીકારી લો!’ મેં કહ્યું.

પણ એમ એ દાદા માને? એ ન જ માન્યા. ‘કોઈ પણ લઇ લે સાયબ! પણ હું નહી લઉં’ એવું જાણે બોલ્યા વિના જ કહેતા હોય એવી રીતે એમણે કહ્યું, ‘લાવો સાયબ! ચિઠ્ઠી આપો! અત્યારે જ હું કાંઈક કરું છું.’

મને એમની ખુમારી જોઇને પન્નાલાલ પટેલનાં પુસ્તક માનવીની ભવાઈનાં મુખ્ય પાત્ર કાળુની યાદ આવી ગઈ. દુષ્કાળ પીડિતો માટે રાહત સામગ્રી અપાતી હોય છે ત્યારે કાળુ એ લેવાની ના પાડી દે છે. એ ખેડૂત પુત્ર રાહતના ચોખાના ઢગલાને જોઇને કહે છે કે, ‘ આમાં તો એ ડાંગર પણ છે જે મેં ઊગાડી હતી. લાવો મને ઢગલો જોવા દ્યો, મારો પકવેલો એકે એક દાણો ગોતીને અલગ કરી આપું, અને આ જ ડાંગર માટે હુ હાથ લંબાવું?’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એની આનાકાની જોઇને હવાલદાર પૂછે છે કે, ‘અલ્યા એય! કેમ લેવાની નાં પાડે છે? શાહુકાર છો?’

એ વખતે કાળુ જવાબ આપે છે કે, ‘શાહુકાર હોત તો લઇ લેત! પણ કણબી છું એટલે નઈ લઉં!’

આજે આ કણબી દાદાની એજ ખુમારી એમના વાણી-વર્તનમાંથી છલકાતી હતી. હું અભિભૂત થઇ ગયો. એમણે બપોર પહેલા દવા લાવી આપી. કઈ રીતે એ તો મને ખબર નથી, પરંતુ દીકરી દવા વગરની ન રહી.

મગજનો ટીબી એ બહુ લાંબુ અને કંટાળાજનક દરદ છે. મહિનાઓ સુધી દર્દી સારું થાવાનું નામ જ ન લે. અને આ કેસમાં તો દરદે ઉથલો માર્યો હતો. એ દીકરી સાવ ધીમે ધીમે સારી થઇ રહી હતી. એ દરમિયાન હું દાદાને જિંથરી જવાનું યાદ કરાવતો. દીકરીના કાકાની તબિયત અંગે પણ પૂછતો. દાદા લઇ જવાની વાત કરતા અને પછી ચિંતામાં ડૂબી જતા. હું ખૂબ સમજતો કે એમની ચિંતાનું કારણ શું છે. હું મદદ કરવા પણ તૈયાર હતો, પરંતુ દાદાની ખુમારી કહો કે જીદ કહો – જે કહો તે, હું સાવ લાચાર બની જતો હતો.

લગભગ બારમાં દિવસે એ દીકરી હજું એમ જ અર્ધ-બેહોશીમાં પડી હતી. એ દિવસે એક છોકરાને છાતીમાં નળી મૂકવાની હોવાથી હું ત્રણ વાગ્યે વોર્ડમાં ગયો હતો. નળી મૂકવાનું કામ પતાવીને હું ઓફિસમાં બેસીને લખી રહ્યો હતો એ વખતે દાદા આવ્યા. આવતા વેંત દસ્ડસ્કે ને દસ્ડસ્કે રોઈ પડ્યા. પહેલી વાર હું એમને ઢીલા પડતા અને આમ રડતા જોઈ રહ્યો હતો. મેં એમના હાથ પકડીને બાજુની ખુરશીમાં બેસાડ્યા.

'કાં દાદા! શું થયું? આમ અચાનક રડવાનું કાંઈ કારણ?' મેં પૂછ્યું.

દાદા કાંઈ બોલી ન શક્યા. થોડી વાર એમ જ રોતા રહ્યા. હું પણ અત્યાર સુધી અડીખમ ઊભાં રહેલા એ હિમાલયને અનરાધાર ઓગળતો જોઈ રહ્યો.

થોડીવાર પછી જરાક સ્વસ્થ થઈને એ બોલ્યા, ' સાયબ! અમને રજા આપી દ્યો, ઘરે જવું પડે એમ છે.'

'પરંતુ દાદા, બન્યું છે શું એ તો કહો! આ દીકરીને હજું થોડા દિવસ રોકાણ થાય એમ છે. તમે આમ જલદી જવા કેમ તૈયાર થયા? ઘરે કાંઈ....?' મેં જાણી જોઇને સવાલ અધૂરો છોડ્યો.

દાદાએ મારી સામે જોયું. એમની મોટી આંખો લાલઘૂમ થઇ ગઈ હતી. [illegible] પાંપણ હજું ટપકતી હતી. થોડીવાર એમ જ મારી સામે જોયા પછી એ બોલ્યા, ' સાયબ! નાનો પણ ગયો! હમણાં એક ભાઈ આવ્યા ઈ સમાચાર લાવ્યા. એને લોહીની એક જ ઉલટી થઇ અને જીવ વયો ગ્યો. હજું તો અમે એને જિંથરી લઇ જવાની તૈયારી કરતા જ હતા, ન્યાજ!... અમારે બહુ છેટું પડી ગયું બાપા! અમને જાવા દ્યો. છોડીને હવે રહેવું હશે તો રે'શે. નહિતર પ્રભુની ઈચ્છા હશે ઈ થાશે, પણ અમને રજા આપી દ્યો!'

હું હચમચી ગયો. એમને આશ્વાસન આપવાના કોઈ શબ્દો પણ મને નહોતા જડતા. મેં તો એમને મદદ કરવા ઘણી કોશિશ કરી હતી, પરંતુ ખમીરવંતી કાઠીયાવાડી ધરતીનો ખુમારીવાળો એ માણસ એમાં કાયમ નાનપ અનુભવતો રહ્યો હતો. મને ખાતરી હતી કે પેલી છોકરી હવે નહી બચી શકે. પરંતુ, હવે અન્ય કોઈ પણ દલીલ કે સમજાવટને અવકાશ જ નહોતો. મેં ચૂપચાપ રજાના કાગળ તૈયાર કર્યાં. સરકારી દવાખાનું હોવાના લીધે ફી તો થોડાંક રૂપિયાથી વધારે ભરવાની થતી નહોતી. એ પણ ચૂપચાપ મેં ભરી દીધી. એમને કાગળિયાં આપીને રવાના કર્યાં. બપોરના ત્રણ વાગ્યે મડદાં જેવી છોકરીને ખભે લઈને મનથી ભાંગી ગયેલા એ વૃદ્ધ દંપતીએ દવાખાનાનો દાદરો ઉતરવાનું શરૂ કર્યું ત્યારે મારાથી, ડોક્ટર હોવા છતાં મનોમન રડી પડાયું. હું પણ

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

છપ્પનિયા કાળ વખતે આદિવાસીઓની અવદશા જોઇને બોલી ઊઠતા માનવીની ભવાઈનાં નાયક કાળુની માફક મનમાં જ બોલી ઊઠ્યો કે, ‘ફટ રે ભૂંડા ભગવાન! માણસના જણ્યાની આ દશા? આવો કપરો દુષ્કાળ? કે સારવારના પૈસાના વાંકે ઘરના બબ્બે કન્ધોતરને આ ઘરડાં માણસે કાંધ આપવી પડે? આવી મજબૂરી અને આટલી હદની લાચારી?’

દાદા અને દાદી દેખાતાં બંધ થયાં ત્યાં સુધી હું ઓફીસના બારણામાં એમ જ જડાઈને ઊભો રહ્યો. જૂનના એ બપોરનો કાળઝાળ તડકો નક્કર જમીનને પણ વરાળ બનાવી રહ્યો હોય એમ જમીન પરથી વરાળ ઊઠતી હતી. એ વખતે દૂરના દૃશ્યો ઝાંખા થઇ ગયા હોય એવાં લાગતાં હતાં. કદાચ, એ મારી આંખોમાં આવી ગયેલી ભીનાશને લીધે પણ હોય!

*

(એ વરસે સમગ્ર સૌરાષ્ટ્રમાં કેટલ કેમ્પ્સ કરવા પડેલા. માલ-ઢોરની દશા ખરેખર દયામણી કરતાં પણ બદતર કહી શકાય એવી બની ગઈ હતી. હજારો પશુઓ ૧૯૮૭માં મરણને શરણ થયાં હતાં. એવાં પશુઓની થોડી ઘણી ગણતરી એ વખતે થઇ હતી. પણ, આવા સમયના મારથી ચુપચાપ મૃત્યુ પામેલા અનેક કુટુંબોની ગણતરી કદાચ ક્યારેય સાચી નહીં થઇ શકે. સેંકડો વીઘા જમીનના માલિક હોવા છતાં લાચારીના વિષ પીવા પડ્યા હોય એવા આ દાદા જેવા કેટલાય માણસોના નિસાસાઓ પણ કાળની ગર્તામાં ક્યાંય ખોવાઈ ગયા હશે. આજે એ કપરો કાળ વિસરાઈ જવા આવ્યો છે. પણ મારા મનમાં એ દાદા અને એમની ખુમારી એવા જડાઈ ગયા છે કે આજ સુધી એ દૃશ્યો એમ જ છે, સાવ જીવંત, એવાં ને એવાં જ!)

***

9. આમંત્રણ

ભાવનગરના એક ટ્રસ્ટ હોસ્પિટલની ભરચક ઓપીડીમાં હું ગળા સુધી કામમાં ડૂબેલો હતો. ૧૯૮૯ના જુલાઈ મહિનાનો એ સમય હતો. ચોમાસાની હાજરીની સતત પ્રતીતિ કરાવતો બફારો વારંવાર રૂમાલથી મોઢું લૂંછવા મજબુર કરી દેતો હતો. ઓપીડીમાં ભીડ પણ ખૂબ જ હતી. મહુવા હોસ્પિટલ છોડ્યા પછી હું ભાવનગરમાં ફૂલ ટાઇમ બાળરોગ નિષ્ણાત તરીકે એક ટ્રસ્ટમાં જોડાયો હતો. સવાર સાંજ બન્ને સમયે મારી ઓપીડીમાં ખૂબ ગિર્દી રહેતી. કોઈને અન્યાય ન થાય તે માટે સિરિયસ પેશન્ટ સિવાય વચ્ચેથી કોઈને

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ન લેવા એવો મારો નિયમ હતો. અમે જરાપણ સમય ગુમાવ્યા વિના મશીનની માફક કામ કરી રહ્યા હતા.

બરાબર એ જ વખતે અધવચ્ચેથી જ એક દૂબળા-પાતળા માણસે અંદર આવીને કહ્યું, 'સાહેબ! મારા બાબાને જરા જલદી જોઈ આપોને! એની તબિયત થોડીક વધારે ખરાબ લાગે છે!'

મને નવાઈ લાગી કે બહાર કોઈ દર્દી સિરિયસ હોય તો મારા પટાવાળાએ મને જાણ કરી જ હોય. અને એવું નહોતું બન્યું. એનો અર્થ એવો જ હતો કે આવનાર ભાઈ સીધા જ અને કોઈને પૂછ્યા વિનાજ અંદર આવી ગયા હતા.

'પરંતુ ભાઈ! તમે બહાર ઊભેલાં સ્ટાફને વાત કરી જોઈ?' મેં પૂછ્યું.

'નાં સાહેબ!' એણે જવાબ આપ્યો.

'પરંતુ ભાઈ! તમારે બહાર સ્ટાફને તો વાત કરવી જોઈએને? એ તમને યોગ્ય માર્ગદર્શન આપત જ. તમે આમ સીધા અંદર કેમ આવતા રહ્યા?' મેં કહ્યું.

આવનાર ભાઈ થોડા અચકાયા. પછી બોલ્યા, 'સાહેબ! વાત એવી છે કે..'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'તમારું બાળક સિરિયસ છે?' મેં પૂછ્યું.

'નાં, સાહેબ! સિરિયસ તો ન કહેવાય.' એ ભાઈએ જવાબ આપ્યો.

'તો પછી તમારે વારા પ્રમાણે આવવું જોઈએને? હા, જો તમારું બાળક સિરિયસ હોય અને તમે આમ અંદર આવતા રહ્યા હો તો એ સમજી શકાય એવી વાત છે. પરંતુ જો એવું ન હોય તો આ ખોટું કહેવાય,' મને થોડી અકળામણ થતી હતી.

'પરંતુ સાહેબ! તમે મારા બાળકને એક વાર જોઈ તો લો! એનું મોઢું જોઈ લીધાં પછી તમે નાં પાડશો તો હું બહાર જઇને બેસી જઈશ. એ પછી તમે કહેશો ત્યારે અંદર આવીશ. પરંતુ તમે એક વાર એને જોઈ લ્યો. આજે જો મારા પર એટલી મહેરબાની કરશો તો હું તમારો ઉપકાર જિંદગીભર નહી ભૂલું!' એ માણસે રીતસર આજીજી કરી.

હવે મને નવાઈ લાગી. એટલા માટે કે જો એનું બાળક સિરિયસ નહોતું તો પછી એ માણસ ઉતાવળ શું કામ કરી રહ્યો હતો? અને બાળકને એકવાર જોઈ લેવાની આજીજી શું કામ કરતો હતો? એનો અર્થ તો એટલો જ થતો હતો કે

કદાચ એનું બાળક સિરિયસ જ હતું! પરંતુ હું કદાચ પછીથી કાંઈ ન કહું એટલા માટે એ પાણી પહેલા પાળ બાંધી રહ્યો હતો. એ જે હોય તે, પણ મને એની આ વિચિત્ર વર્તણૂક જોઇને એનામાં રસ તો જરૂર પડ્યો હતો.

'સારું. તમારા બાળકને અંદર લઇ આવો.' મેં એને અંદર આવવાની મંજૂરી આપી.

એ ભાઈ બહાર ગયા.

થોડીવાર પછી એ ભાઈથી પણ દૂબળી એક બહેન એની જોડે અંદર આવી. એના હાથમાં ગાભામાં વીટેલું એક અત્યંત દૂબળું પાતળું બાળક હતું. અશક્તિના અવતાર સમું એ બિચારું માંડ માંડ સાંભળી શકાય એવા ધીમા અવાજે રડતું હતું. બાળકનાં રડવાના અવાજથી હું ચમક્યો. એ કાષ્ટાતું હતું. કષ્ટાવાનો એ અવાજ એને કાંઈક વધારે તકલીફ હોવાની શક્યતા બતાવતો હતો. મેં એ બેનને મારી બાજુનાં નાના ટેબલ પર બેસવા કહ્યું. એ પછી એના બાળકને ઓઢાડેલું કપડું હટાવવાનું કહ્યું.

એણે બાળકને ઢાંકેલું કપડું હટાવતાં કહ્યું કે, 'સાહેબ! આ અગિયાર મહિનાનો થયો. પણ જુઓને, એનું ડિલ(શરીર) વળતું જ નથી. એને વારે ને ઘડીએ ઝાડા થઈ જાય છે, થોડા દિ'થી તો એ સાવ નંખાઈ ગયો છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મેં બાળક સામે જોયું. અગિયાર મહિનાનું એ બાળક જાણે કે દોઢેક મહિનાનું જ હોય એવું લાગતું હતું. વિટામીનની ખામીથી એના હાથ પગની ચામડી કાળી પડી ગઈ હતી. શરીરના પ્રમાણમાં ઘણું મોટું દેખાતું માથું, આખા શરીરે ઢગલો એક કરચલીઓ, અને સાવ ભૂખરા થઇ ગયેલા છૂટાછવાયા વાળ! અંગ્રેજીમાં જેને 'old man look' એટલે કે ઘરડા માણસ જેવો દેખાવ કહે છે એવો એનો દેખાવ હતો. અત્યંત કુપોષણથી અને અનેક ખામીથી પીડાતો અને રોગોથી ઘેરાયેલો એ જોરથી અવાજ પણ નહોતો કાઢી શકતો. બસ, ધીમે ધીમે રડીને પોતાનું દુખ કહી રહ્યો હતો. એ છોકરાના બાપની વાત બિલકુલ સાચી હતી, એ સિરિયસ નહોતો, પરંતુ અત્યંત તકલીફમાં જરૂર હતો.

બાળકને જોયા પછી એને બહાર મોકલવાનું મને મન ન થયું. એને બદલે મેં એ છોકરાનો કેસ જ બનાવવાનું શરુ કર્યું. એના બાપને નજીક બોલાવીને મેં પૂછવાનું શરૂ કર્યું.

'ક્યાંથી આવો છો?' મેં પૂછ્યું.

'ઘોઘા બાજુના ફલાણા ગામડામાંથી' છોકરાના બાપ તરફથી જવાબ મળ્યો.

'આનું નામ શું છે?' મેં સવાલ કર્યો.

'બુધિયો (મૂળ નામ જુદું છે)' આ વખતે બાળકની માએ કહ્યું.

'કેટલામું બાળક છે?' મેં આ વખતે માતાને જ સવાલ કર્યો.

'અગિયારમું!' બાળકનાં બાપે જવાબ આપ્યો.

હું ચમકી ગયો. 'અગિયારમું?' મારાથી પૂછાઈ ગયું. મને ગુસ્સો પણ આવ્યો. નહોતું બોલવું તો પણ હું બોલી ગયો, 'આટલાં બધાં બાળકો થાય પછી એની માતાના શરીરમાં શું હોય? આવા બાળકો અપૂરતાં પોષણ સાથે જ જન્મે. એમને માતા તરફથી લોહતત્વ તેમજ જરૂરી પોષક તત્વો મળ્યા જ ન હોય. તમારું બાળક વારંવાર માંદુ પડે છે એનું કારણ આ પણ હોઈ શકે. તમને ભાન નથી પડતું કે આજના જમાનામાં આટલાં બધાં બાળકો પોસાય ખરાં? તમને લોકોને તમારી જિંદગીનો ખ્યાલ રાખતા જ નથી આવડતું.'

'બાકીના બાળકો સાજા રહે છે ખરા?' મેં પૂછ્યું.

પતિપત્ની બેમાંથી એકેય કાંઈ ન બોલ્યા. મને નવાઈ લાગી. જોડે થોડી શંકા પણ જાગી. મેં શંકા સાથે પૂછ્યું, 'ક્યાં છે એ બધા? ઘરે છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પેલા દૂબળા પાતળાં માણસે એની પત્ની સામે જોઈને કહ્યું, 'ભગવાનને ત્યાં!' પછી આંખ લુંછી.

'ભગવાનને ત્યાં?' હું થોડોક થોથવાયો, 'એટલે? બધા…?'

'હા સાહેબ! બાકીના બધા પાછા થયા છે.(ગુજરી ગયા છે) અને આવડો આ પણ જીવતો રે'શે કે કેમ એ વાતની જ અમને બેય માણસને રાત-દિ' ચિંતા થાય છે. કો'કે વળી તમારી પાંહે આવવાનું કીધું એટલે આંયા આવ્યાં છીએ.' એ માણસ માંડ માંડ બોલ્યો.

હું ખળભળી ગયો. અગિયાર અગિયાર સુવાવડ પછી પણ ખોળો ખાલી હોય કે ખોળામાં જે હોય તે છીનવાઈ જવાની ધાસ્તી હોય ત્યારે શું હાલત થાય એ તો એ બે જણા જ જાણે, પરંતુ હું હવે એમને કોઈ પણ શીખામણ આપવાની સ્થિતિમાં નહોતો. મારું મગજ હવે સંપૂર્ણપણે એમના આ બાળકને કઈ રીતે બચાવી શકાય એના વિચારોમાં જ પરોવાઈ ગયું હતું.

'શું થાય છે આને?'મેં સવાલ કર્યો.

'સાહેબ, આને ઘડીએ ઘડીએ ઝાડા જ થઇ જાય છે.' છોકરાની માએ જવાબ આપ્યો.

મેં બીજા થોડાંક સવાલો પૂછીને પછી બાળકને બરાબર તપાસ્યું. પછી એના બાપને કહ્યું, ' આને દાખલ કરવો પડશે'.

'કાંઈ વાંધો નહી સાહેબ! કરી દ્યો' છોકરાના બાપે જવાબ આપ્યો.

વધારે કાંઈ પણ વાત કર્યા વિના કે સલાહ શિખામણ આપ્યા વિના મેં એ બાળકને દાખલ કરી દીધું.

અતિ કુપોષણથી પીડાતું એ બાળક જાણે સાજું થવા માંગતું જ ન હોય એમ બેચાર દિવસ તો સાવ મડદાની માફક પડ્યું જ રહ્યું. હા ક્યારેક ક્યારેક એના કષ્ટાવાનો અવાજ આવી જતો. અમે એને નસમાં પ્રવાહી તેમજ દવાઓ વગેરે આપીને ટકાવી રહ્યા હતા. છેક ચોથા દિવસની સાંજે એણે આંખ ખોલી ત્યારે અમારાં સૌના જીવમાં જીવ આવ્યો.

પછી તો દિવસો પસાર થતા ગયા. વસંતના આગમન વખતે જેમ ઝાડની ડાળીઓ પર થોડી થોડી કૂંપળ દેખાય એમ એ બાળકનાં શરીરમાં થોડો થોડો સુધારો દેખાવા માંડ્યો. થોડા દિવસ પછી એ બાળક થોડું વધારે સારું થયું. જો કે એકદમ સારું તો ન કહી શકાય, પરંતુ રજા આપી શકાય એટલું સારું તો થઇ જ ગયું. મેં એને રજા આપી. હારી જવાની અણી પર આવી ગયેલો ખેલાડી જીતી જાય અને એના મો પર જેવી ખુશી દેખાય એવી ખુશી એ બંનેના મો પર સ્પષ્ટ દેખાતી હતી. ટ્રસ્ટ હોસ્પિટલ હોવાને કારણે એ દંપતીને ઝાઝો ખર્ચ નહોતો થયો. છોકરો બચી ગયાની અને પ્રાઇવેટ દવાખાના કરતા ઓછો ખરચો થવાની એમ બેવડી ખુશી સાથે એ લોકો ઘરે ગયા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પણ કહે છે ને કે 'અક્કરમીનો પડિયો કાણો'! બસ, બુધિયાના કેસમાં પણ એમ જ થયું. એના માબાપનાં ભાગ્યમાં દીકરો સાજો થવાનો આનંદ ઝાઝો ટકવાનું લખ્યું જ નહી હોય. એકાદ મહિના પછી એ છોકરો એવી જ દશામાં પાછો આવ્યો. મેં ફરીથી એને દાખલ કરીને પાંચેક દિવસ રાખ્યો. એ વખતે પણ એ માંડ માંડ સાજો થયો. ત્રીજા મહિને પણ એમજ બન્યું. એ આવે ત્યારે લાગે કે આ વખતે તો એ સારો નહીજ થાય, પરંતુ એ તો પેલા ફિનીક્સ પંખીની જેમ દર વખતે મૃત્યુશય્યા પરથી બેઠો થઈને ઘરે પાછો જતો. છોકરાના શરીરની મોત સામે ઝઝૂમવાની કોઈ અદ્રશ્ય તાકાત અને એના માબાપની પ્રાથનાઓ કોણ જાણે શું ચમત્કાર કરતી હતી કે હું જે કાંઈ દવા આપતો હતો એનું તરતજ પરિણામ મળી જતું હતું. મારી બેચાર દિવસની મહેનત પછી એ દર વખતે બેઠો થઇ જતો હતો.

એપ્રિલ ૧૯૯૦માં મેં મારું પ્રાઇવેટ ક્લિનિક શરૂ કર્યું. બુધિયો તો એ પછી વારંવાર માંદો પડતો જ રહ્યો હતો. સાવ ગરીબ અને આર્થિક, સામાજિક

તેમજ શારીરિક રીતે કંતાઈ ગયેલાં એનાં માબાપ મારી પાસે આવતાં રહ્યાં. બુધિયો જયારે ખૂબ સિરિયસ હોય ત્યારે એના પિતા પૂછતા, 'સાહેબ! એ સારો તો થઇ જાશેને?' અને હું જવાબ આપતો કે. 'થઇ તો જવો જ જોઈએ!' અને જાણે ઈશ્વર અમારાં બંનેનું ધ્યાન રાખતો ન હોય એમ બુધિયો સારો પણ થઇ જતો! એ બધી સારવારના ખર્ચ અંગે પૈસાનો ક્યારેક વિનિમય થતો તો વળી ક્યારેક અમે બંને સમજી જતા કે આ વખતે પૈસાને બદલે ફક્ત હાથ જોડીને વિનિમય કરવાનો છે. અને અમે એ રીતની લેવડદેવડ પતાવીને હસતાં હસતાં છૂટાં પડતાં.

એ સમયે હું પણ ભયંકર આર્થિક તંગીમાંથી પસાર થઇ રહ્યો હતો. બેન્કના હપ્તાઓ દર મહિને આવીને ઊભાં રહી જતા લેણદારની માફક એક માનસિક તાણ બની રહેતા. એ વખતે આવું બિલ જવા દેવું એ મૂર્ખામી જ ગણાય. પરંતુ અમુક મૂર્ખામી આપણને આનંદ આપી જતી હોય છે. મને પણ એનાં બિલ કરતા બુધિયો સાજો થઈને જતો એ ગમતું. અને તો પણ, ખબર નહી કોઈ પણ રીતે અમારું ગાડું ગબડ્યે જતું હતું. જેમ બુધિયાનું ધ્યાન કોઈ ઈશ્વરીય શકિત રાખતી હતી એવું જ મારી જોડે પણ બનતું. અને એના લીધે જ ક્યારેય બુધિયાના પિતાને મારે ત્યાં આવવામાં સંકોચ નથી થયો અને ક્યારેય મારો હપ્તો ન ભરાયો હોય એવું પણ નથી બન્યું.

પછી તો ઉંમર વધવા સાથે બુધિયો ઓછો માંદો પડવા માંડ્યો. અને ૧૯૯૮ નાં વરસ પછી તો એ મારી પાસે સારવાર માટે આવતો પણ બંધ થઇ ગયો. ક્યારેક હું એના અંગે વિચારતો ત્યારે કેટલી બધી વાર એ મોતને હંફાવીને પાછો આવ્યો હતો એ યાદ આવી જતું. ક્યારેક એવું પણ થતું કે બુધિયો અને એના માબાપને હું યાદ હઈશ કે નહિ? પરંતુ એ સાજો થઇ ગયો એ જ મારા માટે સૌથી અગત્યની અને અત્યંત આનંદની વાત હતી. એક ગરીબ માબાપને લાંબી લડતને અંતે કુદરતની કરુરતા અને નિયતિની નાકામ હરકતોમાંથી મુકિત મળી હતી એ વાત જ મને હર્ષથી તરબોળ કરી દેતી. અને એક ડોકટર માટે એનાથી મોટું ખુશી થવાનું કારણ બીજું શું હોઈ શકે?

*

૨૦૧૨ની સાલમાં હું ઓપીડીના દર્દીઓને તપાસવામાં વ્યસ્ત હતો. અચાનક એક લાંબો અને પાતળો યુવાન મારી ચેમ્બરમાં દાખલ થયો. મને પગે લાગ્યો.

'કોણ ભાઈ?' મેં પૂછ્યું.

'સાહેબ! હું બૂધો!' એણે જવાબ આપ્યો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'કોણ બૂધો ભાઈ ' હું હજું અવઢવમાં હતો.

એજ વખતે એના પિતા અંદર આવ્યા અને બોલ્યા, 'સાહેબ! આ મારો બુધિયો!' એમની આંખોમાં રહેલાં ઝળઝાળિયાં અને કંઠમાં અટવાયેલાં ડૂમા સાથે હાથ જોડીને એ ઊભાં રહ્યા. હું એમને જોતા વેંત ઓળખી ગયો.

'ઓહો! આ પેલો.. પેલો બુધિયો? અરે! આટલો સરસ અને મોટો થઇ ગયો?' મારા મોઢામાંથી નવાઈના વેણ નીકળી ગયા. અને મને આશ્ચર્ય થાય એ પણ સ્વાભાવિક જ હતું. મેં તો હમેશા રોગની સાથે બથોડા લેતા એક હાડપિંજરને જ જોયું હતું. એ હાડપિંજર આવા સરસ યુવાનમાં ફેરવાઈ ગયેલું તો હું આજ પહેલી વખત જોઈ રહ્યો હતો.

'આવતા અઠવાડિયે એનાં લગન લીધાં છે સાહેબ! તમારે જરૂર આવવાનું છે!' એના પિતા માંડમાંડ બોલ્યા. કાંઈ કેટલાયે ભાવ એમની આંખમાં દેખાઈ રહ્યા હતા. પરંતુ જીભ આડે તો ડૂમાનો પથ્થર મૂકાઈ ગયો હતો. એવું લાગતું હતું કે એને બોલવું ઘણું છે પણ શબ્દો સાથ નથી આપતા. બાપ-દીકરો હાથ જોડીને ઊભાં રહ્યા.

મારી હાલત પણ એવી જ હતી. હું પણ કાંઈ બોલી શકું એમ ક્યાં હતો? મારા ગળામાં પણ ડૂમાનો દાટો બરાબરનો લાગી ગયો હતો. બેચાર મિનિટ બાપદીકરો એમ જ ઊભા રહ્યા. પછી 'જરૂર આવજો હો!' એટલું કહીને એ બંને જણાએ વિદાય લીધી. દસ દસ બાળકોને ગુમાવ્યા પછી બચી ગયેલા એ અગીયારમાને પરણાવવા જઈ રહેલા એ માણસના મનનાં ભાવ કદાચ કોઈ સાવ અંધ હોય તો જ ન વાંચી શકે એમ એની આંખોમાં લખાઈ ગયા હતા. અને એ ભાવોને કંડારવામાં કુદરતે મને નિમિત્ત બનાવ્યો હતો એની અધધ ખુશી મારી આંખોમાં પણ સ્પષ્ટ લખાઈ જ ગઈ હશે એની મને ખાતરી હતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મારા મનમાં ઊછળી રહેલા લાગણીનાં અને ઉર્મિઓના આખા દરિયાને આંખ વાટે છલકાઈ ન જાય એ માટે માંડ માંડ સાંચવતો હું થોડીવાર એમને એમ જ બેઠો રહ્યો.

અચાનક બુધિયાનો બાપ પાછો અંદર આવ્યો. મારી સામે હાથ જોડીને બોલ્યો, 'સાહેબ આવજો હો! અને આ દીકરો અને આ પ્રસંગ ફક્ત તમારે લીધે જ છે!' એ દૂબળા પાતળા માણસની આંખોની અંદરથી ડોકાતો આભારનો આંખો પ્રશાંત મહાસાગર મારા પર ઠલવાઈ રહ્યો હતો.

હું બીજું તો કાંઈ બોલી ન શક્યો. બસ, મેં ફક્ત આકાશ તરફ ઈશારો કરીને કહ્યું, 'બધું એના લીધે જ છે ભાઈ! આપણે તો માત્ર નિમિત્ત!'

એ માણસ ગયો. મેં બીજા દર્દીને અંદર મોકલવા માટે બેલ મારી. પછી આકાશ સામે જોઇને જરાક હસી લીધું.

***

10. ઋણ ચૂકવવાનો પ્રયાસ!

અમારાં શહેર ભાવનગરમાં એક મોટું મેદાન શહેરની બરાબર વચ્ચે જ આવેલું છે. એનું નામ તો છે ચાચા નહેરુના નામ પરથી 'જવાહર મેદાન', પરંતુ લોકો એને ગધેડિયા મેદાન તરીકે જ ઓળખે છે (પાછું બોલાય તો 'ગધેડિયા ફિલ્ડ' જ!). કોઈ પણ મોટા મેળાવડા, કથા કે પ્રદર્શન હોય એ નવ્વાણું ટકા તો આ મેદાનમાં જ હોય. આનંદમેળો તો લગભગ આ મેદાનમાં જ હોય! સર્કસ પણ અહીયા જ એનો તંબુ તાણે! ટૂંકમાં ભાવનગરની જનતા માટેનું એક ઉત્તમ જાહેર સ્થળ કોઈ હોય તો એ આ મેદાન છે.

એ મેદાનમાં એક વખત બંગાળ તરફથી આનંદમેળો આવેલો હતો. મારી દીકરી એ વખતે લગભગ પાંચેક વરસની હતી. આનંદમેળામાં જવાનો બાળકોને એક ગજબનો શોખ હોય છે. મારી દીકરી પણ મેળાની એવી જ શોખીન હતી. આવા મેળાવડા, જાદુગર કે સર્કસ, બાળ-નાટકો વગેરે જોવા અમે એને અવશ્ય લઈ જતા. એને એમાં ખૂબ મજા આવતી. જો કે બાળકોની જોડે આપણને પણ એમાં મજા જ આવતી હોય છે. બાળક જોડે હોય તો જ ફરીથી નાની-મોટી બધી રાઇડ્સમાં બેસી શકાય! સર્કસ અને જાદુગર જોઈ શકાય અને એ પણ સંકોચ વગર! બાળકનાં બહાને આપણું બાળપણ ફરીથી માણવાની એ એક તક આપણને પણ મળી જતી હોય છે!

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બંગાળથી આવેલા અને ગધેડિયા ફિલ્ડમાં લાગેલા એ આનંદમેળામાં અમે અમારી દીકરીને લઈને એક રવિવારે બપોરે પહોંચી ગયા. મેદાનના ઉત્તર છેડે એક મોટું પ્રવેશદ્વાર ઊભું કરવામાં આવ્યું હતું. એની ભવ્યતા અને એના પર લાગેલા રંગબેરંગી પોસ્ટર્સ જોઇને મારી દીકરી કારમાં જ કૂદવા લાગી હતી. એને મેળામાં જવાની ખૂબ જ ઉતાવળ હતી એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. મેળાના મુખ્ય પ્રવેશદ્વારની ની ડાબી તરફ પાર્કિંગ માટેની જગ્યા હતી. હું ત્યાં મારી કાર પાર્ક કરવા ગયો.

હવે એજ વરસે અમારાં શહેરમાં એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું કે આવી જાહેર જગ્યાએ પાર્કિંગ માટેની ફી લઇ શકાય નહી. અને જો કોઈ લે તો એ ગેરકાયદેસર ગણાય. પરંતુ અહિયાં તો ઊલટું જ દૃશ્ય દેખાતું હતું. એક પૂંઠા પર મોટા અક્ષરે લખેલું હતું કે કાર પાર્કિંગનાં ૨૦ રૂપિયા આપીને જ પોતાની ગાડી પાર્ક કરવી! મને નવાઈ લાગી. મારી આગળ એક ગાડી હતી. એ પછી મારો વારો હતો. ત્યાં ઊભેલાં યુવાન સાથે કઈ રીતે વાત કરવી એ અંગે હું

વિચારતો હતો એ જ વખતે આગળની કારવાળા ભાઈ અને પેલા પાર્કિંગની વ્યવસ્થા સંભાળતા યુવાન વચ્ચે ચાલતી રકઝકનો અવાજ મારા કાને પડયો.

મારી આગળની ગાડીવાળા ભાઈ ત્યાં ઊભેલાં એક યુવાન સાથે દલીલ કરી રહ્યા હતા કે, 'પાર્કિંગનાં પૈસા શા માટે આપવાના હોય? મેં જાહેરનામું વાંચ્યું હતું એ મુજબ તો એ ન જ લઈ શકાય! તો પછી તમે આ શા માટે ઉઘરાવો છો?'

'એ હું કાંઈ ન જાણું! તમારે વીસ રૂપિયા આપવા જ પડશે. કાંઈ વાત કરવી હોય કે ફરિયાદ કરવી હોય તો અંદર મારા સાહેબ બેઠેલા છે એમને જઇને કરો. બાકી, હું તો અહી કામ કરું છું. તમે જો વીસ રૂપિયા નહી આપો તો હું તમને ગાડી પાર્ક કરવા નહી જ દઉં!' એ યુવાને મક્કમતાથી કહ્યું.

'એવું તો કાંઈ ચાલતું હશે? ખરા લૂંટવા બેઠા છો!' એવું બબડતા બબડતા પેલા ભાઈએ પૈસા આપ્યા. પેલા યુવાને પાર્કિંગ ટિકિટ આપી. એ ભાઈ ગયા.

એ પછી મારો વારો આવ્યો. પહેલા તો હું પણ પેલા આગળવાળા ભાઈની માફક જ દલીલ કરવા તૈયાર હતો. પરંતુ એ બંને વચ્ચેની રકઝક સાંભળીને મારો વિચાર બદલી ગયો. મને વિચાર આવતો હતો કે આ યુવાન તો અંદર બેઠેલા કોઈક પાર્કિંગના પૈસા ઉઘરાવવાવાળાનાં આદેશ મુજબ કામ કરતો હતો. આ આખી વાતમાં એનો વ્યક્તિગત વાંક હતો જ નહી. એ તો ફક્ત ચિઠ્ઠીનો ચાકર જ હતો. એટલે એની સાથે કડવી દલીલો કરવાનો કોઈ મતલબ જ નહોતો. એના કરતા અંદર બેઠેલા એના બોસ સાથે જ વાત કરવી જોઈએ. મનમાં એવું નક્કી કરીને પાર્કિંગનાં પૈસા તૈયાર રાખીને મેં કાર એક ખાલી જગ્યા તરફ લીધી.

મેં મારી કાર પાર્ક કરી. પેલો યુવાન મારી પાસે આવ્યો. મારી સામે થોડીવાર એ ટીકી ટીકીને જોઈ રહ્યો. પછી હું કાંઈ બોલું એ પહેલા જ એ બોલી ઊઠ્યો, 'સર! તમે મેળામાં જતા આવો.'

'કેમ? મને પાર્કિંગની ટિકિટ નથી આપવાની? મેં નવાઈ પામતા પૂછ્યું.

'ના!' એણે ટૂંકો જવાબ આપ્યો.

'પણ, કેમ નહી?' મેં ફરીથી પૂછ્યું.

'સર! તમે મેળામાં જતા આવો, તમે પાછા આવશો પછી લઈશ!' એણે જણાવ્યું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મને નવાઈ લાગતી હતી. આ બાજુ મારી દીકરી મેળામાં જલદી જવા ઉતાવળી થઇ રહી હતી. એ મારો હાથ ખેંચતી હતી. એની અધીરાઈ જોઇને એ વખતે મેં વધારે દલીલ કરવાનું માંડી વાળ્યું. પાર્કિંગ ફી પછી ચૂકવવાનું નક્કી કરીને અમે લોકો બંગાળી આનંદમેળાનાં ભવ્ય પ્રવેશદ્વારમાં દાખલ થઇ ગયાં.

ત્રણેક કલાક પછી અમે બહાર આવ્યાં. ગાડી ખોલતા જ મને યાદ આવ્યું કે પાર્કિંગ ફી ચૂકવવાની તો બાકી હતી! મેં આજુબાજુ જોયું. પેલો છોકરો દૂર બેઠો બેઠો અમને જોઈ રહ્યો હતો. એ તો બિચારો ત્યાં નોકરી કરતો હતો એટલે એને બોલાવીને પણ મારે પાર્કિંગના પૈસા તો આપવા જ હતા. મેં ગાડીમાં બેઠાં બેઠાં જ એને ઈશારો કરીને બોલાવ્યો. એ નજીક આવ્યો.

‘ કેમ બેટા? પાર્કિંગનાં પૈસા નથી લેવાના? તું તો એવી રીતે બેઠો હતો કે જાણે મને એમ ને એમ જ જવા દેવાનો હોય!’ મેં ખિસ્સામાંથી દસ દસ રૂપિયાની બે નોટ કાઢતા કહ્યું.

મારી નવાઈ વચ્ચે એણે એ પૈસા લેવા હાથ લાંબો ન કર્યો. એ એમ જ ઊભો રહ્યો. થોડી વાર મારી સામે એમ જ જોઇને પછી બોલ્યો, ‘હા સર! તમને એમ ને એમ જ જવા દેવાના છે?’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘કેમ? તારા શેઠે એવું કહ્યું છે? કેમ મને એમ જ જવા દેવાનો? હું થોડો સરકારી વી.આઇ.પી. છું?’ મેં થોડી નવાઈ સાથે પૂછ્યું.

‘નાં સર! મારા શેઠને તો ખબર પણ નથી. એણે તો મને ઓળખીતા અને સરકારી માણસોને ફી વગર જવા દેવાનું કહેલું જ છે. એટલે મારે એમને પૂછવાની પણ જરૂર નથી.’ એ છોકરો અત્યંત નરમાશથી વાત કરતો હતો.

‘પણ ભઈલા! હું નથી તને કે તારા શેઠને ઓળખતો, કે નથી હું સરકારી માણસ! તો પછી મને તું એમ જ કેમ જવા દે છે?’ મારા હક્ક સિવાયનું વધારાનું કાંઈ લેવા મારું મન પણ રાજી નહોતું જ.

યુવાનીના ઉંબરે પગ દઈ રહેલા એ છોકરાનાં અવાજમાં ભીનાશ આવી. આજુબાજુ આવતી જતી ગાડીઓની ગતિવિધિઓ પર નજર રાખતાં એ બોલ્યો, ‘ સર! તમે મને નથી ઓળખતા, પણ હું તો તમને ઓળખું છું ને!’

આ વાત મારા માટે થોડી નવાઈની હતી. હું ગાડીમાંથી નીચે ઉતર્યો. એની પાસે જઇને ઊભો રહ્યો. એની સામે જોઇને પૂછ્યું, ‘બેટા! તું વાતનો કાંઈ ફોડ પાડીશ? મને તારો ચહેરો યાદ નથી આવતો અને તું કહે છે તું મને ઓળખે છે? તો તું મને સમજાવીશ કે તું મને કઈ રીતે ઓળખે છે?’

એ ઘડીક મારી સામે જોઈ રહ્યો. પછી જાણે કે ભૂતકાળમાં જોતો હોય એમ આકાશ તરફ આંખો કરીને કાંઈક વિચારતો રહ્યો. પછી મને કહે કે, 'સર! હું જયારે અગિયાર વરસનો હતો ત્યારે મને ટાઈફોઈડ થયો હતો. દસ બાર દિવસ સુધી તાવ ન ઊતર્યો ત્યારે મારા માબાપ મને તમારી પાસે લાવેલા. તમે કહેલું કે આને ટાઈફોઈડ છે અને દરદ ઘણું આગળ વધી ગયું હોવાથી એને દાખલ કરવો પડશે. મારા માબાપ બેઉ મજૂરી કરે છે. હવે તો હું ઘરમાં મદદ કરું છું પણ ત્યારે અમારી પરિસ્થિતિ ખૂબ ખરાબ હતી. મારા માબાપ પાસે પૈસા નહોતા. મને બરોબર યાદ છે કે તમે કહેલું કે અત્યારે દાખલ કરી દ્યો, પૈસાનું પછી જોયું જશે. સર, તે દિવસે તમારા દવાખાનામાં જગ્યા નહોતી તોય તમે મને બાંકડા પર ગાદલું નાખીને દાખલ કરી દીધેલો. મારી સારવાર કરેલી. થોડાક ઈન્જેકશન અમે લાવેલા અને થોડાક તમે તમારી પાસેથી આપેલાં. મારો તાવ ચાર દિવસ સુધી ઉતરવાનું નામ નહોતો લેતો. એ છેક પાંચમાં દિવસે ઉતરેલો. તમે મને પાંચ દિવસ દવાખાનામાં રાખેલો. છઠ્ઠા દિવસે રજા આપી ત્યારે મારા બાપાએ કહેલું કે કેટલા રૂપિયા આપવાના? અને..' એ એક ક્ષણ અટકી ગયો. ભૂતકાળના એ દિવસને જાણે જોઈ ન રહ્યો હોય એમ શૂન્યમાં તાકી રહ્યો. પછી બોલ્યો, 'અને સર! તમે કહેલું કે એક પૈસો પણ નહીં! બહેતર સાચું કહું, મારા બાપાના ખિસ્સામાં એ દા'ડે એક રૂપિયોય નહોતો. હું આજ તમારા લીધે તો જીવતો છું. તમે એ દા'ડે આટલા બધા રૂપિયા નહોતા લીધાં, અને એની સામે હું તો આજે તમારા વીસ રૂપિયા જ જવા દઉં છું! નાં સર! મારાથી તમારા પૈસા તો નો જ લેવાય!'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ થોડોક ગળગળો થઇ ગયો. હું પણ.

થોડીવાર પછી મેં સ્વસ્થતા ધારણ કરીને કહ્યું, 'બેટા! મારા દવાખાનાનો હું માલિક છું. હું કોઈના પૈસા લઉં કે ન લઉં એ મારી મરજી પ્રમાણે કાલે, પરંતુ તું તો અહિયાં નોકરી કરે છે. તારે આ વીસ રૂપિયા લેવા જ પડશે. તારે તારા શેઠને સાંજે હિસાબ આપવાનો હોય, એટલે આ લઇ જ લે!' મેં એના હાથમાં પૈસા મૂકવાનો પ્રયત્ન કર્યો.

પરંતુ જાણે દાઝી જવાનો હોય એમ એ બે ડગલાં પાછો હટી ગયો. મેં ખૂબ મહેનત કરી, એને સમજાવવા માટે ઘણી દલીલો કરી પરંતુ એણે એ પૈસા ન લીધાં એટલે ન જ લીધાં.

એ જ વખતે પાછળની ગાડીવાળાએ હોર્ન માર્યું. મારી પાછળ ગાડીઓની ભીડ થવા માંડી હતી. મારે આગળ વધ્યા વિના છૂટકો નહોતો. હું આગળ વધ્યો.

જતા જતા મેં પેલા છોકરા સામે જોયું, એની આંખમાં એક આનંદ હતો. કદાચ એ આનંદ પોતાના પરનું ઋણ કાંઈક અંશે ચૂકતા કરી શકવાનો જ હશે!

મેં મારી પત્ની કૃતિકા તેમજ દીકરી તર્જની સામે જોયું. તર્જનીએ મેળામાં ઘણા ખેલ એ દિવસે જોયા હતા. પરંતુ ઋણમુક્તિનો આ ખેલ કદાચ એને સૌથી વધારે પસંદ આવ્યો હોય એવું લાગતું હતું. મને પેલી અંગ્રેજી કહેવત યાદ આવતી હતી કે: ‘Throw the bread on water, it will come back to you only’ - કોઈ પણ સારું કામ અંતે તો તમારી પાસે જ પાછું આવે છે.

એક ન સમજાય એવી ખૂશી સાથે અમે ઘર તરફ જવા આગળ વધ્યા.

***

11. દર્દીના સગાંનું તો એવું જ!

મારી ઓપીડીમાં દસેક વરસની એક દીકરી દાખલ થઇ અને એની પર નજર પડતાં જ મારાથી બોલી જવાયું કે, ‘કેમ આ દીકરી આટલી પીળી અને ફિક્કી લાગે છે?’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ખરેખર એ દીકરી સાવ ફિક્કી લાગતી હતી. ચાલતી વખતે એને ખાસ્સો થાક લાગતો હોય તેમજ થોડો શ્વાસ ચડતો હોય એવું એને જોતા જ જણાઈ આવતું હતું.

‘હા સાહેબ! એને દરદ જ એવું છે!’ દરદી સાથે આવેલ એની માતાએ કહ્યું.

‘થેલેસિમિયા છે?’ મેં બાળકીના ચહેરા પરથી અંદાજ લગાવ્યો.

‘હા સાહેબ! તમે તો થેલેસિમિયાનાં આટલાં બધાં બાળકોની સારવાર કરો છો એટલે તમને તો તરત ખબર પડી જ જાય ને!’ બાળકીની માતા બોલી.

‘એના જૂના રિપોર્ટ્સ લાવ્યા છો જોડે?’ મેં બાળકીની ફાઈલ બનાવતાં સવાલ કર્યો.

‘હા સર!’ માતાએ ખૂબ જ નમ્રતાપૂર્વક જવાબ આપીને એ બાળકીના બધા રિપોર્ટ્સ મારા ટેબલ પર મૂક્યા. મેં બધા રિપોર્ટ્સ ધ્યાનથી જોયા. એ દીકરીને થેલેસિમિયા મેજર નામની બીમારી હતી. જેમાં બાળકનું શરીર છ મહિનાની ઉંમરની આસપાસથી ફિક્કું પડવા લાગે છે. એના હાડકાના મેદમાં બનતા રક્તકણો ખામીયુક્ત બનાવટને કારણે જલદી તૂટી જાય છે. એ તૂટેલા અને બરાબર નહી બનેલા રક્તકણોને બરોળ દૂર કરવા લાગે છે. જેના કારણે

બરોળ પણ મોટી થવા લાગે છે. રક્તકણોની સંખ્યા ઘટવાને કારણે ચપટા હાડકાઓ વધારેમાં વધારે લોહી બનાવવા પ્રયત્નો શરૂ કરી દે છે. જેના લીધે ખોપરીના તેમજ ગાલના હાડકા ઉપસી આવે છે. કાયમી રક્તકણો તૂટવાની પ્રક્રિયા શરૂ રહેતી હોવાથી બાળકની આંખમાં પીળાશ પણ દેખાય છે.

આવા બાળકોને સમયાંતરે લોહી ચડાવતા રહેવું પડે છે. શરૂઆતમાં દોઢેક મહિને અને જેમ જેમ સમય જાય તેમ દરેક મહિને અથવા અમુક કેસમાં તો દર પંદર દિવસે લોહી ચડાવવાની જરૂર પડે છે. અને આ ઘટનાક્રમ આવા બાળકો જીવે ત્યાં સુધી ચાલે છે. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ નામની એક સારવારથી લગભગ ૭૦ ટકા બાળકો સંપૂર્ણ સાજા થઇ શકે છે. પરંતુ એ સારવાર ખૂબ જ ખર્ચાળ છે. ખર્ચ ઉપરાંત એ સારવાર માટે દર્દીના હાડકાના મેદ સાથે બરાબર મળતા મેદવાળો કોઈ દાતા પણ હોવો જોઈએ. જે સારવાર માટેના પૈસા ભેગા કરવા કરતા પણ અઘરું કામ છે. જો આ સારવાર ન મળે તો લાંબો સમય જીવવા માટે લોહી ચડાવવા ઉપરાંત શરીરમાં જમા થતા લોહતત્વને દૂર કરવા માટે ઘણી મોંઘી દવા મો વાટે લેવી પડે અથવા તો ડેસ્ફેરાલ નામના અત્યંત ખર્ચાળ ઈન્જેક્શન લેવા પડે. અમુક બાળકોને બરોળ કપાવીને કઢાવવાની જરૂર પણ પડી શકે. જો આવી મોંઘી સારવાર અને નિયમિત લોહી ન મળે તો આવા બાળકો ભાગ્યે જ જિંદગીનો ત્રીજો દાયકો પસાર કરી શકતા હોય છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આ બાળકીને પણ આ જ રોગ હતો.

એ વખતે હું દર્દીઓને દાખલ કરીને સારવાર કરવાનો ઇન્ડોર વિભાગ ચલાવતો. (હવે ફક્ત ઓપીડી પ્રેક્ટિસ જ કરું છું). એમાય તે થેલેસિમિયાનાં દર્દીઓની સારવાર મારા દવાખાનામાં સંપૂર્ણપણે ફ્રીમાં જ થાય. જે બાળકો આવા રોગથી પરેશાન હોય તેમના માબાપને બાળકની સારવારની ફી આપવાની કોઈ ઝંઝટ જ નહી. એ લોકો માટે બધી જ સારવાર અમે સાવ નિ:શૂલ્ક રાખી હતી. એ બાળકોની નાની મોટી તકલીફોની સારવાર પણ ફ્રીમાંજ અપાતી. એ બધા બાળકોને લોહી દ્વારા વહન થતા બી પ્રકારના કમળાનો ચેપ ન લાગી જાય એ માટેનું રસીકરણ પણ વિના મૂલ્યે જ કરાતું. આમ એ લોકો સવારે આવે, લોહી ચડાવે અને સાંજે જતા રહે. ઘણા ગરીબ બાળકો આના કારણે પ્રાઇવેટ હોસ્પિટલમાં લોહી ચડાવવા આવી શકતા. એ લોકોની મફતમાં સારવાર થતી અને મને આવા બાળકો સાથે ભાઈબંધી કરવાનો અમૂલ્ય મોકો મળી રહેતો. હું એ દરેક બાળકને મારા સ્વજન જેવું ગણતો. દર્દીના સગાઓ પણ મને એમના સંબંધીઓથી વિશેષ ગણતા. અમારી વચ્ચે ડોક્ટર-દર્દીનો હોય એનાથી પણ કાંઇક વિશેષ સંબંધ અસ્તિત્વમાં હોય એવું મને લાગતું.

આ બધા દર્દીઓના ગ્રુપમાં એક બાળકી વધારે ઉમેરાય એમાં મને ભલા શો વાંધો હોય? ઉલટાનું મારા માટે તો એ એક વધારે બાળદર્દીની સેવા કરવાનો મોકો હતો. મારા માટે તો એ એક અવસર જ હતો.

'હાં, તો બોલો! મારી પાસે આ દીકરીને લાવવાનું શું કારણ છે? તમારું નિદાન, દવાઓ બધું જ તમારા ડોક્ટરે બરાબર જ લખેલું છે.' મેં બાળકીની માતાને ફાઈલ પાછી આપતા કહ્યું.

'અમારે હવે અહીં દવા કરાવવી છે. લોહી પણ અહીં જ ચડાવડાવવું છે.' માતાએ જવાબ આપ્યો. પછી સામો સવાલ કર્યો, 'પણ સાહેબ! તમારે ત્યાં બ્લડ ચડાવવાનો ચાર્જ શું છે?'

મેં એની સામે જોયું. એ માતા ખૂબ ભણેલ-ગણેલ લાગતી હતી. સરકારમાં ઉચ્ચ હોદા પર નોકરી કરતી હતી.

'એક પૈસો પણ નહી, બહેન!' મેં જવાબ આપ્યો.

'એ તો ખૂબ સારી વાત કહેવાય સાહેબ! તમે પ્રેક્ટિસ નથી કરતા સર! તમે તો સેવા કરો છો, સેવા!' એ માતા બોલી. એ પછી પણ એણે મારા વખાણ કરતા ઘણાં વાક્યો કહ્યા. પરંતુ એ બધા અહીં લખવાનો કોઈ મતલબ નથી!

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મેં એ દીકરીને તપાસી. એના ખૂટતાં રિપોર્ટ્સ કરાવ્યા અને બીજા દિવસે લોહી ચડાવવા આવવાનું કહ્યું.

'પણ સાહેબ! મારી દીકરીના કેસમાં એક તકલીફ છે.' માતા બોલી.

'કેમ? શું તકલીફ છે?' મેં થોડાક સચેત થતા પૂછ્યું.

'એની નસ જલદી પકડાતી નથી. આની પહેલા અમે જ્યાં લોહી ચડાવતાં ત્યાં એને બિચારીને ખૂબ પંચર પડતાં. એનાથી કંટાળીને અમે તમારે ત્યાં આવ્યા છીએ.' માતાએ પેટછૂટી વાત કરી.

'કાંઈ વાંધો નહી બહેન! એ તો જોયું જશે. લગભગ તો વાંધો નહી આવે! અમારે ભાગ્યેજ કોઈક દર્દીમાં વધારે પંક્ચર પાડવા પડે છે!' મેં એમને જણાવ્યું.

એમને આ સાંભળીને નિરાંત થઇ હોય એવું લાગ્યું.

એ પછી એ દીકરી નિયમિતરીતે અમારે ત્યાં લોહી ચડાવવા આવતી. ઈશ્વરની કૃપા કહો કે ગમે તે, અમને ભાગ્યે જ એની નસ(વેઇન) પકડવામાં તકલીફ પડતી. એના કારણે એ દીકરી અને એના સગાં બધા ખુશ હતાં. એક

બાળક ઓછું પીડાય એ વાતથી અમે તો ખુશ હોઈએ જ એ તો સમજી શકાય એવું હતું!

એ વખતમાં જ સાર્સ નામની બીમારીનો થોડા સમય માટે હાઉ ફેલાયો હતો. સાર્સ એ એક લાંબા અંગ્રેજી નામના પહેલા અક્ષરો લઈને બનાવાયેલું નામ છે. <u>**S**</u> evere <u>**A**</u> cute <u>**R**</u> espiratory <u>**S**</u> yndrome: કોરોના વાયરસ નામના એક વિષાણુંથી થતી ફેફસાની આ બીમારીએ એ સમયે થોડોક ગભરાટ ફેલાવી દીધો હતો. દુનિયામાં કૂલ ૮૨૭૩ કેસ નોંધાયા હતા જેમાંથી ૭૭૫ જણ મૃત્યુ પામ્યા હતા. મોટા ભાગના આવા કેસ હોંગકોંગમાં નોંધાયા હતા. આપણા દેશને આ વાયરસે વધારે સ્પર્શ નહોતો કર્યો. આપણે એમાં કાંઈ ચિંતા કરવાની જરૂર નહોતી પડી. પરંતુ અમુક લોકોનો એક ખાસ સ્વભાવ હોય છે. દુનિયામાં ગમે ત્યાં ગમે તે થાય, આપણને એની અસર થવાની હોય કે ન થવાની હોય, પણ એમને ચિંતા કર્યાં વિના ચાલે જ નહી!

આ દીકરીની માતાની બાબતમાં પણ એમ જ બન્યું. એક સાંજે એ લોકોએ એમની દીકરીને થોડીક ઉધરસ આવતી જોઈ. બસ, ઘરના બધાં ગભરાઈ ગયાં. દોડતાં મારા કિલિનિક પર લઇ આવ્યાં. એ બહેન ખૂબ ગભરાટ સાથે મને મળવા મારી ઓફિસમાં આવ્યા. આવતા વેંત બોલ્યા, ‘સાહેબ! જલદી મારી દીકરીને તપાસી લ્યો. મને લાગે છે કે એ સિરિયસ થઇ ગઈ છે.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘એમ શું થયું છે એને?’ મેં પૂછ્યું.

‘એને અચાનક ઉધરસ આવે છે અને શ્વાસમાં પણ તકલીફ થાય છે. એને સાર્સ તો નહી હોય ને?’ એ બહેને પોતાના મનની ધાસ્તી રજુ કરી દીધી.

‘અરે બહેન!’ હું બોલ્યો, ‘આપણા દેશમાં સાર્સ હજું આવ્યો જ નથી! તમે ખાલી ચિંતા શું કામ કરો છો? એને સાદી શરદી ઉધરસ જ હશે. તાવ કે માથાનો દુ:ખાવો છે એને?’

‘નાં! તાવ નથી, માથાનો દુ:ખાવો પણ નથી. પરંતુ અમને ચિંતા ખૂબ થાય છે. તમે એને જલદી જોઈને દવા લખી આપોને!’

મેં એમની ચિંતા દૂર કરવા પેલી દીકરીને અંદર બોલાવી. એને નહોતો તાવ, નહોતી શ્વાસોશ્વાસમાં કોઈ તકલીફ કે નહોતી એ જરા પણ સિરિયસ દેખાતી!

મેં એમને સમજાવતા કહ્યું, ‘અરે બહેન! તમારી દીકરીને તો કાંઈ જ નથી! લોહી પણ આપણે થોડા દિવસ પહેલા જ આપ્યું છે, એટલે એ ફિક્કી પણ નથી દેખાતી. જુઓ, તમે નાહકની ચિંતા કરો છો. જાવ, બહાર જઈને શાંતિથી

બેસો, તમારું નામ લખી લઉં છું. વારો આવશે એટલે માણસ તમને બોલાવશે. તમારી દીકરીથી વધારે સિરિયસ આઠેક છોકરાં તમારાથી ઘણા વહેલા આવીને બેઠેલા છે. એમને જોયા પછી હું તમને બોલાવીશ.'

મારા શબ્દો સાંભળ્યા પછી પણ એ બહેન ત્યાંજ ઊભાં રહ્યા. મને નવાઈ લાગી. મેં ફરી એક વાર ખૂબ નમ્રતાપૂર્વક એમને બહાર જઈને બેસવાનું કહ્યું.

'તો તમે અત્યારે અમને નહી જોઈ આપો?' એમણે સવાલ કર્યો.

'અત્યારે જ જોઈ આપીશ. અત્યારે તમે ફક્ત થોડીવાર માટે બહાર બેસો. તમારાથી આગળ જે લોકોનો વારો છે એમને જોયા પછી જ હું તમને દવા લખી આપીશ. હા, તમારી દીકરી ખરેખર સિરિયસ હોત તો હું હમણાં જ એની સારવાર શરૂ કરી દેત, પરંતુ એને સાદી શરદી ઉધરસ જ લાગે છે. એમાં થોડો વખત વેઇટ કરવાથી એને કોઈ જ તકલીફ નહીં થાય. પણ બહાર બે-ત્રણ બાળકો ૧૦૩ ડિગ્રી તાવ સાથે બેઠા છે. એમને મારે તમારી પહેલા જોવા જોઈએ. એટલે તમે નિરાતે બેસો! તમારો વારો આવશે એટલે હું બોલાવીશ.' મેં એમને સમજાવ્યા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

કમને, નારાજ ચહેરે અને ચહેરા પર અણગમાના સ્પષ્ટ ભાવો સાથે એ લોકો બહાર ગયા.

મેં ક્રમ મુજબ જે દર્દીનો વારો આવતો હતો એ બાળકને અંદર બોલાવ્યું.

દસેક મિનીટ પછી મારા માણસે કહ્યું, 'સાહેબ! પેલી થેલેસિમિયાવાળી છોકરીના મમ્મી ખૂબ ઉતાવળ કરે છે અને ગમે તેમ બોલે છે. અંદર ફરી એકવાર મળવા મોકલું?'

'ગમે તેમ બોલે છે?' મને નવાઈ લાગી. પ્રથમ દિવસે અત્યંત શિષ્ટતાપૂર્વક વર્તનાર એ બહેન ગમે તેમ બોલે એ વાત મારા માન્યામાં નહોતી આવતી. મેં એમને ફરીવાર અંદર મોકલવાની હા પાડી.

'સાહેબ, તમે અમને જલદી જોઈ આપો છો કે નહી?' આ વખતે પેલી માતા રીતસર ધમકીભર્યા અવાજે બોલી.

'કેમ?' મેં એકદમ શાંતિથી પૂછ્યું. આવી ક્ષુલ્લક વાતમાં હું મગજ ગુમાવવા નહોતો માંગતો.

'કેમ તે, મારી દીકરી સિરિયસ છે એટલે! તમે સિરિયસ દર્દીને પણ જલદી ન જોઈ આપો?' એ બહેને સરકારી નોકરીમાં પોતે જેવું વર્તન કરતા હોય એવા વર્તનનો પરિચય આપવાનું શરૂ કર્યું. આવા ખરાબ વર્તનનો અનુભવ મને ઘણા સરકારી માણસો તરફથી થયેલો છે. એ લોકો પ્રજાના સેવકને બદલે માલિક હોય એવું વર્તન કરતા હોય છે. જો કે બધાં એવા નથી હોતા, પરંતુ સત્તાનો એક પાવર તો દેખાતો જ હોય છે. એમની ઓફિસની બહાર પણ એ લોકોનું 'સાહેબ' જેવું જ વર્તન હોય છે. અહી આ બહેન એ ભૂલી ગયા હતા કે પોતે પોતાની ઓફિસમાં નથી! અને એટલે જ એ પણ પોતાનું ધાર્યું કરાવવા એવીજ બાલીશ જીદ પર ચડ્યા હતા.

'નહી બહેન, તમારી દીકરી જરાય સિરિયસ નથી. તમે નાહકના ચિંતા કરો છો. બહાર જઈને શાંતિથી બેસો. એને તાવ કે એવું કાંઇ લાગશે તો આપણે એને વચ્ચે લઇ લેશું. બાકી, આમ ખોટી ઉતાવળ ન કરો. તમારી પહેલા જે આવ્યા છે, તેમજ તમારી દીકરી કરતા જેમને વધારે તકલીફ છે એ બધાને મારે તમારાથી પહેલા જ જોઈ આપવા જોઈએ.' મેં એમને સમજાવવાની કોશિશ કરી. પરંતુ માણસ જયારે મમત પર ચડી જાય છે ત્યારે કોઈ પણ સમજાવટ કામ લાગતી નથી. એ પછી બધી વાત એના અહમ સુધી પહોંચી જાય છે. એને પોતાનો અહમ ઘવાતો લાગે છે. એને વાત સમજવાને બદલે એ એની વાત જ સાચી છે એવું આપણા મગજમાં ઠસાવવાની હોડમાં લાગી જાય છે અને એનું ધાર્યું કરાવવાની કોશિશ કરવા લાગે છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આ બહેન પણ સમજીને બહાર જવાને બદલે સહેજ બળજબરી કરતા હોય એમ બોલ્યા, ' નાં સાહેબ, મારી દીકરી સિરિયસ જ છે. તમારે અત્યારે જ એને જોઈ આપવી પડશે!'

મને નવાઈ લાગી. આ એ જ બહેન હતી જે પોતાની બાળકીને હું નિયમિત લોહી ચડાવી આપું એ માટે કેવું મીઠું મીઠું બોલતી હતી અને અત્યારે એજ મારી સામે અવાજ ઊંચો કરીને બોલવા તૈયાર થઇ ગઈ હતી.

'પણ બહેન, તમે સમજવાની કોશિશ કેમ કરતા નથી? તમારી બાળકીને મેં જોઈ લીધી છે અને એ જરાપણ સિરિયસ નથી. એને તકલીફ પણ સાવ સાદી શરદીની જ છે. અને તમારા બાળકથી વધારે તકલીફવાળા અને વધારે પીડાતાં બાળકો બહાર બેઠાં છે. એ લોકો તમારાથી બે કલાક વહેલાં પણ આવેલાં છે. હવે તમે જ કહો, એમને મૂકીને હું તમને કઈ રીતે જોઈ આપું? તમારે આટલી વાત સમજવાની કોશિશ કરવી જ જોઈએ!' મેં શાંત રહેવાના બધા પ્રયત્નો કરતા કહ્યું.

'નહી સર! મારે નહી પણ તમારે સમજવાની કોશિશ કરવાની જરૂર છે. તમને ખબર નથી પડતી કે કોઈ દર્દી આટલો આગ્રહ કરે તો એને વચ્ચેથી પણ જોઈ અપાય! અને અમારે ક્યાં મફત બતાવવું છે? તમે તમતમારે જે કાંઈ ઈમરજન્સી ફી થતી હોય એ લઇ લેજો. પણ હું એને બતાવ્યા વિના બહાર તો નહી જ જાઉં!' એણે ઉગ્રતાપૂર્વક કહ્યું.

'નહી બહેન! એમ તો હું વચ્ચેથી કોઈ લાટસાહેબને પણ નથી જોતો. સિરિયસ દર્દી સિવાય કોઈને પણ વચ્ચે ન લેવાં એ આપણો ખૂબ જૂનો શિરસ્તો છે. કોઈને અન્યાય ન થાય એવો આપણો નિયમ છે. એમાં તો કોઈ પણ ભોગે ભંગ નહી જ થાય. હવે રહી વાત ફીની, તો હું ક્યારેય ઈમરજન્સી ફી નથી લેતો! અને તમે પણ જાણો છો કે આપણે થેલેસિમિયાવાળા બાળકોની તો ક્યારેય ફી જ નથી લેતા.'

'તો લેતા હો તો! અમે ક્યાં ના પાડી છે! તમને કોણે કહ્યું હતું કે મારી દીકરીની ફી તમે ન લેતા? અમે તો લોહી ચડાવવાનો તમે જે કહો તે ચાર્જ આપવા તૈયાર છીએ અને તૈયાર હતા જ. અમને એટલા પૈસાથી કોઈ ફર્ક પણ નથી પડતો! પણ આવા બધા ફાલતું સિદ્ધાંતોનો કોઈ મતલબ નથી!' એ બહેન હવે શું બોલતી હતી એનું એને જ ભાન રહ્યું ન હોય એવું લાગતું હતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

હું બે ક્ષણ માટે હલી જ ગયો. કેટલા બધા ગરીબ બાળદર્દીઓ હું લોહી ચડાવવાની ફી નહોતો લેતો એના કારણે જ પ્રાઇવેટ હોસ્પિટલનું પગથિયું ચડી શકતા હતા. એમના આવવા જવાના પૈસાથી વધારે કાંઈ પણ ચિંતા કર્યા વિના લોહી ચડાવવા આવી શકતા હતા. (એક દર્દી તો છેક જામનગરથી નિયમિત આવતું હતું – લગભગ ૨૨૫ કિલોમીટર દૂરથી!) અને એનું કારણ ફરી સારવાર જ હતી. એને આ બહેન કેવી રીતે મૂલવી રહી હતી? શું સરકારી નોકરી કે પૈસાનો ઘમંડ માણસને આટલી હદે નિંભર બનાવી દેતા હશે? કે પછી ફક્ત પોતાના સ્વાર્થ માટે માણસ બીજાના બાળકોની તકલીફ સમજવા કે એ અંગે વિચારવા તૈયાર જ નહી થતો હોય?

વધારે દલીલો કરીને સમય બગાડવા કરતા મેં જરાક ઉગ્ર થઈને એમની દીકરીને અને એમને પરાણે બહાર મોકલી દીધા. એ ચેમ્બરમાંથી તો બહાર ગયા પણ મારા વિચારોમાં બરાબરના ઘૂસી ગયા હતા. સાતેક દર્દી પછી. એમનો વારો આવ્યો. મેં એમની દીકરીને મારી સગી દીકરીને તપાસતો હોઉં એટલી ધ્યાનપૂર્વક તપાસી આપી. એને ખાલી સાવ સાદી શરદી જ થઇ હતી. યોગ્ય સારવાર લખીને મેં એને પ્રિસ્ક્રીપ્શન આપ્યું. એ માતાએ પર્સ ખોલીને પૈસા બહાર કાઢ્યા. મેં પૈસા લેવાની નાં પાડી.

'કેમ સાહેબ! લઇ લો!' એ માતાએ કહ્યું.

'નહી બહેન! એના પૈસા હું તો ન લઇ શકું. એ તો થેલેસિમિયા મેજરનું દર્દી છે.' મેં કહ્યું.

'તમારે આવા દર્દીના પૈસા પણ લઇ જ લેવા જોઈએ!' એ બહેન બોલી.

હું ઘડીક એની સામે જોઈ રહ્યો. પછી બોલ્યો, 'બહેન! તમારા માટે કદાચ સિદ્ધાંતોનું કોઈ મહત્વ નહી હોય, પણ મારા માટે તો એ જીવન છે. અને આમેય, એકાદ દર્દીના હું પૈસા ન લઉં તો શું વાંધો? મને પણ એટલા પૈસાથી કોઈ ફર્ક નથી પડતો! અને તમારે એ પણ યાદ રાખવું જોઈએ કે દરેક માતાપિતાને એનું સંતાન એટલું જ વહાલું હોય છે જેટલી તમને તમારી દીકરી વહાલી છે. બીજાના અધિકાર પર તરાપ મારીને સેવા તેમજ મેવા પામવાની તમારી સરકારી વૃત્તિને તમારે કાબુમાં રાખવી જ જોઈએ. પેલા ગરીબ બાળકો જે બે કલાકથી બહાર બેઠાં હતાં એમનો શું વાંક હતો? એમની તબિયત તો તમારી દીકરીના પ્રમાણમાં ઘણી વધારે ખરાબ હતી. તમારે એ સમજવું જ જોઈતું હતું. અને રહી વાત પૈસાની, તમે કદાચ, પૈસાથી બધું જ થઇ શકે એવું માનતા હશો, પરંતુ હવે પછી એ યાદ રાખજો કે બધે જ એ શક્ય નથી બનતું!'

એ બહેન કાંઈ ન બોલી. કદાચ એને મારા વાક્યોથી ક્યાંક થોડીક અસર થઇ હશે એવું લાગ્યું. એ લોકો ગયા. હું પણ મારા કામે વળગ્યો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

*

એ રાતે મારા પર એક ઈમેલ આવ્યો. એમાં દસેક વાક્યો અને સાથે ખૂબ સરસ ફોટા હતા. એમાં એક ફોટોગ્રાફ પરનું લખાણ હતું : 'તમે ગમે તેટલું સારું કરશો તો પણ ક્યારેક લોકો એને ખરાબ જ ગણશે! પરંતુ કાંઈ વાંધો નહી, તમારે તો તોય સારું જ કરવાનું! કારણકે જિંદગીનાં અંતમાં તમને સમજાશે કે આ બધું તમારી અને દુનિયા વચ્ચે હતું જ નહી, પરંતુ આ તો તમારી અને ભગવાન વચ્ચે જ હતું! એટલે સારું કરતા જ રહો!'

ઇમેલ વાંચીને મારા મનમાં શાતા ફરી વળી. એ દિવસે જે કાંઈ બન્યું એ પણ ક્યાં મારી અને દુનિયા વચ્ચે હતું? એ તો બસ ... હું સાવ હળવો થઇ ગયો. મનમાં થયું કે 'દર્દીના સગાનું તો એવું જ! એને કાંઈ થોડું મન પર લેવાય?!'. એટલું વિચારીને પછી નિરાંતે ઊંઘી ગયો!

**

એ ઈમેલના બે વાક્યો...

The good you do today, will be forgotten tomorrow…. Do good anyway!

What you have been building for years, someone will destroy it in a moment…. Build anyway!

Because, at the end you will realise, it was never between you and them, it was between you and God, so do good anyway!

***

12. ખાનદાની

'હલ્લો! વીજળીવાળા સાહેબ બોલે છે?' ફોન પર કોઈનો ગભરાટ ભર્યો અવાજ સંભળાયો.

સવારના સાડાસાત વાગ્યા હતા. ફોન કરનાર માણસ ખરેખર ખૂબજ ચિંતામાં હોય એવું લાગતું હતું. ફોન જાફરાબાદથી હતો.

'હા, હું ડૉ.વીજળીવાળા બોલું છું. બોલો, શું કામ છે?' મેં કહ્યું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'સાહેબ, મારો મોટો દીકરો લલિત સવારથી એના બન્ને પગ દુખવાની ફરિયાદ કરે છે. શું કરવું? મને ખૂબ ગભરાટ થાય છે. જાફરાબાદથી હું શામજીભાઈ બોલું છું.' સામેથી અવાજ આવ્યો.

શામજીભાઈ મારા ખૂબ જુના દર્દી. હમણાં જેના અંગે એમણે વાત કરી એ લલિતથી નાના એમનાં એક દીકરાને હૃદયની બીમારી હતી. એ વખતે અમદાવાદ સિવિલમાં એનું ઓપરેશન કરાવેલું, પરંતુ કમનસીબે ઓપરેશન પછી થોડા વખતમાં એ દીકરો અચાનક જ ગુજરી ગયેલો. લલિત સૌથી મોટો. અગિયાર વરસનો. એને એજ અરસામાં કંઈક થાય તો સ્વાભાવિક છે કે શામજીભાઈને ચિંતા થાય જ. પણ આ ઉમરનાં બાળકો આખો દિવસ દોડાદોડી કરતા હોય છે. રમતા હોય, સાયકલ ફેરવતા હોય એટલે એમનામાં પગ દુખવાની ફરિયાદ ઘણી વાર રહેતી હોય છે. મને ચિંતા એ વાતની થઇ રહી હતી કે આવા મોટા ભાગનાં દુ:ખાવા વધારે રાત્રે જ થતા હોય છે. સવારમાં ઊઠતાવેંત આ ફરિયાદ રોગ સૂચવતી હતી.

છતાં એમને શાંતિ થાય અને કોઈ નિષ્ણાતનો અભિપ્રાય મળી જાય એ આશયથી મેં કહ્યું કે, 'શામજીભાઈ! તમે ચિંતા ન કરો, તમારા દીકરાને કોઈ લોકલ ડોકટરને બતાવી દો, લગભગ તો પગનાં સ્નાયુનો દુખાવો હોઈ શકે, બાળકો આખો દિવસ દોડાદોડી કરતા હોય એટલે આવું થતું હોય છે. કદાચ

સામાન્ય દવાથી જ સારું થઇ જશે. તેમ છતાં વધારે તકલીફ દેખાય તો ભાવનગર લેતા આવજો.’

એમને આટલું સમજાવીને મેં ફોન મૂક્યો. મોટેભાગે તો આવા બાળકો સાદી દવાથી જ સારાં થઇ જતાં હોય છે. પણ શામજીભાઈ આટલા બધા ગભરાયેલા શું કામ લાગતા હતા એ મને નહોતું સમજાતું. મેં ફોન મૂક્યો છતાં વારંવાર આ વાત મારા મગજમાં ઘુમરાયા કરતી હતી. આ પચીસેક વરસના અનુભવ પરથી મને બરાબર સમજાઈ ગયું છે કે દરેક માતાપિતાને કુદરતે એક છઠ્ઠી ઇન્દ્રિય આપેલી હોય છે. પોતાના બાળકને આજે કાંઈક વધારે પડતું છે એની સમજ એ લોકોને આપોઆપ પડી જ જતી હોય છે. શામજીભાઈના અવાજમાં પણ એ પ્રકારની દહેશત સ્પષ્ટ જણાઈ આવતી હતી. એમનો અવાજ જ કહેતો હતો કે નક્કી લલિતને થઇ રહેલો પગનો દુ:ખાવો સાદો તો નથી જ!

આ બધા વિચારોમાં અટવાતો હું હજુ તો ચા પૂરી કરું એ પહેલાંજ શામજીભાઈનો ફરીથી ફોન આવ્યો, ‘સાહેબ! લલિત ઊભો થવા ગયો પણ ન થઇ શક્યો. મને લાગે છે કે એના પગમાં કાંઈક વધારે તકલીફ ઊભી થઇ લાગે છે. હું એને લઈને ત્યાં આવવા નીકળી જાઉં છું.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બસ, એટલું કહીને એમણે ફોન મૂકી દીધો. મને હવે બરાબર સમજાઈ ગયું કે શામજીભાઈનાં અવાજમાં આટલી દહેશત પ્રથમ ફોન વખતે શું કામ હતી. એમને ખ્યાલ આવી જ ગયો હતો કે લલિતનો રોગ સાદો નહોતો જ. એટલે જ એમના અવાજમાં એક ધ્રાસ્કો ભળેલો હતો. એમને વાત પરથી મને પણ ખાતરી થઈ ગઈ હતી કે લલિત કોઈ વધારે મોટી તકલીફમાં સપડાયો છે.

હું લલિતનાં નિદાન અંગે વિચારવા લાગ્યો. એ છોકરાના લક્ષણો પરથી એને ગુલેન-બારી નામનો એક ભયંકર રોગ હોવાની સંભાવના હતી. એ રોગમાં અમુક વાયરસ (વિષાણું)નાં ચેપ પછી ચેતાતંત્ર પર ખૂબજ વિપરીત અસર થતી હોય છે. ચેતાઓની ઉપર આવેલું સફેદ પડ ઊખડી જવાના કારણે ધીમે ધીમે આખા શરીરને લકવો-પેરાલિસિસ થઇ જાય છે. જો મગજ આ રોગની ઝપટમાં આવી જાય તો પછી દર્દીની જિંદગી પણ જોખમમાં મૂકાઈ જાય છે. આ રોગ સામે એક ખૂબજ અસરકારક એવી આઈ.વી.આઈ.જી. નામની દવા ઉપલબ્ધ છે. પણ કઠણાઈ એ છે કે એ ખૂબ મોંઘી મળે છે. એક ઈન્જેકશનનો ભાવ લગભગ ૮૦૦૦ રૂપિયાથી વધારે થાય છે. લલિતને જો એજ રોગ હોય તો એની ઉમર પ્રમાણે એને લગભગ ૪૦૦૦૦ – રૂપિયા ચાલીશ હજારથી વધારે ખર્ચો ફક્ત ઇન્જેકશનનો થઇ શકે. શામજીભાઈની આર્થિક પરિસ્થિતિ આ

બોજ ખમી શકશે કે કેમ એ અંગે વિચારતો હું તૈયાર થઈને ૮-૩૦ વાગ્યે હોસ્પિટલ પહોંચ્યો. દાખલ થયેલા દર્દીઓને જોવા હું રામ નર્સિંગ હોમ નામના નર્સિંગ હોમ ગયો.

નર્સિંગ હોમમાં દાખલ થયેલાં દર્દીઓનો રાઉન્ડ મેં પૂરો કર્યો એટલી વારમાં જ શામજીભાઈ ટેક્ષી કરીને ભાવનગર પહોંચી ગયા. લલિતને તેડીને ટેક્ષીમાંથી ઉતારવો પડ્યો. એને તેડીને નર્સિંગ હોમના પગથિયાં ચડાવતી વેળાએ એના લબડતા પગ જોઇને જ મને મારી શંકા વાસ્તવિકતાનું સ્વરૂપ લેતી જતી હોય એવું લાગ્યું. મેં એને ટેબલ પર સુવડાવ્યો. એને તપાસ્યા પછી તો મારા નિદાનમાં શંકાને કોઈ સ્થાન જ નહોતું. લલિતને ગુલેન-બારી(*Guillain – Barré syndrome* (*GBS*) નામનો ભયંકર રોગ જ લાગુ પડ્યો હતો. એના બન્ને પગ કામ કરતા બંધ થઇ ગયા હતા. બંને પગનો પેરાલિસિસ થઇ ગયો હતો.

લલિતને તપાસીને હું શામજીભાઈ સામે ફર્યો. આવી વાત છોકરાના બાપને કઈ રીતે કહેવી એની અવઢવ થઇ આવી. તેમ છતાં વાત કર્યા વિના પણ છૂટકો નહોતો. મેં કહ્યું, 'શામજીભાઈ! લલિતને એક એવો રોગ થયો છે કે જેમાં એના આખાં શરીરમાં પેરાલિસિસ થઈ શકે. અત્યારે જે અશક્તિ અને પેરાલિસિસ ફક્ત પગમાં જે દેખાય છે એ ધીમે ધીમે આગળ વધશે. આ રોગની સારવાર માટે અને પેરાલિસિસને આગળ વધતો અટકાવવા માટે એક ખાસ પ્રકારના ઇન્જેક્શન આપવા પડશે. અને એ ઈન્જેક્શન ખૂબ મોંઘા આવે છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'કેટલાક મોંઘા સાહેબ?' શામજીભાઈએ પૂછ્યું.

'આપણે અત્યારેજ લગભગ ચાલીસેક હજાર રૂપિયાનાં ઇન્જેક્શન જોઇશે. વ્યવસ્થા થઈ શકશે?' મેં સાશંક પૂછ્યું.

'સાહેબ! હું તો સાડા આઠ હજાર રૂપિયા લઈને નીકળ્યો છું. અત્યારે તો હું પહોંચી શકું તેમ નથી. થોડોક સમય મળી જાય તો ઉછીના-પાછીના પણ કરી શકાય કે કંઈક વ્યવસ્થા કરી શકાય. બાકી ...અત્યારે તો તમે જે કરો તે!' શામજીભાઈ બોલ્યા.

અમે વિચારમાં પડી ગયા. અમારી પાસે વધારે સમય તો હતો જ નહી. કારણકે આ રોગમાં ૭૨ કલાક સુધી પેરાલિસિસ ઝડપભેર વધતો જાય એવી પૂરી શક્યતા હતી. શામજીભાઈ પાસે જેટલા પૈસા હતા એમાંથી ફક્ત એકજ ઇન્જેક્શન ખરીદી શકાય તેમ હતું. પરંતુ અમારે તો એવા પાંચ ઇન્જેક્શનની જરૂર હતી.

'સાહેબ! શું કરશું? મારા લલિતને સારું થઈ જાશે?' શામજીભાઈએ ધ્રાસ્કાવાળા અવાજે સવાલ કર્યો. પોતાનો દીકરો વધારે પડતો સિરિયસ છે એની એમને ખાતરી થઈ આવી હતી. નબળાં એંધાણ જોઈ ગયેલા માણસના ચહેરા પર જે ભાવ આવે એ બધાંજ એમના મો પર છવાઈ ગયા હતા.

મેં એમની સામે જોયું. લલિત સારો થઇ જશે એવું કહ્યું પણ ખરું, પરંતુ 'કઈ રીતે?' એ તો મને પણ નહોતી ખબર. પરંતુ ભવિષ્યની ચિંતા ઉપરવાળા પર છોડીને મેં લલિતને દાખલ કરી દીધો. મુખ્ય ઇન્જેક્શન સિવાયની બાકીની સારવાર શરૂ કરાવી. પરંતુ મારા મનને શાંતિ નહોતી થતી. મેં મારા મિત્રોને ફોન કર્યો. મારા બે દરિયાદિલ મિત્રો શ્રી મનીષભાઈ રાઇમગિયા તથા શ્રી સંદીપભાઈ સોપારીયા કોઈ વિગત પણ પૂછ્યા વિના દસ-દસ હજાર રૂપિયા આપી ગયા. બાકીના દસ હજાર મેં મારા ખિસ્સામાંથી નાખ્યા. આદિત્ય મેડીકલ સ્ટોરવાળા શ્રી હિતેશભાઈએ આઈ.વી.આઈ.જી. બનાવતી કંપનીનાં રિપ્રેઝન્ટેટિવ સાથે વાત કરીને અમને ઈન્જેક્શનની કિંમતમાં ખૂબ ફાયદો કરાવી દીધો. બધાના સહિયારા પ્રયત્નોને કારણે બરાબર સાડા અગિયાર વાગ્યે અમે લલિતને આઈ.વી.આઈ.જી.નું પહેલું ઇન્જેક્શન નસમાં આપવાનું શરૂ કર્યું. એ બે-ત્રણ જ કલાકમાં એનાં બંને હાથમાં પેરાલિસિસની શરૂઆત થઇ ચૂકી હતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ પછી થોડા કલાકો અમે ફડકા સાથે વિતાવ્યા. અમને બીક હતી કે કદાચ દવાની અસર શરુ થાય એ પહેલા રોગ શ્વાસના કેંન્દ્રો સુધી પહોંચી જશે તો લલિતને બચાવવો મુશ્કેલ થઇ પડશે. પરંતુ એવું ન બન્યું. બે દિવસે ઇન્જેક્શનનો કોર્સ પૂરો થયો ત્યાં સુધીમાં રોગે પણ આગળ વધવાનું બંધ કરી દીધું હતું. ચોથા દિવસ પછી તો એનો એક પગ પણ ધીમે ધીમે હલવા માંડયો. અમારાં બધાનાં આનંદનો પાર ન રહ્યો. સાતમાં દિવસે લલિતે થોડા ડગલાં પણ માંડ્યા. આઠમાં દિવસે અમે એને રજા આપવાનું નક્કી કર્યું. મારે તો કાંઈ ચાર્જ લેવાનો નહોતો. (આમેય ચમત્કારિક રીતે બચ્યા હોય એવા સિરિયસ દર્દીઓનો હું ક્યારેય ચાર્જ નથી લેતો. મને હંમેશા એવું લાગ્યું છે કે એ લોકો મારા જ્ઞાન કરતાં પણ કોઈ અગમ્ય શકિતની મદદથી જ બચી જતા હોય છે અને એટલે એ પૈસા લેવાનો મને અધિકાર નથી.) રામ નર્સિંગ હોમવાળા ડૉ. રાણીગા સાહેબે પણ ઘણી રાહત કરી આપી. અને સૌના સહિયારા પ્રયત્નો તેમજ સમયસર દવાઓ મળી જવાથી મોતને પણ હરાવીને પાછો આવેલો લલિત એના બાપુજીના ટેકે ટેકે હોસ્પિટલમાંથી ઘરે જવા નીકળ્યો ત્યારે અમારા સૌના મનમાં પણ હરખની હેલી ચડી આવી હતી.

એને રજા આપીને હું નર્સીંગ હોમમાંથી બહાર આવ્યો. મારી ગાડીમાં બેઠો. હું ગાડી સ્ટાર્ટ કરું એ પહેલા લલિતને રોડના સામાં કાંઠે ઊભો રાખીને શામજીભાઈ મારી પાસે આવ્યા. જોડે એમના ભાઈ હતા. બે હાથ જોડીને બોલ્યા, 'સાહેબ! મારો લલિત સાજો થઈ ગયો! તમારો જેટલો આભાર માનું એટલો ઓછો પડે. તમે જો મદદ..' એ આગળ ન બોલી શક્યા. મેં એમના હાથ પકડી લીધા. આગળ બોલવાની ના પાડી. પણ એ વખતે હું પણ બોલી શકું એવી હાલતમાં હતો જ નહી. મેં ફક્ત આકાશ સામે આંગળી ઊંચી કરી. પછી થોડાક સ્વસ્થ થઈને કહ્યું, 'શામજીભાઈ! બધું કરનાર તો ત્યાં ઉપર બેઠો છે! આપણે તો બસ મહેનત કરવાના અધિકારી. એનો પા'ડ માનો કે આપણી મહેનત કામ આવી!'

થોડીવાર પછી શામજીભાઈ પણ સ્વસ્થ થયા. એમણે કહ્યું, ' સાહેબ! હું બને તેટલો જલદી તમારા પૈસાની વ્યવસ્થા કરીને તમને પાછા આપી જઈશ. ચાલો ત્યારે, અમે નીકળીએ.' એમની આંખો ભીની થઇ ગઈ.

'નહી શામજીભાઈ!' હું બોલ્યો, 'તમારે એ પૈસા મને પાછા નથી આપવાના. એ તો અમારાં બધાં તરફથી લલિતને અમે આપેલી ભેટ ગણવાની છે. એટલે એ પૈસાની હવે ચિંતા નથી કરવાની. એ તો તમે ભૂલીજ જજો.'

'નહિ સાહેબ! એ તો મારે દૂધે ધોઈને આપવાના હોય!' એમણે કહ્યું, ' એ ન આપીએ તો નગુણા કહેવાઈએ. એટલે એ તો હું આપી જ જઈશ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'ના શામજીભાઈ! જરાય નહી!' મેં ઘસીને ના પાડી, 'તમારે એ પૈસા પાછા આપવાના જ નથી અને ખોટો ધક્કો પણ નથી ખાવાનો. બસ, એ વાત જ ભૂલી જજો! અને ઈશ્વરનો આભાર માનજો. ચાલો, આવજો ત્યારે!' એમને પૈસા પાછા આપવા આવવાની સ્પષ્ટ ના પાડી, એ લોકો સામે હાથ હલાવી હું ઘરે આવવા વળ્યો.

શામજીભાઈએ પણ વધારે કાંઈ દલીલ ન કરી. બીજાના હાથમાં લબડતી લાશની જેમ ઊંચકાઈને આવેલો લલિત હળવે હળવે પોતાની જાતે રિક્ષામાં બેઠો એ સુભગ દૃશ્ય મમળાવતાં મેં કાર મારા ઘર તરફ લીધી.

*

એક મહિના પછી શામજીભાઈ લલિતને બતાવવા આવ્યા. મારી ઓપીડી પૂરી થઈ ત્યાં સુધી બહાર બેઠા. મેં સૌથી છેલ્લે લલિતને તપાસ્યો. હવે એ ખાસ્સો સારો થઇ ગયો હતો. કોઈ પણ જાતના ટેકા વિના ચાલી શકતો હતો. અગિયાર વરસનો એ દીકરો ખુબજ મીઠું હસતો હતો. મેં થોડી જરૂરી દવાઓ લખીને એમને રવાના કર્યાં.

એ લોકો ગયા પછી મારું એ દિવસનું કામ પતાવીને લગભગ એકાદ કલાક પછી હું બહાર નીકળ્યો. જોયું તો વેઈટીંગ રૂમમાં શામજીભાઈ અને લલિત હજું બેઠા હતા.

'કેમ શામજીભાઈ! હજું ગયા નથી? હવે તો જાફરાબાદની બસ પણ જતી રહી હશે.' મેં પૂછ્યું.

શામજીભાઈ ઊભા થઈને મારી પાસે આવ્યા. પછી ધીમેથી બોલ્યા, 'સાહેબ! મારી પાસે થોડાક પૈસાની ફર્ય (સગવડ) થઇ છે. એટલે આપવા માટે આવ્યો છું.'

'કેમ? આપણે તો વાત થઇ હતી કે તમારે એ પૈસા પાછા નથી આપવાના, તો પછી શું કામ લાવ્યા છો? અને આટલા બધા પૈસાની આટલા ટૂંકા ગાળામાં સગવડ કરી કઈ રીતે? ક્યાંક વ્યાજે તો નથી લીધાને?' મેં પૂછ્યું. કોઈ વ્યાજે પૈસા લઈને આવે એ હું ક્યારેય સહન કરી શકતો નથી. વ્યાજનાં ચક્કરનું વરવું સ્વરૂપ મેં મારી વીતેલી જિંદગીમાં નજરે જોયું છે. એટલે વ્યાજ શબ્દ તો મારા માટે એક બિહામણા સપનાનો પર્યાય બની ચૂક્યો છે.

'ના સાહેબ! પૂરાં પૈસા નથી લાવ્યો અને વ્યાજે ય નથી લાવ્યો. ખાલી ત્રણ હજાર રૂપિયાની ફર્ય થઇ છે આ સીઝને એટલું કામ થયું છે એટલે એટલાં જ લાવ્યો છું.' શામજીભાઈ બોલ્યા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

હું છક થઇ ગયો. કરોડો રૂપિયા પાસે હોવા છતાં ફક્ત થોડાંક લાખની લોન ન ચૂકવતા કહેવાતા શ્રીમંતોનાં મોં પર આ માણસનો જવાબ એક લપડાક સમાન હતો. રાત દિવસ કટકીનો કારોબાર ચલાવતા હોવા છતાં કામવાળા કે નોકરને પગારથી વંચિત રાખતા અને પૈસાદાર હોવાનો દેખાવ કરતા લુચ્ચાઓ કરતા મને આ સાવ સાદો માણસ વેંત ઉંચો લાગતો હતો.

એ પછી ઘણી રકઝક થઇ. મેં ખૂબ ના પાડી. પણ શામજીભાઈ તો જાણે કે સાહેબને પૈસા આપ્યા વિના જાફરાબાદનું પાણી ન પીવાના સોગંદ લઈને નીકળ્યાં હોય એમ કાંઈ સાંભળવા જ તૈયાર નહોતા. માણસો માગવા છતાં પૈસા નથી આપતા જયારે અહિયાં હું સતત ના પાડતો હતો તેમ છતાં જાણે પોતાની ધૂનમાં બીજું કાંઈ સાંભળવું જ ન હોય એમ શામજીભાઈ આગ્રહ છોડતા જ નહોતા.

વારંવાર કહેતા હતા કે, ' સાહેબ! બાકીની રકમ પણ હું કટકે કટકે આપી દઈશ!'

હું ગળગળો થઇ ગયો. મેં એમનો હાથ પકડીને કહ્યું, ‘બસ, શામજીભાઈ, બસ! તમે આટલું કહ્યું એમાં બધું જ આવી ગયું. હવે તમારે કાંઈ જ આપવાનું રહેતું નથી. અને એના માટે હવે ક્યારેય ધક્કો પણ ખાવાનો નથી. અને બાકી રહી વાત આ ત્રણ હજાર રૂપિયાની, તો આ ત્રણ હજાર રૂપિયા પણ અમારાં તરફથી લલિતને ભેટ રૂપે ગણી લેજો. અને હવે પછી એ ભૂલી જજો કે અમે તમને મદદ કરી હતી. અરે ભલા માણસ! અહિયાં કોણ કોને મદદ કરે છે એ આપણને કોઈ દિવસ ખબર જ નથી પડતી. એટલે હવે એ બધો હિસાબ આજે પૂરો થયેલો ગણજો.’

એટલું કહીને મેં માંડ એમને પાછા મોકલ્યા.

શામજીભાઈ અને લલિત ગયા. હું ઘડીક ત્યાજ ઊભો રહી ગયો. મારા મનમાં થતું હતું કે ખરેખર, શામજીભાઈ જેવાં માણસોને કારણેજ આ દેશ મહાન બન્યો હશે, અને આવા લોકોને કારણેજ આ દુનિયા પણ ટકી રહી હશે! બાકી તો એ ક્યારની રસાતાળ ગઈ હોય!

***

13. ઈમાનદારી!

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બપોરના બાર વાગ્યા હતા. હું મારી ઓપીડીનાં કામમાં વ્યસ્ત હતો. દર રોજ લગભગ ૧૨૦ જેટલાં દર્દીઓને જોવા પડતા હોવાના કારણે અમે અત્યંત વ્યસ્તતા અનુભવતા હોઈએ છીએ. દરરોજ મશીનની માફક અમારું કામ ચાલતું હોય. બાળ-દર્દીઓને તપાસવા, એમના રિપોર્ટ્સ જોવા, દવા લખી આપવી, ખોરાકથી માંડીને દવા વિશે સમજાવવું – એમ ઢગલો એક કામ ક્રમબદ્ધ ચાલતા હોય.

‘સાહેબ, એક બાળક ખૂબ સિરિયસ લાગે છે, મોકલું?’ એ યંત્રવત કામોની ભરમાર વચ્ચે મારા માણસે મને કહ્યું.

‘શું થયું છે?’ મેં પૂછ્યું.

‘નાનું બાળક છે અને ખૂબ હાંફે છે’ એણે જવાબ આપ્યો. મેં એને મોકલવા માટે માથું હલાવીને સંમતિ આપી.

થોડીવારમાં જ એક માજી અને એક બહેન દોઢેક વરસના એક દીકરાને લઈને મારી ચેમ્બરમાં દાખલ થયાં. બંનેના કપડાં પરથી એમના ઘરની સ્થિતિનો તરતજ અંદાજ આવી જતો હતો. અનેક થીગડાંવાળાં કપડાં બતાવી જ આપતાં હતાં કે એમની પરિસ્થિતિ કેવી હશે. બાળકને પણ એવાં જ

ગાભામાં વીટાળ્યું હતું. મેં એમને મારી બાજુમાં બેસવાનો ઈશારો કર્યો. માજી એ દીકરાને લઈને મારી બાજુમાં બેસી ગયા.

'ક્યાં ગામથી આવો છો?' મેં પૂછ્યું.

'ગારિયાધારની બાજુનાં ગામડેથી' માજીએ જવાબ આપ્યો.

'બાળક કેટલા દિવસથી બીમાર છે?'

'ત્રણ દિવસથી. ત્રણ દિ' પહેલા એને ઉધરસ શરુ થઈ હતી અને ગઈકાલથી ઊભો શ્વાસ થઇ ગયો છે.' માજીએ કહ્યું.

મેં બાળકને ઓઢાડેલું કપડું હટાવ્યું. સાવ હાડપિંજર જેવું એ બાળક ધમણની માફક હાંફતું હતું. કુપોષણ અને ઘણાં બધાં વિટામીનની ખામીથી એ કૃશ શરીર કાળું મેશ જેવું બની ગયું હતું. આંખો અર્ધી ખુલ્લી હતી. એનું શરીર પણ ખાસ્સુ તપતું હતું. હાથપગના નખ ભૂરાં થઇ ગયા હતા. આ બધી બાબતો એને બંને ફેફસામાં ન્યુમોનિયા થયો હોવાની ચાડી ખાતી હતી.

'માજી! આને દાખલ કરવો પડશે. કદાચ એને શ્વાસના મશીનની જરૂર પણ પડે-(વેન્ટીલેટરની). એ સગવડ મારી પાસે નથી. તમે એક કામ કરો. ભાવનગરનાં સરકારી દવાખાને આને દાખલ કરી દ્યો. ત્યાં હવે આવી બધી સુવિધાઓ હોવાથી આ બાળકનાં બચી જવાની શક્યતા વધારે રહેશે.' મેં કહ્યું. ભાવનગર મેડિકલ કોલેજ બન્યા પછી અહીની સર તખ્તસિંહજી હોસ્પિટલમાં ખૂબ સારી સુવિધાઓ ઉપલબ્ધ થઇ ગઈ છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'પણ બાપા! અમે બે જ જણ આવ્યા છીએ. અમને તો એમ હતું કે દવા લઈને પાછા જતા રહીશું!' માજી બોલ્યા.

'નહી માડી! પાછા જવાય એવું નથી. બાળક ખૂબ સિરિયસ છે. ઘરે દવા થઇ શકે એવું નથી લાગતું. તમારે એને દાખલ તો કરવું જ પડશે.' મેં ભાર દઈને કહ્યું.

'પણ .. ! પણ...' માજી બે વખત 'પણ' બોલીને અટકી ગયા. એને શું કહેવું હતું એનો અંદાઝ લગાવતા હું બોલ્યો, 'માડી ! તમે કોઈ પણ જાતની ચિંતા કરતા નહી. આ સરકારી દવાખાનું છે. ગરીબ માણસોને સાવ મફતમાં સારામાં સારી સારવાર ત્યાં મળે છે. એટલે તમે ખર્ચની ચિંતા નહી કરતા.'

'પણ, અમે સાસુ-વહુ ત્રણસો રૂપિયા લઈને નીકળ્યા છીએ! એમાંથી ચોથા ભાગના ટિકિટમાં વયા ગ્યા. હવે અમારી પાસે માંડ બસોએક રૂપિયા

વધ્યાં છે. અમારે દવા કે એવું કાંઈક લાવવું પડશે તો?' માડીએ વાત કહી જ નાખી.

મને એમના ખચકાટનું કારણ શું હોઈ શકે એનો લગભગ અંદાજ તો હતો જ. મેં એમને પાંચસો રૂપિયા આપ્યા અને કહ્યું, 'માડી! અત્યારે તમે આ લઈને જાવ અને દાખલ થઇ જાવ. એક વાર દીકરાની સારવાર શરુ થઇ જાય પછી બીજું બધું જોયું જાશે.'

પરંતુ મારી નવાઈ વચ્ચે માજીએ એ લેવાની સાફ ના પાડી.

'કેમ માડી?' મેં કહ્યું, 'અત્યારે આ લઈને તમે જલદી જાવ અને આને દાખલ કરી દ્યો.'

પણ મારો હાથ પાછો ઠેલતાં માજી બોલ્યા, 'ના સાહેબ! અમે હમણાં બસટેંડે જઈને કો'ક ઓળખીતા ભેગું કે'વડાવશું એટલે ઘરે સમાચાર મળી જાશે. અને પછી આ છોકરાનો બાપ ગમે એમ કરીને પૈસાનું કરશે. પણ તમારા થોડા લેવાના હોય?'

'માડી!' મેં કહ્યું, 'અત્યારે એવો બધો સંકોચ છોડો. અને મારી વાત ધ્યાનથી સાંભળો. તમારે જતા વેંત મોંઘા ઇન્જેક્શન લાવવાના થયા તો? તમે કહેવડાવો અને છોકરાનો બાપ વ્યવસ્થા કરીને ભાવનગર આવે એટલી વારમાં તો મોડું ન થઇ જાય? એના કરતા આ પૈસા લેતા જાવ અને જલદી એને મોટા દવાખાનામાં દાખલ કરી દ્યો. અને હા! જો ત્યાં દાખલ થયા પછી પણ કોઈ દવા કે ઇન્જેક્શન લાવવા માટે પૈસાની જરૂર પડે તો મારી પાસેથી લઇ જજો. પણ હવે જલદી જાવ!' મેં એમને સમજાવવાની કોશિશ કરી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મારા આપેલાં પૈસા લેવાની એમની જરા પણ ઈચ્છા નહોતી. પરંતુ મારી સમજાવટની અસર હોય કે પછી બાળકની ગંભીર સ્થિતિ એ ગમે તે હોય પણ માજીએ વધારે રકઝક કરવાનું માંડી વાળ્યું અને બાળકને લઈને સાસુ-વહુ સરકારી દવાખાને જવા રવાના થયા.

એ વાતને ત્રણ દિવસ વીતી ગયા. ચોથા દિવસે બપોરે હું ઓપીડીના બાકી રહેલા છેલ્લા બાળદર્દીને તપાસી રહ્યો હતો. મેં મારા માણસને પૂછ્યું કે, 'બહાર કોઈ છે હવે?'

'હા સાહેબ! ત્રણ દિવસ પહેલા જે સિરિયસ છોકરાને મોટા દવાખાને મોકલ્યો હતો એના દાદીમાં બહાર બેઠા છે. મોકલું?'

મેં હા પાડી. રોજની દોડધામમાં અમે એ વાત ભૂલી પણ ગયા હતા.પછી હું વિચારમાં પડી ગયો. મને થયું કે. 'કદાચ પેલાં છોકરા માટે વધારે મદદની

જરૂર પડી હશે. નહીતર મોટાભાગે તો બીજાં દવાખાને મોકલેલાં દર્દીના સગા ભાગ્યેજ મળવા આવતા હોય છે.' હું આગળ કાંઈ વિચારું એ પહેલા જ પેલા માજી અંદર આવ્યા.

મેં માજીને બેસાડ્યાં. પછી પૂછ્યું, 'બોલો માડી! કેમ આવવું થયું?'

'આ પાંચસો રૂપિયા પાછા આપવા આવી છું, સાહેબ!' માજી બોલ્યા.

' પાછા આપવા? કેમ?' મને નવાઈ લાગી.

'હા સાહેબ! પાછા આપવા આવી છું.' માજીએ કહ્યું.

' પણ કેમ માડી?'

'સાહેબ! અમે મોટા દવાખાને ગયા પછી બે કલાકમાં જ દીકરો તો ગુજરી ગ્યો. ત્યાના દાક્તરે એકેય દવા બજારમાંથી નહોતી મંગાવી. દીકરો તો ઈ પહેલા જ પાછો થયો હતો. તે દિ' તો અમે મૈયત લઈને ઘરે વયા ગ્યા 'તા. આજ જીયારત પત્યા પછી હું આ પૈસા દેવા આવી છું.'

'પણ માડી, એ રાખવા હતા ને? ઘરમાં કામ આવત. એટલાક રૂપિયા માટે આટલો લાંબો ધક્કો થોડો ખવાય?' મેં કહ્યું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'નાં સાહેબ! ઈ તો હરામના કે'વાય. તમે તો દીકરાની દવા માટે આપ્યા'તા. દીકરો તો પાછો થયો. એના માટે એક ફદિયું પણ વપરાયું નહોતું. હવે ઈ પૈસા અમારે નો જ રખાય. તમે ઈ પાછા લઇ લ્યો.' માડીએ મારા ટેબલ પર પૈસા મૂક્યા.

હું નિ:શબ્દ બની ગયો. આજકાલ દરેક બાબતમાં કળિયુગ આવી ગયો છે એવું બોલાય છે, ઘણી વખત અનુભવાય પણ છે. પણ એ ક્ષણે હું જે જોઈ રહ્યો હતો એ થોડીક મિનિટો ચોક્કસપણે કહી શકાય કે કળિયુગની તો નહોતી જ! ધરતી માનવીઓનો ભાર કદાચ એમ જ ઝીલી નહી લેતી હોય. આવા લોકોના કારણે જ એ શક્ય બનતું હશે. ગામડામાં વસતો સાવ છેવાડાનો માણસ વ્યવહારમાં હજું આવો અણીશુદ્ધ રહી શક્યો છે ત્યાં સુધી આ દેશની ચડતી જ હોય એવો વિશ્વાસ મને આવી ગયો. મારા દેશના આવા કહેવાતા 'નાના' પરંતુ હકીકતમાં 'વિરાટ' માણસો માટે મારી છાતી એકાદ ગજ ફૂલી ગઈ. આપણા સમાજની ઇમારતનો ઉપરનો માળ ઘણો સડી ગયેલો લાગે છે, પણ એનો પાયો હજું મજબૂત છે એવી નક્કર હૈયાધારણ મળી ગઈ.

'માડી!' મેં માજીનાં હાથમાં પાંચસો રૂપિયા પાછા મૂકતા કહ્યું, 'આ પૈસા તમારે રાખવાના છે. તમારી ઈમાનદારીનાં છે. નહીતર આજના જમાનામાં

આમ કોઈ ગાંઠના પૈસા ખર્ચીને પાછા આપવા આવે ખરું? અને તમે વાપર્યા કે નહી એ હું ક્યાં જાણું છું કે ક્યાં પૂછવાનો હતો?'

'પણ ઉપરવાળો તો પૂછશે ને?' માજી બોલ્યા.

માડીનો જવાબ સંભાળીને હું ફરી એકવાર નિ:શબ્દ બની ગયો. મને થયું કે નીતિ-અનીતિની સાવ સ્પષ્ટ સમજણ જે આ અભણ માણસોમાં છે એ આ ભ્રષ્ટાચાર આચરતા ભણેલા ગણેલા લોકોમાં નહી હોય? કદાચ હશે તો પણ એ લોકો પોતાના અંદરના અવાજને દબાવી દેતા હશે.

મેં માંડ માંડ એ માજીને સમજાવ્યા. એ નહોતા જ માનતા. જયારે મેં કહ્યું કે ' માડી! એ પૈસા પેલો ગુજરી ગયો એ દીકરાના નામના છે, હું એ પાછા ન લઈ શકું. એટલે એની યાદમાં ક્યાંક વાપરજો' ત્યારે છેક એમણે એ સ્વીકાર્યા.

મારી સામે જોઈ, આંસુભરી આંખે અને હળવે પગલે મારી ચેમ્બરમાંથી એ માજી બહાર ગયા. એ વખતે એમની વળેલી કમર જોઇને મને થતું હતું કે ખરેખર, આ આખી ધરતીને ટકાવી રાખવાના ભારથી માણસની કમર આટલી તો વળી જ જાય! એ કાંઈ નાનો સૂનો ભાર થોડો છે?

***

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

14. ચમત્કાર ?!

શિયાળામાં બધી ધાતુઓની માફક દિવસ પણ સંકોચાઈને નાનો થઇ જાય છે. એ વખતે ક્યાંક ગયા હોઈએ ત્યારે રાત પહેલાં ઘરે પહોંચવાની ફિકરમાં થોડોક વધારો આપોઆપ થઇ જતો હોય છે. ઉનાળામાં તો દિવસ આથમ્યા પછી પણ ખાસ્સો વખત અજવાળું રહેતું હોય છે. પરંતુ શિયાળામાં દિવસ આથમે કે થોડી જ વારમાં તો અંધારું ઘોર થઇ જ ગયું હોય!

૧૯૯૫નાં એક શિયાળાની સાંજે હું આવી જ ચિંતા સાથે ભાવનગર તરફ આવી રહ્યો હતો. મારો મિત્ર ડૉ. મેહુલ ઠાકર બોરસદ ગામે રહે છે અને ખૂબ જાણીતો બાળરોગ નિષ્ણાત છે. થોડા થોડા સમયે અમે એક બીજાના ઘરે જતા આવતા હોઈએ છીએ. બોરસદ ભાવનગરથી લગભગ ૧૬૪ કિલોમીટર જેટલું દૂર છે. હું એ દિવસે એના ઘરેથી પાછો ભાવનગર આવી રહ્યો હતો. મારી પત્ની કૃતિકા અને એક વરસની દીકરી તર્જની મારી જોડે હતા. એ ઉપરાંત થોડીક રોકડ રકમ પણ જોડે હતી. એ વખતે આજના જેવો સરસ રસ્તો નહોતો. રોડનો ડામર જાણે કોઈ ખાઈ જતું હોય એમ રોડમાં કાયમ મસ મોટા ગાબડાં રહેતા. માંડ માંડ થોડી સ્પીડ પકડો ત્યાં જ ભમ્મ્મ કરતી ગાડી એકાદ ખાડામાં

પડી જ હોય. એના કારણે ગાડીઓમાં તૂટફૂટ પણ ખૂબ થતી. બોરસદ કે વડોદરાથી ભાવનગર આવવા નીકળીએ ત્યારે રોડના કામમાં ભ્રષ્ટાચાર કરનારની સાત પેઢીનું સત્યાનાશ જાય એવા હજારો શાપ એની મેળેજ દિલમાંથી નીકળી જતા. એક તો તૂટેલો રોડ (આમ તો એને રોડ કરતા ડામર છાંટેલો કેડો કહીએ તો પણ ચાલે), એકદમ સાંકડો અને એમાય સાંજનાં સમયે વડોદરા તરફ જતી લક્ઝરી બસો અને મોટા વાહનોનો સતત અને હેવી ટ્રાફિક એમની ફૂલ લાઈટોથી રાતના ડ્રાઈવીગને અત્યંત ભયજનક બનાવી દેતા.

હું એ દિવસે એવા જ અનુભવો કરતો બોરસદથી ભાવનગર આવી રહ્યો હતો. એ વખતે મારી પાસે મારુતિ ૮૦૦ ડીલક્ષ નામની કાર હતી. અમે પીપળી નામનું ગામ વટ્યા ત્યાં સુધીમાં જ સાંજ પડી ગઈ. પીપળીથી હજું તો બેચાર કિલોમીટર દૂર ભાવનગર તરફ આવ્યા હઈશું ત્યાજ અમે જોયું કે રોડની સાઇડમાં બે જૂથ લાકડીઓ અને ડંડાઓ લઈને મારા-મારી પર ઉતરી આવ્યા હતા. એકાદ જણનાં હાથમાં ધારિયું પણ હતું. રોડ અત્યંત ખરાબ હોવાથી હું બીજા ગિયરમાં ધીમે ધીમે કાર ચલાવી રહ્યો હતો. પરંતુ આ દૃશ્ય જોઇને મારા ધબકારા વધી ગયા. કારણકે જો એ લોકો આપણને જોઇ જાય તો કદાચ કાંઈક તકલીફ પણ થઇ શકે! મને બાળપણમાં વાંચેલી એક બોધકથા બરાબર યાદ હતી કે જે જગ્યાએ ઝઘડો ચાલતો હોય એ જગ્યાએ બને ત્યાં સુધી ક્યારેય ઊભા ન રહેવું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મેં કારને એક્સીલરેટર આપ્યું. રોડના ખાડાઓની ચિંતા કર્યાં વિના ગાડીને સેકન્ડમાંથી થર્ડ ગિયરમાં નાખી. હવે તો રોડની બરાબર બાજુમાંથી જ હોંકારા પડકારા સંભળાતા હતા. એજ વખતે કોઈકની ચીસ પણ સંભળાઈ. મારા શરીરમાં જાણેકે એડ્રીનાલિન નામના દ્રવ્યનો ધોધ વહેવા માંડ્યો. એકદમ ઝડપથી મેં થર્ડ ગિયરમાંથી કારને ફોર્થ (ચોથા) ગિયરમાં નાખી. અમે હજું પેલા ધીગાણાની જગ્યાથી બહુ દૂર નહોતા ગયા. પરંતુ મુશ્કેલી આવે ત્યારે ટાણું-કટાણું જોઇને થોડી આવે છે? એ વખતે પણ બરાબર એમ જ બન્યું.

જેવી મેં કારને થર્ડ ગિયરમાંથી ફોર્થ (ચોથા) ગિયરમાં નાખી એ ભેગો જ કારનો ક્લચ-વાયર તૂટી ગયો. એનું પેડલ લબડી ગયું. મારાથી 'ઓહ ગોડ! મરી ગયા!' એવું જોરથી બોલાઇ ગયું. મારી પત્ની કૃતિકાએ પૂછ્યું, 'શું થયું? કાંઈ તકલીફ ઊભી થઇ?'

'આપણી કારની ક્લચનો વાયર તૂટી ગયો!' મેં જવાબ આપ્યો.

'એટલે? કાર આગળ નહી ચાલે?' એણે સવાલ કર્યો.

'ક્લચ વગર કાર આગળ તો ચાલશે, પણ જો સામેથી કોઈ વાહન આવશે કે અન્ય કોઈ કારણસર આપણે કારને એક નિયત સ્પીડ કરતા ધીમી પાડીશું તો એ જરૂર અટકી જશે.' મેં ગભરાટ સાથે કહ્યું.

'તો હવે? આ તો સાવ નિર્જન રસ્તો છે. અહી આગળ કોઈ ગામમાં રીપેરીગની દુકાન નહી આવે?' કૃતિકાએ પૂછ્યું.

'નહી!' મેં કહ્યું, 'હવે તો છેક ભાવનગર પહોંચીએ ત્યારે જ આનું રીપેરીગ થઇ શકશે!'

'તો? એનો અર્થ એવો કે જો રસ્તામાં કાર બંધ થશે તો પછી ત્યાજ અટકી જવું પડશે?'

'હા! લગભગ તો એવું જ!' મેં જવાબ આપ્યો.

'તો પછી આપણે શું કરી શકીએ?' કૃતિકાએ પૂછ્યું.

'પ્રાર્થના!' મેં જવાબ વાળ્યો, 'એવી પ્રાર્થના કરીએ કે હવે ભાવનગર સુધી કોઈ વાહન સામે ન મળે!'

'તો ચાલોને! પ્રાર્થના કરીએ!' કૃતિકાએ કહ્યું. કૃતિકા મારી જેમ જ અત્યંત શ્રદ્ધાળુ છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અમે બંને જણે દિલથી પ્રાર્થના કરી કે, 'હે અંતર્યામી! તું ધ્યાન રાખજે! આખા રસ્તે કોઈ વાહન સામે ન મળે એ જોજે!'

બસ, એવી પ્રાર્થના કરતા કરતા હું ફોર્થ ગિયરમાં લગભગ ૪૦ કિલોમીટરની ઝડપે ગાડી ચલાવતો હતો. મનમાં ઊંડે ઊંડે જો કે હું જરાક આશંકિત હતો કે દોઢ કલાક જેવા સમય માટે ભાવનગર તેમજ અલંગ શીપ બ્રેકીગ યાર્ડ તરફથી કોઈ જ વાહન સામે ન મળે એ તો ન જ બને? એમાય તે આ તો પ્રાઈમ ટાઇમ હતો. આ સમયે તો હેવી વાહનોની ભરમાર જ હોય. પીપળી આવ્યું એ પહેલા જ મને એનો અનુભવ થઇ ચૂક્યો હતો. એટલે લોડેડ ટ્રક કે ફૂલ લાઈટે ચલાવાતી લક્ઝરી બસ સામે ન મળે એવી પ્રાર્થના કરવી એ મૂર્ખાઈ જેવું કે અતિશયોક્તિભર્યું હતું. છતાં જયારે કોઈ આશા ન દેખાતી હોય ત્યારે માણસ એકાદ તરણું જરૂર પકડે જ. એમ જ, બસ એજ રીતે અમે પણ પ્રાર્થના કરી રહ્યાં હતાં.

ભાવનગર હજું સાંઈઠેક કિલોમીટર દૂર હતું.

ઠંડી વધી રહી હતી. મનમાં ઉચાટ હતો. રસ્તો સાવ નિર્જન હતો. ચાલીસ કિલોમીટરની એકધારી સ્પીડે ચાલતી કર જો કાંઈ આડું ન આવે તો ઊભી રહે

તેમ નહોતી. પંદરેક કિલોમીટર એમ જ પસાર થઇ ગયા. મારો ઉચાટ થોડો ઓછો થયો. મને એવું લાગતું હતું કે કદાચ આમ ને આમ ભાવનગર પહોંચી પણ જવાય! હજું સુધી તો કોઈ વાહન અમને સામે મળ્યું નહોતું. મનમાં થોડીક શાંતિનો અનુભવ થઇ રહ્યો હતો. જાણેકે કોઈ કહેતું ન હોય કે, ‘ચિંતા ન કર દોસ્ત! પહોંચી જ જવાશે!’

ધોલેરા નામનું ગામ વટ્યાને હજું તો થોડી જ વાર થઇ હતી. અચાનક સામેથી કોઈ વાહનની લાઈટ દેખાઈ. મને ચિંતા થઇ આવી કે જો એ કોઈ લોડેડ ટ્રક હશે તો આવા તૂટેલા અને ખાડા-ખડીયાવાળા રસ્તા પર મારે જ કાર ધીમી પાડીને સાઇડમાં ઊભી રાખવી પડશે! મારા ધબકારા ફરીથી વધવા માંડ્યા. થોડીવાર પછી મને થોડુક આશ્ચર્ય થયું કે એ લાઈટ મારી તરફ નહોતી આવતી પરંતુ એની જગ્યાએ સ્થિર હતી. અમે ત્યાં પહોંચ્યા. જોયું તો એક ખટારો ઊભો હતો. ડ્રાઈવર તેમજ ક્લીનર કાંઈક તપાસી રહ્યા હતા. સામેથી કાંઈ નહોતું આવતું એટલે અમે એમજ સડસડાટ નીકળી ગયા. મારો જીવ હેઠે બેઠો.

ભાવનગર હવે લગભગ ૪૦ કિલોમીટર દૂર હતું. મારું મન સતત બોલતું હતું કે ઉપરવાળો કરે ને છેક ભાવનગર સુધી કોઈ જ વાહન સામે ન મળે! એ જ વખતે આગળ એક બસ જતી દેખાઈ. એની સ્પીડ મારાથી ઓછી હતી. મારી પાસે હવે બે જ વિકલ્પ હતા. કાંતો મારે એ બસને ઓવરટેક કરવી પડે અથવા તો મારી કારને ધીમી પાડવી પડે. આમાં બીજો વિકલ્પ અપનાવીને જો કારને ધીમી કરવા જાઉ તો એમ કરવા જતા મારી કાર બંધ પડી જવાની પૂરી શક્યતા હતી. એટલે એ તો પોસાય તેમ નહોતું. તો બીજી બાજુ રાતના સમયે એ રસ્તા ઉપર કરાતો ઓવરટેક કરવો પણ અત્યંત જોખમી બની જાય તેમ હતું. રસ્તાની સાઈડ પૂરી દેખાતી નહોતી. રસ્તો સાવ તૂટેલો હતો. તેમ છતાં બસને ઓવરટેક કર્યાં વિના છૂટકો જ નહોતો. મેં મારી કારને એની એ જ સ્પીડે ચાલવા દીધી અને બસની પાછળની જમણી તરફ લીધી. મને બીક હતી કે કદાચ ઓવરટેક નહી થાય તો કારને બ્રેક મારવી પડશે. પરંતુ આજે જાણે કે કુદરતે કસોટીની સાથોસાથ મદદ કરવાનું પણ નક્કી કર્યું હોય એવો કાંઈક ઘાટ બની રહ્યો હતો. કોઈક પેસેન્જરને ઉતરવાનું હશે એટલે બસ ડાબી સાઇડમાં જઈને ઊભી રહી ગઈ. બસ, બરાબર એજ વખતે અમે ઓવરટેક કરીને આગળ નીકળી ગયા!

મેં કારની સ્પીડ ૪૦થી વધારીને પચાસની કરી. જેથી જેટલા બની શકે એટલા ભાવનગરની નજીક પહોંચી શકાય. મનનો એક તાર વારંવાર પ્રાર્થનાના માધ્યમથી દુનિયાને ચલાવતી એક અદૃશ્ય શકિત સાથે જોડાઈ

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

રહ્યો હતો અને એને વિનવી રહ્યો હતો કે, 'પ્રભુ! જાળવી લેજે! જોજે હો, એકેય વાહન સામે ન મળે!'

ભાવનગર નજીક આવતું ગયું. હું એકધારી પચાસ કિલોમીટરની સ્પીડે કાર ચલાવી રહ્યો હતો. અત્યાર સુધી સામેથી એક પણ વાહન નહોતું મળ્યું એ વાત જ મને નવાઈ પમાડતી હતી અને ઈશ્વર પરની શ્રદ્ધા વધારતી હતી. રાતના આઠ વાગ્યે ભાવનગરથી આવતું કોઈ વાહન સામે ન મળે એવું તો બને જ નહી. પરંતુ એ દિવસે એ બની રહ્યું હતું. હું અને કૃતિકા હવે ખરેખર અચંબો પામી રહ્યા હતા. જો કે ઊંડે ઊંડે માનવસહજ એક શંકા પણ હતી કે શું ખરેખર ભાવનગર સુધી આ શક્ય બનશે ખરું? અને એ શંકા એટલા માટે હતી કે ભાવનગર શહેરમાં પહોંચતા પહેલા વડોદરાનો રોડ ભાવનગરથી રાજકોટ જતા રોડને મળે છે. અને એ રોડ પર તો હંમેશા દે-માર ટ્રાફિક રહેતો હોય છે. એટલે એ રોડ પર પહોંચતા જ મારે અટકી જવાનું હતું એની મને લગભગ ખાતરી જ હતી. જો કે એ પછી કોઈ પણ મદદ માટે માંડ અર્ધોએક કિલોમીટર જેટલું જ ચાલવું પડે એમ હતું અને એનાં માટે મારી પૂરી માનસિક તૈયારી હતી.

અમે ભાવનગર રાજકોટ રોડના જંકશનની નજીક પહોંચ્યા. અત્યાર સુધીમાં લગભગ દોઢેક કલાક જેટલા સમયમાં એક પણ વાહન અમને સામે નહોતું મળ્યું. મન હવે આનંદથી અને કોઇ અજાણી કૃપાના અનુભવથી ભરાઈ ગયું હતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

રાજકોટ ભાવનગર રોડ પર અમે વળ્યાં. નવાઈ તો એ વાતની લાગી કે એ દ્વિમાર્ગી રસ્તા પર પણ એકેય વાહને અમારો રસ્તો રોક્યો નહી. નતો મારે બ્રેક મારવી પડી કે ન તો આખા રસ્તે મારી કાર સાઇડમાં લેવી પડી. અમે ભાવનગરમાં પ્રવેશ્યાં. એ વખતે ભાવનગરમાં એ રોડથી દાખલ થતાંજ જકાતનાકું (ઓક્ટ્રોય પોઈન્ટ) આવતું હતું. ત્યાંથી લગભગ સોએક ફૂટ દૂર સ્ટેટ ટ્રાન્સપોર્ટની એક બસ ઊભી હતી. હવે ન છૂટકે મારે બ્રેક મારવી જ પડે એમ હતું. મેં કાર સાઇડમાં લીધી અને બ્રેક મારી. ક્લચનાં કંટ્રોલ વિનાની મારી કાર એક બે ઝટકા ખાઇને ઊભી રહી ગઈ.

હું કારમાંથી નીચે ઊતર્યો. બોનેટ ખોલ્યું. સોડિયમ લેમ્પવાળી સ્ટ્રીટલાઈટના પ્રકાશમાં તૂટેલો ક્લચ-વાયર દેખાતો હતો. પરંતુ કોઈ જાતના સાધન વિના એને જોડવો કેમ એની અવઢવ હું અનુભવતો હતો. મારું ઘર ત્યાંથી લગભગ છ કિલોમીટર દૂર હતું. કાર ત્યાં જ મૂકીને જતા રહીએ એવી હજું અમે વાત જ કરતા હતા ત્યાં એક માણસ દોડતો આવ્યો. મારી ગાડીના ખુલ્લા બોનેટ સામે નજર નાખતાં બોલ્યો, 'વીજળીવાળા સાહેબ કે નહી?'

મેં માથું હલાવીને હા પાડી.

‘ સાહેબ! ગાડીમાં કાંઈ ખરાબી થઇ છે? આ બાજુમાં જ મારું કાર રીપેરીગનું ગેરેજ છે. બોલો, શું તકલીફ ઊભી થઇ છે? અને સાહેબ! તમે મને નહી ઓળખતા હો, પણ મારો દીકરો તમારો જ પેશન્ટ છે!’

‘ભાઈ! ક્લચ વાયર તૂટી ગયો છે!’ મેં કહ્યું. હું આગળ કાંઈ બોલું એ પહેલા તો એણે એના માણસને બોલાવી લીધો. બંનેએ થઈને દસેક મિનિટમાં તો ક્લચ-વાયર ફરીથી બાંધી દીધો, મજુરી લેવાની પણ નાં પાડી. મેં ખૂબ આગ્રહ કર્યો ત્યારે માંડ વીસ રૂપિયા લીધાં. એનો આભાર માનીને અમે ઘર તરફ જવા રવાના થયા.

ઘરે પહોંચ્યા ત્યાં સુધીમાં હું અને કૃતિકા કાંઈ કેટલીયે વખત એ દિવસના ચમત્કાર માટે ઉપરવાળાનો આભાર માની ચૂક્યા હતા. એ આખા રસ્તે અમને એકેય વાહન સામે ન મળ્યું એ વાત જ અમારાં મનમાં નહોતી ઊતરતી. એ ઉપરાંત કાર પણ ઊભી એવી જગ્યાએ આવીને રહી જ્યાં એને રીપેર કરવાવાળો જાણકાર પહેલેથી જ હાજર હતો!

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ઘરમાં દાખલ થયા પછી એક વરસની મારી દીકરીને તેડીને કારમાંથી ઉતારતા મારાથી બોલાઈ ગયું કે, ‘વાહ માલિક! અમારી ગાડી સામે તે એકેય વાહન તો ન આવવા દીધું, પરંતુ કાર ઊભી પણ ક્યાં રખાવી? બરાબર કારના ગેરેજની સામે જ! તારો ખૂબ ખૂબ આભાર!’

બસ, એનાથી વધારે એ વખતે બોલવાના શબ્દો જ નહોતા મારી પાસે. અને કદાચ શબ્દો હોત તો પણ ડૂમો બાઝી ગયેલા ગળે હું બોલત શી રીતે? આવા ચમત્કારના સાક્ષી બન્યા પછી શબ્દોમાં એને મૂલવવો એ તો ખરેખર અશક્ય જ હતું. અમે ચૂપચાપ ઘરમાં દાખલ થઇ ગયા. બારણું બંધ કરતા પહેલા મેં એકવાર આકાશ સામે જોઈ લીધું. મને એ રાત્રે તારાઓ થોડાંક વધારે પ્રકાશિત લાગતા હતા. અંધારી રાત હતી, પણ ખબર નહી કેમ, મને બધું જ પ્રકાશિત હોય એવું જ લાગતું હતું. એકદમ સાફ, એકદમ ચોખ્ખું!

**

(આ બધું કદાચ યોગાનુયોગ જ હશે. આપણને એમાં કાંઈ ચમત્કાર જેવું ન પણ લાગે. પરંતુ અવાવરું રસ્તો, સાથે નાની દીકરી તેમજ મારી પત્ની કૃતિકાનું હોવું - એ બધાને લીધે મને આ સાવ સાદો પ્રસંગ પણ ચમત્કાર જેવો લાગ્યો હશે. હું એ પછી પણ ઢગલાબંધ વખત બોરસદ તેમજ વડોદરા ગયો છું પણ, હા! એક પણ વાહન સામે ન મળ્યું હોય એવું તો એ પછી ક્યારેય બન્યું નથી! ક્યારેય નહી!)

***

---

[1] ઊંદરી એટલે ફૂગથી થતો એક રોગ જેમાં વાળ જતા રહે અને માથામાં પાક પણ થઇ શકે છે.

[2] ભારો એટલે લાકડા એકઠા કરીને બનાવેલી ગઠરી. જેને સીદરીથી/દોરડાથી બાંધીને માથે મૂકીને લઈ જઈ શકાય.

[3] એમ. ઓ. એટલે મેડિકલ ઓફિસર

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1